દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 100 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ સુદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 April 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૨૯ એપ્રિલ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં કેસરિયો

## સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓમાં ભાજપનો સપાટો ▸ ૧૫ મનપા પર ભગવો ▸ કૉંગ્રેસ-આપની પિપૂડી ન વાગી ▸ ગામડાઓમાં પણ ભાજપનું એકચક્રી શાસન




(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આવતા વર્ષ ૨૦૨૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપે ચોમેરથી ભવ્ય જીત મેળવી છે. રાજ્યની ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની કુલ ૧૦,૦૦૫ બેઠક પર ૨૬,૧૯૬ ઉમેદવારનાં ચૂંટણી પરિણામો જાહેર થઈ રહ્યાં હતાં. આ બેઠકોમાંથી ૭૨૪ આસપાસ બેઠક ચૂંટણી પહેલા જ બિનહરીફ જાહેર થઈ હતી. બાકીની બેઠકો પર ૨૬મી એપ્રિલે મતદાન થયું હતું. કૉંગ્રેસ કે આપ ચૂંટણીઓમાં ઠીક-ઠીક દેખાવ કરવામાં નિષ્ફળ ગયા હતા.

મંગળવારે જાહેર થયેલાં પરિણામોમાં તમામ ૧૫ મહાનગરપાલિકામાં ભાજપનો વિજય થયો હતો. ગાંધીધામ, રાજકોટ, મોરબી, જામનગર, પોરબંદર, ભાવનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, મહેસાણા વડોદરા, સુરત, આણંદ, નડિયાદ, નવસારી અને વાપીમાં (જુઓ પાનું ૨) ▸▸

*સુશાસનના રાજકારણ અને રાજ્ય સરકારની બહુ જ સારી કામગીરી બદલ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પ્રજાએ ભાજપની તરફેણમાં મતદાન કર્યું છે. ગુજરાતને વિકાસનાં નવાં શિખરોએ લઈ જવા માટે આવનારા સમયમાં પક્ષ વધુ મહેનત કરશે.*

**- વડા પ્રધાન નરેન્દ્ર મોદી**

## ઑઈલ ઉત્પાદક દેશોને ફટકોઃ ઑપેકમાંથી યુએઈ આઉટ

દુબઈઃ સંયુક્ત આરબ અમીરાતે (યુએઇ) મંગળવારે તેલ ઉત્પાદક દેશોના સમૂહ ઓપેક અને ઓપેક પ્લસમાંથી બહાર નીકળવાની જાહેરાત કરી હતી. આ નિર્ણયથી તેલની નિકાસ કરતા જૂથ અને તેના વાસ્તવિક નેતા સઉદી અરેબિયાને મોટો ફટકો પડ્યો છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ઇરાન યુદ્ધે ઐતિહાસિક ઊર્જા સંકટ ઉભું કર્યું છે અને વૈશ્વિક અર્થતંત્રને અસ્થિર બનાવ્યું છે.

યુએઇના ઊર્જા પ્રધાને જણાવ્યું હતું કે ઊર્જા ક્ષેત્ર, પેટ્રોલિયમ ક્ષેત્ર અને અન્ય રણનીતિઓની કાળજીપૂર્વક સમીક્ષા કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. યુએઇ લાંબા સમયથી ઓપેક અને ઓપેક પ્લસનું સભ્ય છે. પરંતુ ભવિષ્યમાં વિશ્વને વધુ ઊર્જાની જરૂર પડશે અને માગ વધશે. તેમણે કહ્યું કે યુએઇને લાગે છે કે આ નીતિગત નિર્ણય લેવાનો આ યોગ્ય સમય છે. એક નિવેદનમાં યુએઇના ઊર્જા પ્રધાન સુહેલ (જુઓ પાનું ૨) ▸▸

## મુંબઈમાં ૧૫ મેથી ૧૦% પાણીકાપ

મુંબઈ : ભારતમાં અલ નીનોની અસરથી ઓછો વરસાદ થવાની શક્યતા છે. નાગરિકો પર એની અત્યારથી અસર થઇ રહી છે. મુંબઈ સહિત ઘણા શહેરોમાં તળાવો અને બંધોમાં પાણીનું સ્તર નોંધપાત્ર રીતે ઘટી રહ્યું હોવાથી પાલિકાએ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

બીએમસી કમિશનર અશ્વિની ભીડેએ ૧૫ મેથી ૧૦ ટકા પાણીકાપનો નિર્ણય લીધો છે. બીએમસી હાલમાં રાજ્ય સરકારને ભાતસા અને વૈતરણા ડેમમાં વધારાનો પાણી સંગ્રહ પૂરો પાડવા વિનંતી કરી રહી છે. હાલમાં, સાતેય ડેમમાં ૨૮ ટકા અથવા લગભગ ૪.૧૬ લાખ મિલ્યન લિટર પાણી પુરવઠો બાકી છે. જે છઠ્ઠી જુલાઈ સુધી ચાલવાની ધારણા છે. સમગ્ર મુંબઈ શહેરની (જુઓ પાનું ૨) ▸▸

## રશિયાથી એસ-૪૦૦ ઍર ડિફેન્સ સિસ્ટમ મેમાં આવે છે

નવી દિલ્હીઃ ઓપરેશન સિંદૂરની વર્ષગાંઠની પૂર્વસંધ્યાએ, ચોથી રશિયન એસ-૪૦૦ હવાઈ સંરક્ષણ પ્રણાલી ભારત આવી રહી છે અને મેના મધ્ય સુધીમાં ભારતીય બંદર પર પ્રાપ્ત થવાની અપેક્ષા છે. પાંચમી એસ -૪૦૦ સિસ્ટમ, જેણે ઓપરેશન સિંદૂર દરમિયાન પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું, તે આ વર્ષે નવેમ્બરમાં ભારત મોકલવામાં આવે તેવી અપેક્ષા છે.

મોદી સરકારે પહેલાથી જ પાંચ વધુ એસ-૪૦૦ સિસ્ટમના સંપાદન માટે લીલી ઝંડી આપી દીધી છે, જે પાકિસ્તાનમાં સિંધુ નદીની પૂર્વમાં કોઈપણ હવાઈ લક્ષ્યને ૪૦૦ કિલોમીટર સુધી લક્ષ્ય રેન્જ સાથે નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય વાયુસેનાના અધિકારીઓ (જુઓ પાનું ૨) ▸▸

## બંગાળમાં ટીએમસીના ગઢ એવી ૧૪૨ બેઠક પર આજે છે મતદાન

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કામાં મતદારો બુધવારે જ્યારે મતદાન કરશે ત્યારે તેઓ માત્ર ૧૪૨ વિધાનસભ્યોને જ નહીં ચૂંટે પરંતુ ટીએમસી દક્ષિણનો તેનો ગઢ જાળવી શકશે કે પછી ભાજપ તેનાં ગઢમાં ગાબડું પાડશે તે પણ નક્કી કરશે. આ ઉપરાંતપહેલા તબક્કાના ૯૩ ટકા મતદાનનો વિક્રમ આજે તૂટશે કે નહીં એ પણ નક્કી થશે.

૨૩ એપ્રિલે થયેલા પ્રથમ તબક્કાના મતદાને ભાજપ ઉત્તર બંગાળ અને આસપાસના જિલ્લામાં તેની પરંપરાગત મત બૅન્ક જાળવી રાખવામાં સફળ (જુઓ પાનું ૨) ▸▸

## ઈરાનની દરખાસ્ત અમેરિકાને અમાન્ય?

દુબઈઃ ઇરાને યુદ્ધવિરામ માટે અમેરિકા સમક્ષ રજૂ કરેલી દરખાસ્ત ટ્રમ્પ વહીવટીતંત્રને અસ્વીકાર્ય હોવાનું હાલમાં જણાય છે. દરમિયાન, તહેરાનનું રશિયા-તરફી વલણ વધી રહ્યું છે અને અમેરિકા સામે લડવા મોસ્કોની સાથે મિત્રતા વધારી રહ્યું છે.

ઇરાને રજૂ કરેલી દરખાસ્તમાં જણાવ્યું હતું કે અમેરિકા જો ઇરાન પર લાદેલા બધા પ્રતિબંધ ઉઠાવી લે, તો તહેરાન હોર્મુઝ સામુદ્રધુની વેપારી (જુઓ પાનું ૨) ▸▸

## દેશની ઍરલાઇન્સને તાળાં મારવાં પડશેઃ સરકારને પત્ર

નવી દિલ્હીઃ ફેડરેશન ઑફ ઇન્ડિયન ઍરલાઇન્સ (એફઆઇએ)એ દેશના મુલકી ઉડ્ડયન મંત્રાલયને સુપરત કરેલા પત્રમાં જણાવ્યું હતું કે દેશની ઍરલાઇન્સ ઇન્ડસ્ટ્રી 'બંધ' થવાને આરે છે. ઍવિયેશન ટર્બાઇન ફ્યુઅલ (વિમાનના ઈંધણ)ના વધેલા ભાવથી દેશની ઍરલાઇન્સ પર આર્થિક બોજો ઘણો વધી ગયો છે. તેણે પત્રમાં લખ્યું હતું કે અખાતના યુદ્ધને કારણે વિમાનના ઈંધણના ભાવમાં ઘણો જ વધારો થયો છે અને તેને લીધે પડેલા વધારાના આર્થિક બોજને કારણે દેશની અનેક ઍરલાઇન્સે પોતાનાં વિમાનોના ઉડ્ડયન બંધ કરવા પડે એવી પરિસ્થિતિ ઊભી થઇ છે.

ફેડરેશન ઑફ ઇન્ડિયન ઍરલાઇન્સે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ માટેના ઍવિયેશન ટર્બાઇન ફ્યુઅલના ભાવમાં લિટર-દીઠ રૂપિયા ૭૩ જેટલો વધારો થયો હોવાથી આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ (જુઓ પાનું ૨) ▸▸



મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગુજરાતમાં ભાજપને હરાવવાની કૉંગ્રેસ-આપમાં ત્રેવડ નથી

**ગુજરાતમાં** સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીનાં પરિણામ આવી ગયાં અને ધારણા પ્રમાણે જ ભાજપનું રોલર ફરી વળ્યું છે. રાજ્યની તમામ ૧૫ મહાનગરપાલિકાઓમાં ભાજપનો ભગવો ફરક્યો છે જ્યારે ૮૪ નગરપાલિકામાંથી મોટા ભાગની નગરપાલિકામાં ભાજપે જીત મેળવી છે. તમામ ૩૪ જિલ્લા પંચાયતો પણ ભાજપે કબજે કરી છે જ્યારે ૨૬૦ તાલુકા પંચાયતોમાંથી ૨૫૦થી વધુ પંચાયતો ભાજપે કબજે કરી છે. ૧૧ નગરપાલિકાઓની ખાલી પડેલી ૧૩ બેઠકની પેટાચૂંટણીમાં પણ ભાજપે સપાટો બોલાવીને બધી બેઠકો જીતી લીધી છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ભાજપ જ્યાં જીત્યો છે એમાંથી મોટા ભાગની સંસ્થાઓમાં બે તૃતિયાંશ બહુમતીથી જીત્યો છે ને વિપક્ષોનાં સૂપડાં સાફ કરી દીધાં છે એ જોતાં ભાજપની આ જીત ભવ્ય છે.

ગુજરાતમાં ભાજપની જીત પહેલેથી સામી ભીંતે લખાઈ ગયેલી તેથી કોઈને શંકા નહોતી ને ચર્ચા પણ નહોતી પણ કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીનું શું થાય છે એ જાણવામાં સૌને રસ હતો. કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી બંને માટે આ પરિણામો અત્યંત નિરાશાજનક છે. આ પરિણામોએ સાબિત કર્યું છે કે, આપ કે કૉંગ્રેસ બંનેમાંથી કોઈમાં ગુજરાતમાં ભાજપ સામે ટક્કર લેવાની ત્રેવડ નથી. ગુજરાતમાં આવતા વરસે નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી છે. એ પહેલાં આખા રાજ્યમાં મોટા ભાગના મતદારો મતદાન કરે એવી આ છેલ્લી ચૂંટણી હતી તેથી આપ અને કૉંગ્રેસ બંને માટે પોતાની તાકાતનો ભાજપને પરચો આપવાની મોટી તક હતી પણ બંને ફુસ્સ થઈ ગયા છે.

ગુજરાતમાં કૉંગ્રેસ હજુય મુખ્ય વિરોધ પક્ષ છે પણ તેનો દેખાવ મુખ્ય વિરોધ પક્ષ કહેવડાવવાને જરાય લાયક નથી. શહેરી વિસ્તારોમાં તો કૉંગ્રેસનું વર્ચસ્વ નથી એ વરસોથી સાબિત થયેલું જ છે પણ આ પરિણામોએ કૉંગ્રેસ ગ્રામીણ વિસ્તારોમાં પણ પકડ ગુમાવી રહી હોવાનું સાબિત કર્યું છે. રાજ્યની ૧૫ મહાનગરપાલિકામાંથી એક પણ મહાનગરપાલિકામાં કૉંગ્રેસે એવો દેખાવ કર્યો નથી કે જેના કારણે કૉંગ્રેસી કાર્યકરોને પણ ધરવ થાય. રાજકટમાં ડીમોલિશન કરાયેલું એ જંગલેશ્વરમાં કૉંગ્રેસની આખી પેનલ જીતી કે અમદાવાદના બહેરામપુરામાં કૉંગ્રેસની આખી પેનલ જીતી એવા અપવાદરૂપ ચમકારાઓને બાદ કરતાં બીજે બધે કૉંગ્રેસનું રામ બોલો ભાઈ રામ થઈ ગયું છે.

જિલ્લા પંચાયતોમાં વડોદરા, અરવલ્લી બનાસકાંઠા, ભરૂચ સહિતની કેટલીક જિલ્લા પંચાયતોમાં કૉંગ્રેસે બેઠકો જીતી પણ એટલો સારો દેખાવ પણ કર્યો નથી કે સત્તા હાંસલ કરી શકાય. નગરપાલિકાઓમાં તો કૉંગ્રેસ પાસેથી સારા દેખાવની આશા નહોતી જ તેથી કૉંગ્રેસ ક્યાંય ના જીતી તેનું આશ્ચર્ય નથી પણ તાલુકા પંચાયતોમાં કૉંગ્રેસ સારો દેખાવ કરશે એવું લાગતું હતું પણ ત્યાંય શક્કરવાર આવ્યો નથી. આદિવાસી વિસ્તારોમાં કૉંગ્રેસ જિલ્લા અને તાલુકા પંચાયતોમાં સારો દેખાવ કરશે એવો ઘણાંને ભરોસો હતો પણ આ ભરોસાની ભેંસે પણ પાડો જણ્યો છે. એકંદરે કૉંગ્રેસનું રાજકીય અસ્તિત્વ ખતરામાં છે એવો સ્પષ્ટ સંકેત આ પરિણામો આપે છે.

આમ આદમી પાર્ટી માટે આ ચૂંટણી પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતી. ગુજરાતમાં આપ બહુ જલદી કૉંગ્રેસને હટાવીને મુખ્ય વિપક્ષનું સ્થાન લઈ લેશે એવી આગાહીઓ થાય છે પણ કમ સે કમ આ ચૂંટણીમાં તો આ આગાહી સાચી નથી પડી. આમ આદમી પાર્ટીએ ૨૦૨૧ની ચૂંટણીમાં સુરતમાં જોરદાર દેખાવ કરીને ૨૭ બેઠક જીતેલી ને કૉંગ્રેસનાં સૂપડાં સાફ કરી નાખેલાં. આપ એ ઈતિહાસ દોહરાવી શકી નથી ને સુરતમાં સાફ થઈ ગઈ. બીજી મહાનગરપાલિકામાં તો આપ ક્યાંય ચિત્રમાં જ નથી. સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીએ ઘણે ઠેકાણે ચમકારા બતાવ્યા છે પણ આ ચમકારા મોટા ભાગે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાનું વર્ચસ્વ છે એવા વિસ્તારોમાં જ છે. આમ આદમી પાર્ટીએ બગસરા અને ચિકદા એ બે તાલુકા પંચાયત કબજે કરી પણ તેનું કારણ ગોપાલ ઈટાલિયા અને ચૈતર વસાવાનું વર્ચસ્વ છે. પક્ષ તરીકે આપ કોઈ છાપ છોડી શક્યો નથી.

આમ આદમી પાર્ટીના નેતાઓએ લેવું હોય તો એટલું આશ્વાસન લઈ શકાય કે, આપ સાથે ગદ્દારી કરીને ગયેલા ઘણા નેતાઓને લોકોએ લાત મારીને તગેડી મૂક્યા છે. વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના જે પાંચ મુરતિયા જીતેલા તેમાં એક ભૂપત ભાયાણી હતા. ભાયાણી વિસાવદર બેઠક પરથી જીતેલા પણ પછી રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ગયેલા. વિસાવદર બેઠકની પેટાચૂંટણીમાં ભવ્ય જીત મેળવીને ગોપાલ ઈટાલિયાએ ભાજપનું નાક વાઢી લીધેલું. ભાજપે ભાયાણીને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ટિકિટ આપેલી પણ ભાયાણી ભૂંડી રીતે હારી ગયા છે. વિધાનસભાની બેઠક પર ૧૭૦૦ મત જીતો તો સારી લીડ કહેવાય ત્યારે ભાયાણી જિલ્લા પંચાયતની બેઠક પર ૧૭૦૦ મતે હાર્યા છે એ જોતાં લોકોને કેવા અળખામણા લાગ્યા હશે તેની કલ્પના કરી જુઓ. ભાયાણી માટે તો ઘા પર મીઠું ભભરાવ્યા જેવી વાત એ છે કે અલબત્ત ભાયાણી જેવી જ હાલત ખેડૂત આગેવાન રાજુ કરપડાની ના થઈ તેનો આમ આદમી પાર્ટીને અફસોસ પણ હશે. ખેડૂતોની સમસ્યાઓના મુદ્દે હોહા કરીને છવાઈ ગયેલા કરપડાને ભાજપ સરકારે જેલભેગા કરી દીધેલા. જેલમાંથી બહાર આવવા કરપડાએ ભાજપ સાથે સોદાબાજી કરીને આપને રામ રામ કર્યા પછી ગોપાલ ઈટાલિયા સામે બેફામ આક્ષેપો કરેલા. ભાજપે કરપડાને સુરેન્દ્રનગરની મૂળી બેઠક પરથી ટિકિટ આપેલી ને કરપડા જીતી ગયા છે. પહેલાં કરપડા હારી ગયાના સમાચાર આવેલા પણ એ પડીકું સાબિત થતાં આપનો આનંદ ઓસરી ગયો.

અસદુદ્દીન ઓવૈસીની એઆઈએમઆઈએએ છેલ્લી સ્થાનિક ચૂંટણીમાં જ ગુજરાતમાં એન્ટ્રી કરીને અમદાવાદ મહાનગરપાલિકામાં સાત બેઠક જીતેલી. આ વખતે પાર્ટીએ પોતાનો પ્રભાવ વિસ્તારીને ભુજ, પાટણ વગેરે શહેરોમાં પણ બેઠકો જીતી છે. તેનો અર્થ એ થયો કે, ગુજરાતના મુસ્લિમોમાં ઓવૈસીની પાર્ટીની લોકપ્રિયતા વધી રહી છે. સ્થાનિક ચૂંટણીમાં જીતનો આધાર ઉમેદવાર પર પણ હોય છે ને જીતી શકે એવા ઉમેદવારો ઓવૈસીની પાર્ટી તરફ વળી રહ્યા છે એ કૉંગ્રેસ માટે સારી નિશાની નથી. ગુજરાતમાં ભાજપે ૧૯૯૦ના દાયકાથી ખીલા ઠોકેલા છે અને અપવાદરૂપ બે ચૂંટણીને બાદ કરતાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ ભાજપ જ જીત્યો છે. આ પરિણામોએ સાબિત કર્યું છે કે, ગુજરાતમાં ભાજપને હરાવવો બહુ મુશ્કેલ છે અને કમ સે કમ એક દાયકા લગી તો તેને કોઈ હલાવી શકે તેમ નથી. ભાજપની આ મજબૂતાઈમાં વિપક્ષોનું યોગદાન છે જ કેમ કે વિપક્ષો સ્થાનિક સમસ્યાઓને અસરકારક રીતે નથી ઉઠાવી શકતા પણ તેના કારણે ભાજપની જીતનું મૂલ્ય ઘટતું નથી. ભાજપની વરસોની મહેનત અને હિંદુવાદી પક્ષ તરીકેની છાપના કારણે ગુજરાતમાં તેની વફાદાર મતબેંક છે ને એ જ તેને જીતાડે છે એ વાત ફરી સાબિત થઈ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, બુધવાર, તા. ૨૯-૪-૨૦૨૬

- ભારતીય દિનાંક ૯, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ સુદ -૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૦મો આવા, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૩મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર હસ્ત મધ્યરાત્રે ક. ૨૪-૧૫ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૦, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૦-૫૯, રાત્રે ક. ૨૨-૪૭
- ઓટઃ સાંજે ક. ૧૬-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૬ (તા. ૩૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ – ત્રયોદશી. પ્રદોષ, બુધ મેષમાં ક. ૩૦-૫૧.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ખાત મુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, સંતાન અને ઐશ્વર્યની પ્રાપ્તિ માટે શિવપૂજા કરવી, વિશેષરૂપે ચંદ્ર-બુધ, સૂર્યદેવતાનું પૂજન, પરદેશનું પસ્તાનું, નવા વસ્ત્ર, આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, હજામત, અન્નપ્રાશન, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, બાળકનું નામકરણ, અન્નપ્રાશન, દેવદર્શન, પશુ લે-વેંચ. શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ શુક્ર-રાહુ ચતુષ્કોણ મર્યાદિત લાગણીવાળા, ચંદ્ર-શનિ પ્રતિયુતિ બહુ પહોંચેલા, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ કજિયાખોર, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ સટ્ટો કરવાનો સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ (તા. ૩૦)
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન (મંગળ દેખાશે), માર્ગી બુધ-મીન (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, (શુક્ર પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ-મીન (શનિ દેખાશે), રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સલીમ ડોલાને ભારત લાવવા બદલ એનસીબીને બિરદાવ્યું અમિત શાહે

નવી દિલ્હીઃ ડ્રગ્સની હેરાફેરી કરનાર કુખ્યાત મોહંમદ સલીમ ડોલાને તૂર્કીથી સ્વદેશ પાછો લાવવામાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોને મળેલી સફળતાને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બિરદાવી હતી.

માર્ચ ૨૦૨૪માં ભારતની વિનંતચીને પગલે ઈન્ટરપોલ દ્વારા જારી કરવામાં આવેલી રેડ કોર્નર નોટિસને આધારે ૫૯ વર્ષના ડોલાની તૂર્કીથી ધરપકડ કરવામાં આવી હતી. ભારતમાં ડ્રગ્સની હેરાફેરી સંબંધિત અનેક કેસમાં તે વૉન્ટેડ હતો અને ઘણા સમયથી તે નાસતોફરતો હતો.

નાર્કો સિન્ડિકેટ વિરુદ્ધ ઝીરો ટોલરન્સની નીતિ દેશે અપનાવી હોવાનું જણાવતાં શાહે સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં જણાવ્યું હતું કે ડ્રગ કાર્ટલને નિર્દયતાપૂર્વક કચડી નાખવાનું મોદી સરકારનું મિશન છે.

દેશની ઍન્ટિ-નાર્કોટિક્સ એજન્સીએ વૈશ્વિક નૅટવર્ક મારફતે ડ્રગ સિન્ડિકેટને કચડી નાખવા સરહદી વિસ્તાર સુધી પોતાનાં પંજા લંબાવ્યા છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે તેઓ ગમે ત્યાં સંતાય હવે ડ્રગ માફિયાઓ માટે કોઈ જગ્યા સુરક્ષિત નથી.

'ઑપરેશન ગ્લોબલ હન્ટ' અંતર્ગત ડોલાને તૂર્કીથી ભારત લાવવામાં આવ્યો હતો. દિલ્હીના ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર આવી પહોંચેલા ડોલાની મંગળવારે સવારે એનસીબી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. (એજન્સી)

## ઈશાન ભારતના 'અષ્ટલક્ષ્મી'ની પ્રગતિ માટે સરકાર કટિબદ્ધઃ મોદી

ગેંગટોકઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં મંગળવારે જણાવ્યું હતું કે અમારી સરકાર ઇશાન ભારતના 'અષ્ટલક્ષ્મી' (આઠ રાજ્ય)ની ઝડપી પ્રગતિ, સમૃદ્ધિ અને કલ્યાણ માટે કટિબદ્ધ છે.

મોદીએ જણાવ્યું હતું કે અમારી સરકાર સિક્કિમમાં પર્યટકો વધે અને તેના દ્વારા રાજ્યની આર્થિક પ્રગતિ થાય, તે માટે આ રાજ્યને દેશના અન્ય ભાગોની સાથે રસ્તા, રેલવે અને વિમાન-માર્ગે જોડી રહી છે.

વડા પ્રધાને સિક્કિમને રાજ્યનો દરજ્જો મળ્યો તેના પચાસ વર્ષની ઉજવણીના ભાગરૂપે અહીંના પાલજોર સ્ટેડિયમ ખાતે યોજાયેલા કાર્યક્રમને ૩૫ મિનિટ સંબોધતા જણાવ્યું હતું કે અમારી સરકાર સિક્કિમ અને પશ્ચિમ બંગાળના બાગડોગરાને જોડતા એક્સપ્રેસવેનું નિર્માણ કરાવી રહી છે. આ ઉપરાંત, સિક્કિમના આંતરિક માળખાનો ઝડપી વિકાસ કરાઇ રહ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે સિક્કિમમાં રૉપવે અને સ્કાઇવે પ્રૉજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. ગેંગટોકમાં રિંગ રોડ પણ તૈયાર થઇ રહ્યો છે. નાથુલામાં એક્સપ્રેસ તૈયાર કરાઇ રહ્યો છે. તેને લીધે રાજ્યમાં આવતા પર્યટકોની સંખ્યા વધશે અને રાજ્યની આર્થિક પ્રગતિ થશે. અમારી સરકાર 'ઍક્ટ ઇસ્ટ, ઍક્ટ ફાસ્ટ' માટે કટિબદ્ધ છે.

મોદીએ જણાવ્યું હતું કે સિક્કિમમાં કુદરતી સૌંદર્યનો ખજાનો છે અને સંસ્કૃતિ સમૃદ્ધ છે. અહીંની હવા, પાણી અને રસ્તા સ્વચ્છ છે તેમ જ શાંતિ, આધ્યાત્મિક વાતાવરણ હોવાથી લોકો સ્વસ્થ રહે છે. અહીંના લોકો કુદરતની જાળવણી માટેના ખરા બ્રાન્ડ-એમ્બેસેડર છે. અહીં સેન્દ્રિય ખેતીનો પણ ઝડપી વિકાસ થયો છે. સિક્કિમમાં પર્યાવરણ અને કુદરતને લગતા પર્યટનને વિકસાવવાની ઘણી તક રહેલી છે. સરકાર સિક્કિમમાં પર્યટનને પ્રોત્સાહન આપવા માટે હૉમસ્ટે માટે ૧,૦૦૦ ઘરનું નિર્માણ પણ કરી રહી છે. (એજન્સી)

## ટૅરિફ-બંધીનો તોડ ટ્રમ્પે કાઢ્યો, નવો ટૅક્સ લાવશે

વૉશિંગ્ટન : અમેરિકાની સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરી મહિનામાં અમેરિકા તરફથી અલગ અલગ દેશો પર લાદવામાં આવેલા ટૅરિફને સમાપ્ત કરતા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તેના સ્થાન પર અસ્થાયી રીતે આયાત ટેક્સ લાગુ કર્યો હતો પરંતુ આ અસ્થાયી ટેક્સ ત્રણ મહિનાથી પણ ઓછા સમયમાં સમાપ્ત થઈ જશે. હવે ટ્રમ્પ સરકાર અમેરિકાના ટ્રેઝરીમાં આવકનો પ્રવાહ ચાલુ રાખવા અને અમેરિકન અર્થતંત્રને મજબૂત કરવા માટે વધુ ટકાઉ ટૅરિફ લાગુ કરવાની તૈયારી કરી રહ્યું છે.

આ અઠવાડિયાથી યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવનું કાર્યાલય બે તપાસમાં સુનાવણી શરૂ કરશે જેનાથી યુએસ ટૅરિફનો નવા રાઉન્ડ શરૂ થાય તેવી સંભાવના છે.

આ એવા ટેક્સ છે જે અમેરિકામાં આયાતકારો દ્વારા ચૂકવવામાં આવે છે અને સામાન્ય રીતે વધતી કિંમતો મારફતે ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે. સામાન્ય લોકો વધતી મોંઘવારીના કારણે પરેશાન છે.

ટ્રમ્પના નવા ટૅરિફ દબાણને કોર્ટમાં વધુ પડકારોનો સામનો કરવો પડશે. મંગળવાર અને બુધવારે એ વાત પર સુનાવણી થશે કે નાઈજીરિયાથી લઈને નોર્વે સુધી શું ૬૦ અર્થતંત્રો જેનાથી અમેરિકામાં ૯૦ ટકા આયાત થાય છે તેઓ બળજબરીથી મજૂરી દ્વારા બનાવેલા ઉત્પાદનોના વેપારને પ્રતિબંધિત કરવા માટે પગલા ઉઠાવી રહી છે.

અમેરિકાના વેપારી પ્રતિનિધિ જેમીસન ગ્રીરે માર્ચમાં જણાવ્યું હતું કે ઘણા લાંબા સમયથી અમેરિકન કામદારો અને કંપનીઓને વિદેશી ઉત્પાદકો સામે સ્પર્ધા કરવાની ફરજ પાડવામાં આવી રહી છે જેમને બળજબરીપૂર્વક કરવામાં આવતી મજૂરીથી કૃત્રિમ ખર્ચ લાભ મળી શકે છે. સરકાર નવા ટૅરિફ લગાવીને નિયમોનો ભંગ કરનારાઓને સજા આપી શકે છે.

## ચૂંટણી પછી પેટ્રોલ અને ડીઝલના ભાવ નહીં વધેઃ સરકારની સ્પષ્ટતા

નવી દિલ્હીઃ વિધાનસભા ચૂંટણી બાદ પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં વધારો કરવાની સરકારની કોઈ યોજના નથી, એમ એક વરિષ્ઠ સરકારી અધિકારીએ મંગળવારે કહ્યું હતું. આ સાથે જ ૨૯ એપ્રિલે પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીનું મતદાન પૂરું થયા બાદ ઈંધણના ભાવમાં વધારો કરવાની સરકારની યોજના હોવાની વહેતી થયેલી અટકળોનો અંત આવ્યો હતો.

ઈઝરાયલ-અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં છેલ્લાં બે મહિનામાં ક્રૂડતેલના ભાવમાં પચાસ ટકા કરતાં પણ વધુનો વધારો જોવા મળ્યો હોવા છતાં ભારતમાં પેટ્રોલ અને ડીઝલનાં ભાવ વિક્રમજનક સતત ચોથા વરસે યથાવત્ રહ્યો છે.

ઉત્પાદન ખર્ચ અને પેટ્રોલપંપ પર પેટ્રોલ અને ડીઝલનાં વેચાણ ભાવ વચ્ચેનાં અંતરને કારણે તેલકંપનીઓને અંદાજે ૨,૪૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હોવાને કારણે ચાર રાજ્યમાં યોજાયેલી ચૂંટણી બાદ તાત્કાલિક અસરથી ભાવવધારો અપેક્ષિત હતો. જોકે ઈંધણનાં ભાવમાં હાલને તબક્કે ભાવવધારાનો કોઈ પ્રસ્તાવ ન હોવાનું પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ ખાતાનાં સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું હતું. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતમાં

૧૫ મહાનગરપાલિકાની કુલ ૧,૦૪૪ બેઠકમાંથી ૧,૦૩૬ બેઠકના જાહેર થયેલાં પરિણામોમાં ૯૩૭ બેઠક ભાજપે જીતી હતી અને ૯૫ કૉંગ્રેસના ફાળે ગઈ હતી. જ્યારે આપને માત્ર ૬ બેઠક મળી હતી.

આ લખાય છે ત્યાં સુધીમાં અમુક બેઠક પર ગણતરી હજુ ચાલી રહી છે. અત્યાર સુધી મળેલા આંકડા અનુસાર સુરત મનપામાં ભાજપે ૧૨૦માંથી ૧૧૫ પોતાને નામ કરી હતી. ચાર બેઠક આમ આદમી પક્ષને ફાળે ગઈ હતી જ્યારે કૉંગ્રેસને ફાળે એક બેઠક પણ આવી ન હતી. સુરતનું પરિણામ આપ માટે ઝટકા સમાન હતું કારણ કે ગત ચૂંટણીમાં પક્ષે ૨૭ બેઠક મેળવી હતી. જ્યારે ભાજપનો ગ્રાફ વધીને ૯૩થી ૧૧૫ સુધી ગયો છે.

ગુજરાતના સૌથી મહત્ત્વના ગણાતા શહેર અમદાવાદમાં પણ ભાજપનો જયજયકાર બોલ્યો છે. લખાય છે ત્યાં સુધીમાં ૧૯૨ બેઠકમાંથી ભાજપની ૧૫૮ અને કૉંગ્રેસની ૧૮ બેઠક પર સરસાઈ છે.

ગાંધીધામ મનપામાં ૫૨ બેઠકમાંથી ૪૧ બેઠક ભાજપ અને ૧૧ કોંગ્રેસને મળી હતી, મહેસાણા મનપાની ૫૨ બેઠકમાંથી ભાજપને ૪૭ અને કોંગ્રેસને ૦૫ બેઠક મળી હતી, સુરેન્દ્રનગરની ૫૨ બેઠકમાંથી ભાજપને ૫૧ અને કોંગ્રેસને માત્ર એક બેઠક પર વિજય મળ્યો હતો, રાજકોટ મનપાની ૭૨ બેઠકમાંથી ૬૫ બેઠક ભાજપને જ્યારે ૦૭ બેઠક પર કૉંગ્રેસનો વિજય થયો હતો. જામનગરમાં ૬૪ બેઠકમાંથી ૬૦ પર ભાજપ અને બે પર કૉંગ્રેસ અને બે પર આપનો વિજય થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આપના બન્ને વિજેતા ગુજસીટોકના ગુનામાં જેલમાં છે અને તેમની જીત થઈ છે.

કૉંગ્રેસને જબરજસ્ત ઝટકો મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદરે આપ્યો છે. પોરબંદર મનપાની બાવનમાંથી તમામ બાવન બેઠક ભાજપે જીતી લીધી છે. આવું જ પરિણામ મોરબીમાં પણ આવ્યું હતું. અહીં બાવનમાંથી બાવન બેઠક ભાજપે જીતી લીધી હતી. ભાવનગર મનપાની બાવન બેઠકમાંથી ૪૪ ભાજપે જ્યારે આઠ કૉંગ્રેસે પોતાને નામ કરી છે. આણંદની ૫૨ બેઠકમાંથી ૪૩ પર ભાજપ અને ૮ પર કૉંગ્રેસ જીતી છે. નડિયાદમાં બાવન બેઠકમાંથી ૫૧ ભાજપને અને ૧ કૉંગ્રેસને મળી હતી. વડોદરાની ૭૬ બેઠકમાંથી ૬૯ પર ભગવો લહેરાયો હતો જ્યારે માત્ર છ બેઠક કૉંગ્રેસને ફાળે ગઈ હતી. નવસારીમાં પણ કૉંગ્રેસના સૂપડાં સાફ થઈ ગયા છે. અહીં પક્ષે માત્ર બે બેઠક પર જીત મેળવી છે જ્યારે બાકીની તમામ ૫૦ બેઠક ભાજપના નામે થઈ હતી. વાપીમાં બાવન બેઠકમાંથી ૩૭ પર ભાજપ જ્યારે ૧૧ પર કૉંગ્રેસનો વિજય થયો હતો.

આ ઉપરાંત રાજ્યમાં ૮૪ નગરપાલિકાની ૨૬૨૪ બેઠકની ચૂંટણીનાં પરિણામો પણ જાહેર થયા હતા. જેમાં ૧૯૮૪ પર ભાજપનો ભગવો લહેરાયો છે, જ્યારે કૉંગ્રેસ ૪૫૯ બેઠક પર જીત મેળવી શકી છે તો ૧૭૭ બેઠક અન્ય પક્ષોને ફાળે ગઈ છે. કુલ ૭૮ નગરપાલિકા પર ભાજપની જીત નોંધાઈ હતી જ્યારે ૬ પર કૉંગ્રેસને જીત મળી છે. ૩૪ જિલ્લા પંચાયતોની ૧૦૯૦ બેઠકમાં ૮૬૨ બેઠક પર ભાજપ, કૉંગ્રેસ ૧૨૮ અને અન્ય પક્ષોને ફાળે ૫૭ બેઠક મળી છે. જેમાં ૩૩ પર ભાજપે જીત મેળવી છે જ્યારે એક પર આમ આદમી પાર્ટીએ જીત મેળવી છે. ૨૬૦ તાલુકા પંચાયતની ૫૨૩૪ બેઠકના પરિણામો અંગે મળતા આંકડા અનુસાર ભાજપ ૩૫૨૪, કૉંગ્રેસ ૯૯૯ અને અન્ય પક્ષોને ફાળે ૪૭૧ બેઠક ગઈ હતી. ૨૬૦ બેઠકમાંથી ૨૫૩ પર ભાજપનો ભગવો લહેરાયો છે જ્યારે સાત બેઠક આપ અને કૉંગ્રેસને મળી છે. કુલ ૯૯૯૨ બેઠકમાંથી ભાજપે ૭૩૫૩, કૉંગ્રેસે ૧૬૯૫ અને ૭૨૭ બેઠક પર અન્ય પક્ષોએ વિજય મેળવ્યો છે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર થયેલાં પરિણામો બાદ આ આંકડાઓમાં સામાન્ય તફાવત જોવા મળી શકે તેમ છે.

### ઈરાનની

જહાજોની મુક્ત અવરજવર માટે ખોલવા તૈયાર છે.

ઇરાનના અણુ-કાર્યક્રમ અંગે પણ હજી સુધી કોઇ સમાધાન નથી થયું.

અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે અમે ઇરાનને અણુશસ્ત્રો બનાવતા કોઇ પણ રીતે રોકવા માગીએ છીએ. ઇરાનમાં જો કટ્ટરપંથી ધર્મગુરુનું શાસન લાંબો સમય રહેશે, તો તે ભવિષ્યમાં અણુશસ્ત્રો બનાવશે. અમારે એ જોવાનું છે કે તહેરાનની સાથે યુદ્ધવિરામનો કોઇ પણ કરાર થાય, તો તેમાં તેને અણુશસ્ત્રો બનાવતા રોકવાનો મુદ્દો હોવો જ જોઇએ.

દરમિયાન, ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ રશિયાની મુલાકાત લીધી હતી અને જણાવ્યું હતું કે ઇરાન અને રશિયા વચ્ચેનો સહકાર વધી રહ્યો છે. મોસ્કોએ યુદ્ધના સમયે પણ તહેરાનને પોતાનો ટેકો જાહેર કર્યો, તે બદલ તેના આભારી છીએ.

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ઇરાનના લોકોની બહાદુરીની અને દેશના સાર્વભૌમત્વના રક્ષણાર્થે અપાતી લડતની પ્રશંસા કરી હતી.રશિયાના પ્રસારમાધ્યમે ઇરાનના વિદેશ પ્રધાનને એમ કહેતા ટાંક્યા હતા કે અમેરિકા આ યુદ્ધમાં તેના કોઇ પણ લક્ષ્યને પ્રાપ્ત કરી નથી શક્યું. ઇરાન દુનિયાની મહાસત્તાઓ સામે સારી લડત આપી રહ્યું છે.અગાઉ, અમેરિકા અને ઇરાનની વચ્ચે પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદમાં યોજાયેલો શાંતિ-મંત્રણાનો પ્રથમ તબક્કો નિષ્ફળ ગયો હતો. (એજન્સી)

### દેશની ઍરલાઈન્સને

ઉડાડવાનું આર્થિક દૃષ્ટિએ પરવડે એમ નથી.

અમેરિકા અને ઇઝરાયલે ઇરાન સામે યુદ્ધ શરૂ કર્યું, તે પછી ખનિજ તેલ અને કુદરતી ગૅસના ભાવમાં ભારે વધારો થયો છે અને તેની અછત પણ સર્જાઇ છે. હોર્મુઝ સામુદ્રધુનીમાંથી વેપારી જહાજો અને તેલના ટૅન્કર્સની મુક્ત અવરજવર થઇ શકતી ન હોવાથી ઈંધણને લગતી મુશ્કેલી વધી છે.ફેડરેશન ઑફ ઇન્ડિયન ઍરલાઇન્સે પત્રમાં મુલકી ઉડ્ડયન મંત્રાલયને જણાવ્યું હતું કે અખાતના યુદ્ધને લીધે બ્રેન્ટ ક્રૂડ ઑઇલનો ભાવ બૅરલ (અંદાજે ૧૫૯ લિટર એટલે કે ૪૨ યુએસ ગૅલન અથવા ૩૫ ઇમ્પિરિયલ ગૅલન)-દીઠ ૭૨ ડૉલરથી વધીને ૧૧૮ ડૉલર થઇ ગયો છે અને તેને લીધે ઍવિયેશન ટર્બાઇન ફ્યુઅલનો ભાવ બેરલ-દીઠ ૮૭.૨૪ ડૉલરથી વધીને ૨૬૦.૨૪ ડૉલર સુધી પહોંચી ગયો છે એટલે કે અંદાજે ૨૯૫ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત, ડૉલરની સામે રૂપિયો પણ નબળો પડતો જતો હોવાથી ઈંધણનો ખર્ચ વધી રહ્યો છે. (એજન્સી)

### રશિયાથી

દ્વારા ઇનબાઉન્ડ એસ-૪૦૦ સિસ્ટમનું પ્રી-ડિસ્પેચ નિરીક્ષણ ૧૮ એપ્રિલ સુધીમાં પૂર્ણ થઈ ગયું હતું અને એન્ટિ-બેલિસ્ટિક મિસાઇલ સિસ્ટમ ગયા અઠવાડિયે રશિયાથી મોકલવામાં આવી હતી. પાકિસ્તાન સામે મિસાઇલ સંરક્ષણને મજબૂત બનાવવા માટે રાજસ્થાન ક્ષેત્રમાં આ નવી સિસ્ટમ તૈનાત કરવામાં આવે તેવી અપેક્ષા છે. ઓપરેશન સિંદૂર હજુ પણ પૂર્ણ થયું નથી, તેથી ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન ઉપયોગમાં લેવાતા જથ્થાને ફરીથી ભરવા તેમજ સ્ટેન્ડ-ઓફ શસ્ત્રોનો ભંડાર બનાવવા માટે ૨૮૦ ટૂંકી અને લાંબી રેન્જની એસ-૪૦૦ મિસાઇલો ખરીદવાનો નિર્ણય લીધો છે. એવો અંદાજ છે કે ભારતે પાકિસ્તાન સામે ૧૧ લાંબા રેન્જની એસ -૪૦૦ મિસાઇલનો ઉપયોગ કર્યો હતો, જેમાં ત્રાસવાદીઓ, અર્લી એર વોર્નિંગ સિસ્ટમોં અને દુશ્મનના વિમાનોને તોડી પાડવામાં આવ્યા હતા.

ઓપરેશન સિંદૂર દરમિયાન, પાકિસ્તાને પંજાબ અને ગુજરાતમાં તહેનાત બે એસ -૪૦૦ સિસ્ટમને નિશાન બનાવવાનો સખત પ્રયાસ કર્યો હતો કારણ કે તેને સ્પષ્ટ થઈ ગયું હતું કે રશિયન સિસ્ટમ અને તેના લાંબા રેન્જના રડારથી સિંધુની પૂર્વમાં કોઈ પણ હવાઈ પ્લેટફોર્મ સુરક્ષિત નથી. એવી અપેક્ષા છે કે પાંચમી સિસ્ટમ ચીન સાથે મધ્યમ ક્ષેત્રમાં તૈનાત કરવામાં આવશે. ભારત ખાનગી ક્ષેત્ર દ્વારા એસ-૪૦૦ માટે જાળવણી સમારકામ ઓવરહોલ સુવિધા સ્થાપિત કરવા પણ વિચારી રહ્યું છે જેમાં ટેકનોલોજી ટ્રાન્સફરનો વિકલ્પ પણ ધ્યાનમાં લેવામાં આવી રહ્યો છે.એસ -૪૦૦ સિસ્ટમ્સને સુરક્ષિત રાખવા અને એન્ટિ-ડ્રોન/લોઇટરિંગ દારૂગોળાના કવરેજને સુધારવા માટે, ભારત સરકારથી સરકાર વચ્ચેના સોદા દ્વારા રશિયા પાસેથી ઓછામાં ઓછી ૧૨ પેન્ટસિર એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવાની પણ યોજના બનાવી રહ્યું છે જ્યારે 'મેક ઇન ઇન્ડિયા' રૂટ હેઠળ બીજી ૪૦ સિસ્ટમ બનાવવાની પણ યોજના બનાવી રહ્યું છે.

### બંગાળમાં

થયો છે કે નહીં તેની ચકાસણી કરી હતી. મતદાનનો બીજો અને અંતિમ તબક્કાનું મતદાન ટીએમસીના ગઢ લેખાતા અને ટીએમસી માટે નિર્ણાયક પુરવાર થાય એવા કોલકાતા, હાવરા, ઉત્તર અને દક્ષિણ ૨૪ પરગણા, નાદિયા, હુગલી અને પૂર્વ બર્ધમાનમાં થવાનું છે. બુધવારે ૧૪૨ બેઠક માટે મતદાન થવાનું છે. વર્ષ ૨૦૨૧માં ટીએમસીએ આ ૧૪૨ બેઠકમાંથી ૧૨૩ તો ભાજપે માત્ર ૧૮ બેઠક પર વિજય મેળવ્યો હતો. (એજન્સી)

### ઑઈલ ઉત્પાદકો

અલ મઝરઈએ કહ્યું હતું કે, ઓપેકમાંથી બહાર નીકળવાનો નિર્ણય સેક્ટરની નીતિઓ સાથે સંબંધિત ઘટનાક્રમ અનુસાર છે.

અમે દાયકાઓથી સહયોગ માટે ઓપેક અને સભ્ય દેશોનો આભાર વ્યક્ત કરીએ છીએ.

અમે વિશ્વસનીય, જવાબદાર પુરવઠો પૂરો પાડીને વૈશ્વિક બજાર સ્થિરતાને ટેકો આપીને ઊર્જા સુરક્ષા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને દોહરાવીએ છીએ.

સૌથી મોટી ચિંતાઓમાંની એક હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષા રહી છે. ટ્રમ્પે આ ગ્રૂપ પર ભાવ ઊંચા રાખીને બાકીના વિશ્વને છેતરવાનો આરોપ મૂક્યો છે. તેમણે દલીલ કરી છે કે જ્યારે અમેરિકા સભ્ય દેશોને લશ્કરી સુરક્ષા પૂરી પાડે છે ત્યારે તેઓ તેલના ઊંચા ભાવ રાખીને આનો લાભ ઉઠાવે છે.

### મુંબઈમાં

પાણીની માગ ૪૪૬૩ મિલ્યન લિટર છે, જ્યારે બીએમસી હાલમાં શહેરને દરરોજ લગભગ ૪૦૦૦ મિલ્યન લિટર પાણી પૂરું પાડી રહી છે. પાણીનો કોઈ વૈકલ્પિક સ્રોત ન હોવાથી, આખું શહેર સંપૂર્ણપણે ચોમાસા દરમિયાન ભરાતા સાત તળાવો પર નિર્ભર છે. મુંબઈ શહેરને દર વર્ષે ૧૪.૪૭ લાખ મિલ્યન લિટર પાણીની જરૂર છે. આ વર્ષે ચોમાસુ મોડું આવવાની શક્યતાને કારણે ઓગસ્ટ સુધી પાણીનો સંગ્રહ કરવાની યોજના છે.

પાણીના સ્તરનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, અધિકારીઓ પાણીના સંરક્ષણને પ્રોત્સાહન આપવા અને પાણીનો બગાડ ટાળવા માટે જનજાગૃતિ અભિયાનો કરી રહ્યા છે.

# ધારાવીના રહેવાસીઓ માટે અફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ સ્કીમની માર્ગદર્શિકા



“ ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ (ડીઆરપી) હેઠળ દરેક ધારાવીના રહેવાસીને તેમનું સત્તાવાર ઘર પૂરું પાડવામાં આવશે. સરકારી નિયમો અનુસાર ૧ જાન્યુઆરી, ૨૦૦૦ સુધી ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતા તમામ પાત્ર રહેવાસીઓનું ધારાવીમાં જ પુનર્વસન કરવામાં આવશે. વધુમાં ૧૫ નવેમ્બર, ૨૦૨૨ સુધી ઉપરના માળ અને પોટમાળા પર રહેતા રહેવાસીઓને ખૂબ જ ઓછા ભાડા પર અથવા ભાડા-ખરીદ યોજના દ્વારા ઘરો પૂરાં પાડવામાં આવશે. આ દેશનો એકમાત્ર એવો પુનઃવિકાસ પ્રોજેક્ટ છે, જે આટલી વ્યાપક અને સર્વ સમાવેશી વ્યવસ્થા પૂરી પાડે છે.



**ડીઆરપી/એસઆરએના મુખ્ય કાર્યકારી અધિકારી ડૉ. મહેન્દ્ર કલ્યાણકરે આ યોજના અંતર્ગત ધારાવીકરોને ઘર કેવી રીતે પ્રાપ્ત થશે, તેની માહિતી સરળ શબ્દોમાં આપી છે.**

■ **અફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ સ્કીમ શું છે?**

● વધારેમાં વધારે ધારાવીકરોને પુનઃવિકાસમાં સામેલ કરવાના ઉદ્દેશ્ય સાથે આ યોજના તૈયાર કરવામાં આવી છે. સામાન્ય રીતે ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનાઓમાં માત્ર ગ્રાઉન્ડ ફ્લોરના રહેવાસીઓનું જ પુનઃવસન કરવામાં આવે છે, પરંતુ આ યોજનામાં ૧૫ નવેમ્બર ૨૦૨૨ પહેલાના ઉપરના માળ અને પોટમાળામાં રહેતા લોકોને પણ સામેલ કરવામાં આવશે.

**યોજનાની મુખ્ય વિશેષતાઓ:**

● ૧ જાન્યુઆરી ૨૦૦૦ પહેલાના ગ્રાઉન્ડ ફ્લોરના રહેવાસીઓને ધારાવીમાં જ ઘર મળશે.

● ૧ જાન્યુઆરી ૨૦૦૦ થી ૧ જાન્યુઆરી ૨૦૧૧ વચ્ચેના ગ્રાઉન્ડ ફ્લોરના રહેવાસીઓને રૂ. અઢી લાખમાં ધારાવી કે ધારાવીની બહાર ઘર મળશે.

● ૧ જાન્યુઆરી ૨૦૧૧ થી ૧૫ નવેમ્બર ૨૦૨૨ સુધીના ગ્રાઉન્ડ ફ્લોર અને ઉપરના માળના રહેવાસીઓને ‘અફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ સ્કીમ’નો લાભ મળશે.

■ **આ યોજનાનો લાભ કોને મળશે?**

● ૧ જાન્યુઆરી ૨૦૧૧ થી ૧૫ નવેમ્બર ૨૦૨૨ સુધીના ગ્રાઉન્ડ ફ્લોરના રહેવાસીઓ.

● ૧૫ નવેમ્બર ૨૦૨૨ પહેલાના પોટમાળાના રહેવાસી અથવા ઉપરના માળના રહેવાસીઓ.

● ૧ જાન્યુઆરી ૨૦૦૦ થી ૧ જાન્યુઆરી ૨૦૧૧ વચ્ચેના એવા રહેવાસીઓ જે રૂ. ૨.૫ લાખ ચૂકવવામાં અસમર્થ છે.

● સહિયારાં ઘરોમાં રહેતા પરિવારોનું સામૂહિક પુનઃવસન કરવામાં આવશે.



**મહત્ત્વપૂર્ણ:** એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે આ યોજનાનો લાભ ફક્ત એ જ લોકો લઈ શકશે જેઓ ૧૫ નવેમ્બર ૨૦૨૨ પહેલા ધારાવી વિસ્તારમાં ઘર કે ઝૂંપડું હોવાનો પુરાવો રજૂ કરી શકશે.

■ **ભાડા-ખરીદ યોજનામાં ઘર કેટલા સ્ક્વેર ફૂટનું અને કેવી રીતે આપવામાં આવશે?**

● ૩૦૦ ચોરસ ફૂટનું ઘર, જેમાં શૌચાલય અલગ હશે.

● નિયમિત પાણી, વીજળી અને સ્વચ્છ સુવિધાઓ.

● સુવ્યવસ્થિત ઇમારતો અને શ્રેષ્ઠ પાયાની સુવિધાઓ.

● રજિસ્ટર્ડ રેન્ટ એગ્રીમેન્ટ અને ખરીદીના દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

■ **શું લાભાર્થીઓએ હંમેશાં ભાડૂઆત જ રહેવું પડશે?**

ના. આ યોજનામાં ભાડા-ખરીદના અનેક વિકલ્પો છે:

**વિકલ્પ ૧:** ૨૫ વર્ષ સુધી રાહત દરે ભાડું, ત્યારબાદ નજીવી રકમ ચૂકવીને માલિકી હક.

**વિકલ્પ ૨:** ૨૫ વર્ષ દરમિયાન ગમે ત્યારે ઘર ખરીદવાનો વિકલ્પ.

**વિકલ્પ ૩:** શરૂઆતમાં જ રાહત દરે ઘર ખરીદવાની સુવિધા.

એટલે કે, આ યોજના માત્ર ભાડા સુધી સીમિત નથી, પરંતુ ભવિષ્યમાં માલિકીનો હક પણ આપે છે.

■ **માસિક ભાડું અને ઘરની કિંમત કેટલી હશે?**

● ઘરની કુલ કિંમતના ૦.૨૬૧% માસિક ભાડું રહેશે.

● કિંમત જમીન અને બાંધકામના ખર્ચ પર આધારિત હશે.

● ક્રેડિટ લિંક્ડ સબસિડી સ્કીમનો લાભ મળી શકે છે.

■ **ઘર ક્યાં આપવામાં આવશે?**

● ઘરો મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં બનાવવામાં આવશે.

● અંતિમ સ્થાનનો નિર્ણય પુનઃવિકાસ સત્તામંડળ દ્વારા લેવામાં આવશે.

■ **કોણ અરજી કરી શકે છે?**

● માત્ર પરિવારની મુખ્ય વ્યક્તિ જ અરજી કરી શકશે.

● એક પરિવારને માત્ર એક જ ઘર મળશે.

● પતિ, પત્ની અને સગીર બાળકોને એક પરિવાર માનવામાં આવશે.

● પરિવારના મુખ્ય વ્યક્તિનું મૃત્યુ થવાના કિસ્સામાં, કાયદેસરના વારસદાર અરજી કરી શકે છે.

■ **પાત્રતાની અંતિમ તારીખ શું છે?**

**અંતિમ તારીખ:** ૧૫ નવેમ્બર ૨૦૨૨

આ તારીખ પહેલા અસ્તિત્વ ધરાવતા અને જરૂરી દસ્તાવેજો ધરાવતા લોકો જ પાત્ર ગણાશે.

■ **સર્વેક્ષણ પ્રક્રિયા શું છે?**

● ઘરે-ઘરે જઈને અને ડ્રોન દ્વારા સર્વેક્ષણ કરવામાં આવશે.

● આ સર્વેમાં જે નક્કી થશે એ જ ફાઈનલ ગણાશે

● રહેવાસીઓએ દસ્તાવેજો અને બાયોમેટ્રિક માહિતી આપવી ફરજિયાત છે.

● ખોટી માહિતી અથવા અસહકાર બદલ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

■ **જરૂરી દસ્તાવેજ કયા છે?**

ગ્રાઉન્ડ ફ્લોરના રહેવાસીઓ માટે શાસન નિર્ણય (૧૬ મે ૨૦૧૮) મુજબના દસ્તાવેજો.

**ઉપરના માળ માટે:** વીજળીનું બિલ, ભાડા કરાર, ખરીદીના દસ્તાવેજો, રેશનકાર્ડ, વોટિંગ આઇડી અથવા પાસપોર્ટ (જેમાં માળનો ઉલ્લેખ હોય).

**દસ્તાવેજ ન હોય તેવા કિસ્સામાં:**

ગ્રાઉન્ડ ફ્લોરના રહેવાસીનું પ્રમાણપત્ર + એફિડેવિટ

ધારાવી પુનઃવિકાસ પ્રોજેક્ટ અંતર્ગત, આ યોજના લાભાર્થીઓને સસ્તા દરે સુવ્યવસ્થિત આવાસ પૂરા પાડવા અને ભવિષ્યમાં માલિકી હક આપવાના હેતુથી તૈયાર કરવામાં આવી છે.

# કાર લઈને જતું કન્ટેઈનર ટ્રક સાથે ભટકાયું

## ડ્રમમાંથી રંગ રસ્તા પર ઢોળાતાં વાહનવ્યવહાર ખોરવાયો

થાણે: થાણે જિલ્લામાં કાર લઇને જનારું કન્ટેઇનર મંગળવારે મળસકે ટ્રક સાથે અથડાયું હતું, જેમાં બંને વાહનના ડ્રાઇવર ઇજાગ્રસ્ત થયા હતા. આ અકસ્માતને કારણે ટ્રકમાંથી ડ્રમ રસ્તા પર પડ્યા હતા અને તેમાંનો રંગ ઢોળાતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. શિળફાટા ખાતે ભોલેનાથ નગરમાં મંગળવારે મળસકે ૩.૧૬ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

કંપનીની સાત કાર સાથેનું કન્ટેઇનર ગુજરાતથી પુણે જઇ રહ્યું હતું ત્યારે ઘટનાસ્થળે તેના ડ્રાઇવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે કન્ટેઇનર આગળ જઇ રહેલી ટ્રક સાથે અથડાયું હતું, એમ થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ કહ્યું હતું. ભિવંડીના માનકોલીથી છ ટન રંગ ભરેલા ડ્રમ લઇને ટ્રક રાયગડ જિલ્લાના ખાલાપુર જઇ રહી હતી. આ અકસ્માત બાદ ડ્રમ રસ્તા પર પડ્યા હતા અને રંગ રસ્તા પર ઢોળાયો હતો, જેને કારણે માર્ગ લપસણો થયો હતો અને ટ્રાફિક ખોરવાયો હતો.

અકસ્માતની જાણ થયા બાદ પોલીસ અધિકારીઓ, અગ્નિશમન દળના જવાનો અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને અકસ્માતગ્રસ્ત વાહનોને હટાવવા માટે ક્રેન બોલાવવી પડી હતી. અકસ્માતમાં બંને વાહનના ડ્રાઇવર ઇજા પામ્યા હતા. થાણે-શિળફાટા માર્ગ પર વાહનવ્યવહાર થોડા સમય માટે ધીમી ગતિએ ચાલ્યો હતો. રેસ્ક્યુ ટીમે રસ્તા પર ઢોળાયેલા રંગ પર માટી નાખી હતી. રસ્તો ત્યાર બાદ સાફ કરી દેવામાં આવ્યો હતો અને વાહનવ્યવહાર પૂર્વવત્ થઇ ગયો હતો. (પીટીઆઇ)■

# અજિત પવાર વિમાન દુર્ઘટના સાથે ખરાતનો કોઈ સંબંધ?: રોહિત પવારની શંકા

પુણે: નાશિક સ્થિત ધર્મગુરુ અશોક ખરાત તેમના કાકા અને મહારાષ્ટ્રના તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સાથે થયેલા જીવલેણ વિમાન દુર્ઘટનામાં પ્રથમ દૃષ્ટિએ સંડોવાયેલા લાગે છે એવો આક્ષેપ મંગળવારે કરી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના વિધાન સભ્ય રોહિત પવારએ સીઆઈડી દ્વારા તેમની પૂછપરછની માગણી કરી હતી.

વિમાન દુર્ઘટનાની તપાસની સ્થિતિનો ખ્યાલ મેળવવા માટે પુણેમાં સીઆઈડી ઓફિસની મુલાકાત લીધા બાદ સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે આરોપ કર્યો હતો કે બારામતીમાં એક નાના રાજકીય નેતા દ્વારા સ્વર્ગસ્થ અજિત પવારના ઘરની બહાર કેટલીક ગૂઢ વિધિઓ કરવામાં આવી હતી.

રોહિત પવારે આરોપ કરી જણાવ્યું હતું કે ‘અજીતદાદાના ઘરની નજીક એક બકરી લટકતી મળી આવી હતી. ખરાતએ એક ખેડૂતને કહ્યું હતું કે નજીકના ભવિષ્યમાં પવાર પરિવાર પર હુમલો થઈ શકે છે. બારામતીનો એક સામાન્ય રાજકીય નેતા વિધિ માટે ખરાતને મળવા આવતો હતો અને અજીતદાદાની નિકટના નેતાઓના સંપર્કમાં હતો.’

અનેક મહિલાઓનું જાતીય શોષણ કરવા અને લોકોને છેતરપિંડી કરવાના આરોપસર માર્ચમાં ખરાતની ધરપકડ કરવામાં આવી હતી. રોહિત પવારે વધુમાં જણાવ્યું હતું કે ‘ખરાતની સંડોવણી અજિત પવારના અકસ્માત સાથે જોડાયેલી હોય તેવું લાગે છે. સીઆઈડીએ તેની તપાસ કરવી જોઈએ. ખરાતે બ્લેકમેલ કરવા માટે કેટલાક વીડિયો સ્ટોર કર્યા હતા. સામાન્ય મહિલાઓની વીડિયો ક્લિપ્સ બહાર આવી છે.’ (પીટીઆઈ)■

# રામમંદિર સત્તાધીશોની પ્રતિબદ્ધતાને કારણે બન્યું, ભારત હિન્દુ રાષ્ટ્ર બની ગયું છે: ભાગવત

નાગપુર: અયોધ્યામાં રામ મંદિર સત્તામાં રહેલા લોકોની પ્રતિબદ્ધતા અને દેશના પ્રત્યેક વ્યક્તિના સમર્થનને કારણે બની શક્યું હતું એવી સ્પષ્ટતા કરી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના અધ્યક્ષ મોહન ભાગવતે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતને હિન્દુ રાષ્ટ્ર છે જ એટલે એને હિન્દુ રાષ્ટ્ર તરીકે જાહેર કરવાની કોઈ જરૂર નથી. આરએસએસ દ્વારા કરવામાં આવેલી રજૂઆત અનુસાર ભાગવત સોમવારે જેમના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રામ મંદિરનું નિર્માણ શક્ય બન્યું હતું એવી વ્યક્તિઓના સન્માન માટે એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા.

ભાગવતે વધુમાં જણાવ્યું હતું કે મંદિર ભગવાન રામની પોતાની ઇચ્છાથી બનાવવામાં આવ્યું હતું. ગોવર્ધન પર્વત સાથે તેની તુલના કરતા, તેમણે કહ્યું કે જ્યાં સુધી દરેક વ્યક્તિ યોગદાન ન આપે ત્યાં સુધી આવી સિદ્ધિ પ્રાપ્ત નથી થતી. એ ભગવાનની આંગળીના ટેરવે ટકે છે, પરંતુ જ્યાં સુધી લોકો યોગદાન ન આપે ત્યાં સુધી તે આંગળી હલતી નથી. મંદિર પણ એ જ રીતે બનાવવામાં આવ્યું હતું. સનાતન ધર્મના પુનરુત્થાન માટે ભારતનું પુનરુત્થાન જરૂરી છે.’ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીનો ઉલ્લેખ કરતા ભાગવતે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની નવી સરકારે શપથ લીધા, ત્યારે લંડનના ‘ધ ગાર્ડિયન’માં એક લેખ પ્રકાશિત થયો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે ‘આ દિવસે, ભારતીયોએ આખરે અંગ્રેજોને અલવિદા કહ્યું. ટેકનિકલી, અમે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે ગુડબાય કહ્યું, પરંતુ અમને સંપૂર્ણ ખાતરી નહોતી.’ (પીટીઆઈ)■

# બોરીવલીમાં ભવ્ય પુસ્તક મેળાનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પુસ્તકપ્રેમીઓ માટે ખુશખબર છે. મુંબઈમાં એરકન્ડીશન્ડની સગવડ સાથે સૌ પ્રથમવાર પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. એન. એમ. ઠક્કરની કંપની દ્વારા આયોજિત આ પુસ્તક મેળામાં ગુજરાતી ભાષાના તમામ પ્રકાશકો અને લેખકોના વિવિધ વિષયોના પુસ્તકો મળશે. વિવિધ વિષયો જેવા કે સ્વવિકાસ ધર્મ-આધ્યાત્મ, ચિંતન, જ્યોતિષ વિદ્યા, નવલકથાઓ, વાર્તા સંગ્રહો, હાસ્ય સાહિત્ય ગુજરાતી અને અંગ્રેજી બાલસાહિત્ય, અંગ્રેજી સ્વવિકાસના પુસ્તકો પણ મળી શકશે. પુસ્તકપ્રેમીઓને ૧૦ ટકા વળતર મળશે. પુસ્તકપ્રેમીઓ માટે પાર્કિંગની વ્યવસ્થા પણ છે. પુસ્તક મેળાનું સ્થળ: દૈવી ઈટરનીટી, એમ. કે. એન. ભાટિયા સ્કૂલની સામે, સાઈબાબ નગર, જય ભીમ સંજય નગર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૬૭. તા. ૨-૫-૨૬થી તા. ૧૧-૫-૨૬ સુધી આ પુસ્તકમેળો સવારે ૧૧ થી રાત્રે ૮ સુધી ખુલ્લો રહેશે. (પીટીઆઈ)■




**હાલાઇ ભાટિયા (લખામાધાવાળા)**



**ગં. સ્વ. નલિની પ્રતાપ સંપટ (ઉં. વ. ૯૧)**

સ્વ. પ્રેમકોરબાઈ વસનજી મુલજીના પુત્રવધૂ, સ્વ. પ્રતાપ સંપટના પત્ની, સ્વ. મણીબેન મોરારજી પદમશીના દીકરી, સૌ. રૂપા ક્રિષ્ણરાજના માતુશ્રી અને રાકેશ ક્રિષ્ણરાજના સાસુ, ચી. ધ્રુવના નાની, સ્વ. રમેશ, સ્વ. નરેશ મોરારજી મર્ચન્ટ તથા સ્વ. મધુબેન ભગવાનદાસના બહેન, સ્વ. વિજયસિંહ મર્ચન્ટ, સ્વ. ધનીબેન દ્વારકાદાસ હિંગવાલા, સ્વ. રણજીતસિંહના નાના ભાઈ ના પત્ની, સ્વ. તારાબેન મર્ચન્ટના દેરાણી, સ્વ. દિલીપભાઈ સંપટ (પૂના), તારાબેન સંપટ (કેનેડા), સ્વ. ચંદ્રસિંહ (સેન્ડી) સંપટ, સ્વ. કુંજલતા વિજયસિંહ રામૈયાના ભાભી, સ્વ. ચંદ્રિકાબેન સંપટ તથા સ્વ. ચારુલતા સંપટના જેઠાણી, હેમલતા મર્ચન્ટ, સ્વ. ધૈર્યસિંહ મર્ચન્ટ, કોકિલા જયંત મનકરમી, મહેન્દ્ર મર્ચન્ટ, સ્વ. પંકજ, તુષાર, ભાવેશ સંપટ તથા સૌ. ભાવના અશોક તોલાનીના કાકી, સૌ. સોનલ તથા પ્રણવના નાની.

**સોમવાર તા.૨૭-૪-૨૬ ના દિને શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થના સભા રાખેલ નથી**

**કચ્છી ભાટિયા**



**રૂપક કરસનદાસ ટોપરાણી**

(ઉંમર વર્ષ ૭૮)

સ્વ. ઇન્દુમતી કરસનદાસ ટોપરાણીના પુત્ર, સ્વ. અજીતસિંહ, સ્વ. ડૉ. દિનેશ, શ્રીમતી જ્યોતિ ગુલાબસિંહ ગાજરિયા તથા સ્વ. રેણુકા અરુણકુમાર આશરના ભાઈ શ્રીમતી ભાનુમતિ, શ્રીમતી મીનાના દિયર હેમંતિ પ્રશાંત સુતારીયા, વૈશાલી રાજેશ શાહ, તૃપ્તિ યશ કાપડિયા, રાજનિશ તથા નીરજના કાકા ધૃતિ અને જૈનાના કાકા સસરા હેમાલી હેમંત આશર, માનસી કૃષ્ણકુમાર મેનન, મિતેશ તથા શ્રીમતી કેતકી સંદીપ ગુજરાતીના મામા કવિતા ના મામાસસરા

**તારીખ ૨૭/૦૪/૨૦૨૬ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.**

પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે

# સાળી સાથે દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવી: કોર્ટે બનેવીને નિર્દોષ જાહેર કર્યો

થાણે: સાળી સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધીને તેને ગર્ભવતી બનાવવાના આરોપનો સામનો કરી રહેલા ૩૪ વર્ષના બનેવીને થાણે જિલ્લાની કોર્ટે નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે આ કેસના મુખ્ય સાક્ષીદારોએ ફેરવી તોડતાં ફરિયાદ પક્ષ આરોપો પુરવાર કરવામાં નિષ્ફળ ગયો હતો.

એડિશનલ સેશન્સ જજ પ્રેમલ એસ. વિઠલાણીએ કલવા વિસ્તારના રહેવાસી આરોપીને ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ નિર્દોષ જાહેર કર્યો હતો.

તપાસકર્તા પક્ષ અનુસાર પીડિતાની મોટી બહેને બાળકને જન્મ આપ્યો હતો અને તેને મદદ કરવા તે ૨૦૨૧માં બહેનના સાસરે રોકાવા માટે આવી હતી. એ સમય દરમિયાન બનેવીએ તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યા હતા અને તે ૨૦૨૨માં ગર્ભવતી બની હતી.

કોર્ટે અવલોકન કર્યું હતું કે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૮ (એ) હેઠળ ગુનો થયો છે એ સ્થાપિત કરવા ફરિયાદ પક્ષે પુરવાર કરવું પડશે કે આરોપી અને પીડિતા વચ્ચે વિશ્વાસનો સંબંધ હતો અને પીડિતાને લલચાવવા અથવા ફસાવવા માટે આવા સંબંધનો તેણે દુરુપયોગ કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે પીડિતાએ જુબાની આપી હતી કે તેમનો સંબંધ સહમતિથી હતો.

કોર્ટે આરોપીને તમામ આરોપોમાંથી મુક્ત કર્યો હતો અને નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષ એ સાબિત કરવામાં નિષ્ફળ ગયો હતો કે આરોપીએ પીડિતાને લલચાવી હતી અથવા ફસાવી હતી કે કોઇ ગુનાહિત ધમકી આપી હતી. (પીટીઆઇ)■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા રાહતના દરે નોટબુકસનું વિતરણ તા. ૨૩મી મે, ૨૦૨૬ના દિને સમાજના સભ્ય પરિવાર માટે તથા તા. ૨૪મી મે, ૨૦૨૬ના દિને જાહેર જનતા માટે રહેશે. તા. ૨૩મી મેના દિને સાંજે ૪ થી ૭ અને ૨૪મી મે, રવિવારના દિને સવારે ૧૦.૦૦થી શરૂ થશે. યુનિફોર્મ તથા શાળા/કૉલેજની ફીના અરજીપત્રો સમાજના સદસ્ય પરિવાર માટે વિતરણ 'સમાજ'ના કાર્યાલયમાંથી સાંજે ૫.૩૦ થી ૭.૩૦ સુધી રહેશે.

## વાલકેશ્વરની સમાજસેવી સંસ્થા સ્માઈલ દ્વારા દસમા, બારમા અને કૉલેજના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કારકિર્દી માર્ગદર્શન શિબિર

દસમા, બારમા તથા કોલેજના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને મુંઝવતો પ્રશ્ન એ છે કે ભવિષ્યમાં કયા વિદ્યાપ્રવાહમાં અભ્યાસ કરીએ તો ચિંતામુક્ત થઇને ઓછો ખર્ચે અને સફળ કારકિર્દીનું ઘડતર કરી શકીએ ? વિદ્યાર્થીઓ અને વાલીઓના આ બધા મુંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે ઉપરોક્ત સેમિનારનું આયોજન સેવાને સમર્પિત સંસ્થા સ્માઈલના સહયોગથી કરવામાં આવ્યું છે, જેમાં ધોરણ નવ થી લઇ ગ્રેજ્યુએટ સુધીના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ભાગ લઇ શકશે.સ્માઈલ સંસ્થાની સ્થાપના એનાક્ષીબેન શાહ દ્વારા ૩૦ વર્ષ પહેલા થઈ ત્યારથી આ સંસ્થા નિમ્ન મધ્યમ વર્ગના બાળકોને શિક્ષિત કરે છે. તેમના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. તેમની છત્રછાયા હેઠળ અનેક વિકલાંગ બાળકોને પણ સમાવી લેવામાં આવ્યાં છે.

વિદ્યાર્થીઓની માનસિક ક્ષમતા અને મહેનત કરવાની તૈયારીના આધારે તેઓ કયા વિદ્યાક્ષેત્રમાં આગળ વધી શકે તે માટે જન્મભૂમિની દર સોમવારની કેરીયર ગાઇડન્સ કોલમના કટાર લેખક અને મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઇએએસ એકેડેમીના સંચાલક વ્રજ પટેલ દ્વારા સમગ્ર કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવશે.

માર્ગદર્શન શિબિર તારીખઃ ૩૦-૪-૨૬,સમયઃ- બપોરેઃ ૩.૦૦ વાગે. સ્થળઃ- ભારતીય સ્ત્રી સેવા સંઘ, કૃષ્ણ કુંજ, પહેલે માળે, ક. મા. મુનશી માર્ગ, ચોપાટી.

# પવાર પરિવારના ડિનરમાં સુનેત્રા અને જય ગેરહાજર

## પાર્થ પવાર વીએસઆર કંપનીના વિમાનમાં જ પુણે પહોંચ્યાઃ અટકળોનું બજાર ગરમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પવાર પરિવારના પુણેના મોદી બાગમાં આયોજિત ડિનરમાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર અને તેમના પુત્ર જય પવાર ગેરહાજર રહ્યા હોવાથી રાજકીય વર્તુળોમાં અનેક પ્રકારના તર્કવિતર્કો થઈ રહ્યા છે.

એનસીપીમાં ભંગાણ બાદ સતત પવાર પરિવારમાં ચાલી રહેલા રાજકીય સંઘર્ષમાં અજિત પવારના નિધન બાદ થોડું અલગ વાતાવરણ જોવા મળી રહ્યું હતું અને પરિવાર ફરી એક વખત સાથે આવી રહ્યો હોવાનું ચિત્ર ઊભું થઈ રહ્યું હતું, પરંતુ મંગળવારે પરિવારના ફેમિલી ડિનરમાં સુનેત્રા પવાર અને જય પવાર ગેરહાજર રહેતાં અનેક અટકળો લાગી રહી છે, જોકે આ ડિનરમાં અજિત પવારના જ્યેષ્ઠ પુત્ર પાર્થ પવારે હાજરી આપી હતી.

અહીં ઉલ્લેખનીય છે કે શરદ પવાર થોડા દિવસ પહેલાં ગંભીર માંદગીમાં સપડાયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. આ જ કારણસર તેઓ સુનેત્રા પવાર માટે બારામતીમાં પ્રચાર પણ કરી શક્યા નહોતા. હોસ્પિટલમાંથી પાછા ફર્યા બાદ આખા પરિવાર માટે આયોજિત કરવામાં આવેલા આ ડિનરમાં રાજકીય ચર્ચા થઈ કે પછી પારિવારિક ચર્ચા થઈ હતી તે જાણવા મળ્યું નથી.

આ ડિનરમાં શરદ પવારની સાથે, પ્રતાપરાવ પવાર, શ્રીનિવાસ પવાર, રાજેન્દ્ર પવાર, સાંસદ સુપ્રિયા સુળે, શર્મિલા પવાર, વિધાનસભ્ય રોહિત પવાર, યુગેન્દ્ર પવાર, સાંસદ પાર્થ પવાર, સદાનંદ સુળે, અભિજીત પવાર, નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર, જય પવાર જેવા બધા જ પરિવારિક સભ્યોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. શરદ પવારે પરિવારની અચાનક બેઠક બોલાવવાથી ઘણા લોકોમાં ચિંતાનો માહોલ હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ બેઠક સુપ્રિયા સુળેની પુત્રી રેવતી સુળેના લગ્ન અને ભોજન સમારંભના આયોજનની તૈયારી માટે બોલાવવામાં આવી હતી. જોકે, સૂત્રો કહે છે કે પવારે આ બેઠક આ સંદર્ભમાં પરિવારના સભ્યો સાથે ચર્ચા કરવા માટે બોલાવી હતી, કારણ કે મંગળવારે અજિત પવારના મૃત્યુને ત્રણ મહિના થઈ ગયા છે.

મળતી માહિતી મુજબ અજિત પવારના જ્યેષ્ઠ પુત્ર પાર્થ પવાર મંગળવારે વીએસઆર કંપનીના વિમાનમાં પુણે પહોંચ્યા હતા. આ એ જ કંપનીનું વિમાન છે, જેમાં અજિત પવારનો અકસ્માત થયો હતો. એક તરફ અજિત પવારના ભત્રીજા રોહિત પવાર સતત આ કંપનીને બંધ કરવાની અને કાર્યવાહી કરવાની માગણી કરી રહ્યા છે, ત્યારે પાર્થ પવાર દ્વારા આ જ કંપનીના વિમાનનો ઉપયોગ કરીને રોહિત પવારની વાતનો છેદ ઉડાવવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

પાર્ટીના સુત્રો દ્વારા એવી માહિતી આપવામાં આવી હતી કે સુનેત્રા પવાર કેટલીક બેઠકોમાં વ્યસ્ત હોવાથી પુણે જઈ શક્યા નહોતા જ્યારે જય પવાર દુબઈમાં ગયા હોવાથી પુણે પહોંચી શક્યા નહોતા.

# ઍરપોર્ટ નજીકની ફાઈવ સ્ટાર હોટેલમાં કર્મચારીનો આપઘાત

મુંબઈઃ અંધેરીમાં છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ નજીકની એક ફાઈવ સ્ટાર હોટેલમાં હાઉસકીપિંગ વિભાગ કામ કરતા યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

ઍરપોર્ટ પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ આકાશ સુરવસે (૨૪) તરીકે થઈ હતી. પારિવારિક કારણોસર તેણે અંતિમ પગલું ભર્યું હોવાનો પ્રાથમિક અંદાજ પોલીસે વ્યક્ત કર્યો હતો.

મળતી માહિતી અનુસાર આકાશ છેલ્લા અમુક મહિનાથી હોટેલમાં હાઉસકીપિંગ વિભાગમાં કામ કરતો હતો. રોજ પ્રમાણે તે સોમવારે નોકરીએ જોડાયો હતો. કહેવાય છે કે સાથી કર્મચારીને કોઈ જાણ કર્યા વિના તે હોટેલની એક ખાલી રૂમમાં ગયો હતો, જ્યાં તેણે ગળાફાંસો ખાધો હતો. હોટેલના કર્મચારીની નજર આકાશ પર પડતાં પોલીસને જાણ કરાઈ હતી.

ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે કૂપર હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો.

ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ મળી હતી કે નહીં તે અંગે પોલીસે કોઈ સ્પષ્ટતા કરી નહોતી. જોકે છેલ્લા અમુક દિવસથી તે માનસિક તાણમાં હોવાનું હોટેલના કર્મચારીએ પોલીસને કહ્યું હતું. આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

### મંત્રાલયમાં પાણીની

ઢાંકણાથી સુરક્ષિત કરવામાં આવી છે અને હંમેશા બંધ રહે છે,' એમ તેમાં જણાવાયું છે. વિભાગે એવો નિર્દેશ કર્યો હતો કે ટેરેસ પર પ્રવેશ પ્રતિબંધિત છે અને પ્રવેશ દ્વાર તાળું મરેલું રહે છે, જેના કારણે કોઈપણ પ્રાણી ટાંકીમાં પ્રવેશી શકતું નથી કે પડી શકતું નથી.

મંત્રાલય પરિસર, પાણીની ટાંકીઓ સહિત, સપ્તાહના અંતે સાફ અને નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, આવી કોઈ ઘટનાને નકારી કાઢવામાં આવી હતી, એમ તેમાં જણાવાયું છે.

'કોઈ પણ બિલાડી પાણીની ટાંકીમાં પડી નથી કે મૃત્યુ પામી નથી. વાયરલ સંદેશ સંપૂર્ણપણે ખોટો છે,' એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી.

### પાંચ કરોડ રૂપિયા

પોતાની ઓળખ ઈરફાન તરીકે આપી હતી. મંગળવારના મળસકે ૩.૦૫ વાગ્યે રેલવે પોલીસના મેઈન કન્ટ્રોલ રૂમને વૉટ્સઍપ કૉલ આવ્યો હતો. આરોપીએ પાંચ કરોડ રૂપિયાની માગણી કરી હતી. રૂપિયા ન આપે તો બ્લાસ્ટની ધમકી આપી હતી. જીઆરપી જે નંબર પરથી કૉલ આવ્યો હતો તેને ટ્રેસ કરી રહી છે. કન્ટ્રોલ રૂમ વાડીબંદર ખાતે હોવાથી આ મામલે ડોંગરી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. (પીટીઆઈ)

### જેહાદના નામે

મીડિયાને એમ પણ કહ્યું હતું કે તપાસ દરમિયાન હુમલાખોરના નિવાસસ્થાનેથી કેટલીક વાંધાજનક વસ્તુઓ મળી આવી છે. જેહાદના નામે શંકાસ્પદ વ્યક્તિ અન્ય ધર્મના નાગરિકો પર હુમલો કરવા માંગતો હતો, એમ પણ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

સોલાપુરમાં મીડિયા સાથેની વાતચીતમાં દેવેન્દ્ર ફડણવીસને આ ઘટના વિશે પૂછવામાં આવતા શંકાસ્પદ હુમલાખોર કટ્ટરપંથી હોવાની શંકા વ્યક્ત કરી જણાવ્યું હતું કે આ વ્યક્તિ કટ્ટરપંથી લાગે છે, તેના નિવાસસ્થાનેથી કેટલાક વાંધાજનક પુસ્તકો અને વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. તે અમેરિકામાં રહેતો હતો અને તાજેતરમાં પાછો ફર્યો છે. તે કટ્ટરપંથી બની ગયો છે અને જેહાદના નામે અન્ય ધર્મોના સભ્યો પર હુમલો કરી રહ્યો છે. એમાંથી આ ઘટના બની હોવાનું લાગે છે. આતંકવાદ વિરોધી ટુકડી હાલમાં આ કેસની તપાસ કરી રહી છે અને આ માટે રાષ્ટ્રીય તપાસ એજન્સીની પણ શોધ કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર બંને તપાસ એજન્સીઓને સંપૂર્ણ સહયોગ આપી રહી છે. શું આની પાછળ કોઈ મોટું કાવતરું કે નેટવર્ક છે કે કેમ એની તપાસ કરવામાં આવી રહી છે.

### ફરજિયાત મરાઠીનું

અનુસાર, બેઠકમાં હાજર રહેલા બધા લોકો પહેલી મેથી પરમિટ રદ ન કરવા સંમત થયા છે. આનાથી હજારો ઓટો રિક્ષા- ટેક્સી ચાલકોને મોટી રાહત મળી છે. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે એક પત્રકાર પરિષદમાં પોતાની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. સોમવારે રિક્ષા ટેક્સી એસોસિએશનના પ્રતિનિધિઓની એક બેઠક યોજાઈ હતી. બધા એસોસિએશનોએ સકારાત્મક પ્રતિભાવ આપ્યો અને મરાઠી ભાષાને ફરજિયાત બનાવવા સંમતિ દર્શાવી. અમે રિક્ષા ટેક્સી ડ્રાઇવરો અને ઓલા ઉબેર માટે પણ મરાઠી ફરજિયાત કરી રહ્યા છીએ. મરાઠી શીખવી જ જોઇએ. સંગઠનોએ સમયમર્યાદા વધારવાની માગ કરી છે. પરંતુ અમને મળેલી માહિતી મુજબ ૨૦૧૯ માં પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો. ૨૦૨૦ માં મરાઠી ભાષા શીખવા પર એક પુસ્તક પણ જારી કરવામાં આવ્યું હતું, એમ સરનાઇકે જણાવ્યું હતું.

મરાઠીને સત્તાવાર ભાષા તરીકે માન આપવું એ દરેકનું કર્તવ્ય છે. રાજ્યના તમામ ૫૯ આરટીઓને સૂચનાઓ આપવામાં આવી છે. અમે પહેલી મેથી અમારું અભિયાન ચાલુ રાખીશું. રિક્ષા ટેક્સીઓ ખોટી રીતે કાર્યરત હોય, ગેરકાયદેસર રીતે મુસાફરોને હેરાન કરતી હોય. ૨૦ કાયદાઓ હેઠળ, અમે તેમનું લાઇસન્સ રદ કરી શકીએ છીએ. ૧૫ ઓગસ્ટ સુધી મરાઠી ભાષા માટે લાઇસન્સ રદ કરવામાં આવશે નહીં. પહેલી મે થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રાજ્યના તમામ આરટીઓમાંથી એક સમિતિ બનાવવામાં આવશે. જો કોઈ પરિવહન વિભાગના નિયમોનું ઉલ્લંઘન કરીને વાહન ચલાવશે, તો તેમના લાઇસન્સ રદ કરવામાં આવશે, એમ સરનાઇકે જણાવ્યું હતું.

### ભોજનના નમૂના

હોસ્પિટલમાં ખસેડાયા હતાં, જ્યાં સારવાર દરમિયાન ચારેયનાં મૃત્યુ થયાં હતાં.

દરમિયાન મંગળવારે સવારે ફોરેન્સિક ટીમ ડોકાડિયા પરિવારના નિવાસસ્થાને આવી પહોંચી હતી અને તેમના છેલ્લા ભોજનમાં સમાવિષ્ટ દરેક વાનગીના નમૂના એકઠા કર્યા હતા, જેમાં બિરયાની, તરબૂચ અને અન્ય ખાદ્યપદાર્થનો સમાવેશ થાય છે. આ નમૂના બાદમાં કેમિકલ એનાલિસિસ માટે કલિનાની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા.

પરિવારના સભ્યોના મૃત્યુ અંગે તપાસ કરી રહેલા જે. જે. માર્ગ પોલીસ સ્ટેશનના અધિકારીઓએ ડોકાડિયાના ઘરે શનિવારે આવેલા પાંચ મહેમાનનાં નિવેદન નોંધ્યાં હતાં, મહેમાનોએ કહ્યું હતું કે તેમણે તમામે બિરયાની ખાધી હતી, પણ તેમને ઝાડા કે ઊલટી થઇ નહોતી.

પોલીસ અધિકારીએ કહ્યું હતું કે પ્રથમદર્શી આ ફૂડ પોઇઝનિંગનો કેસ છે અને પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હોવા છતાં ડોકટરોએ તેમનો અભિપ્રાય અનામત રાખ્યો છે. ચારેય મૃતદેહના વિસેરા કેમિકલ એનાલિસિસ માટે ફોરેન્સિક લેબમાં મોકલી આપવામાં આવ્યા છે. (પીટીઆઇ)

### ન કોઈની મદદ

જણાયું છે. મીરા રોડમાં વૉકહાર્ટ હૉસ્પિટલ પાછળની નિર્માણાધીન ઈમારતના સિક્યોરિટી ગાર્ડ્સ રાજકુમાર મિશ્રા અને સુબ્રતો રમેશ સેન પર ચાકુથી હુમલો કરવાના કેસમાં નયા નગર પોલીસે સોમવારે ઝૈબ ઝુબેર અન્સારી (૩૧)ની ધરપકડ કરી હતી. તેના ઘરમાંથી વાંધાજનક દસ્તાવેજો મળતાં કેસની તપાસ એટીએસને સોંપવામાં આવી હતી. આ પ્રકરણે એટીએસે કેસ નોંધી તપાસ હાથ ધરી હતી.

દરમિયાન ધરપકડ કરાયેલા આરોપી અન્સારીને મંગળવારે કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ચોથી મે સુધીની એટીએસ કસ્ટડી ફટકારી હતી. અન્સારી ઘટનાસ્થળેથી ૨૦૦ મીટરના અંતરે આવેલી સ્મિતા રિજન્સી બિલ્ડિંગના ફ્લૅટમાં એકલો રહેતો હતો.

એટીએસના અધિકારીએ જણાવ્યું હતું કે પ્રથમદર્શી આ 'લૉન વૂલ્ફ અટૅક' જણાય છે. લૉન વૂલ્ફ એવા પ્રકારનો હુમલો છે, જેમાં આતંકવાદી અથવા અન્ય વ્યક્તિની મદદ કે કોઈ સંગઠનની ઉશ્કેરણી વિના એકલા હાથે આતંકવાદી હુમલો પાર પાડવામાં આવે.

અન્સારીના હુમલામાં રાજકુમાર મિશ્રા ગંભીર રીતે ઘવાયો હતો. બેમાંથી એક વૉચમૅને પોલીસને કહ્યું હતું કે અન્સારીએ મસ્જિદ નજીકમાં ક્યાં આવી છે તે અંગે પૂછ્યું હતું. જોકે મસ્જિદ બાબતે તેમને જાણ ન હોવાનું વૉચમૅને કહ્યું હતું. પછી બન્નેને તમે હિન્દુ છો? એવું પૂછીને અન્સારી ત્યાંથી જતો રહ્યો હતો.

થોડી જ સેકન્ડ્સમાં અન્સારી પાછો ફર્યો હતો. સિક્યોરિટી ગાર્ડ્સને તેમના ધર્મ વિશે પૂછીને કલમા પઢવાનું કહ્યું હતું. પછી એકાએક તેણે ખીસામાંથી ચાકુ કાઢી બન્ને પર હુમલો કર્યો હતો. સારવાર માટે સિક્યોરિટી ગાર્ડ્સને વૉકહાર્ટ હૉસ્પિટલમાં લઈ જવાયા હતા.

આ પ્રકરણે નયા નગર પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આરોપીને દોઢ કલાકમાં જ પકડી પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં એટીએસને જાણવા મળ્યું હતું કે આરોપી અન્સારી પરિવારજનો સાથે ૨૦૦૦થી ૨૦૨૦ સુધી અમેરિકામાં રહ્યો. વર્ક પરમિટ પૂરી થતાં તે ભારત પાછો ફર્યો હતો. શરૂઆતમાં મુંબઈના કુર્લા પરિસરમાં અને પછી નવી મુંબઈના વાશી વિસ્તારમાં તે અમુક સમય રહ્યો હતો.

અફઘાન મૂળની પત્ની તેને છોડીને ફરી અમેરિકા જતી રહી હોવાથી ૨૦૨૨થી તે મીરા રોડની સ્મિતા રિજન્સી બિલ્ડિંગમાં એકલો રહેતો હતો. ઉલ્લેખનીય છે કે ૨૦૨૪માં રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠાની ઉજવણી માટે નીકળેલી રૅલી દરમિયાન મીરા રોડમાં જ કોમી તંગદિલી ફેલાઈ હતી.

### ફડણવીસ સરકારે

આપ્યો છે. પંકજા મુંડેના વિભાગ દ્વારા કયા પ્રોજેક્ટ્સ રદ કરવામાં આવ્યા હતા? આ પ્રોજેક્ટ્સ કેમ રદ કરવામાં આવ્યા હતા? ભૂતપૂર્વ મુખ્યમંત્રી એકનાથ શિંદેના કાર્યકાળ દરમિયાન મંજૂર કરાયેલા પરંતુ ભાજપ સરકાર દ્વારા રદ કરાયેલા ૧૧ પ્રોજેક્ટ્સમાં લાતુરમાં મુક્તેશ્વર, સમતાનગર અને ઔસા તળાવો, કર્જત (રાયગઢ)માં વડપ તળાવ, પરલી (બીડ)માં પરમપોક તળાવ, અલીબાગ (રાયગઢ)માં બેલોશી તળાવ અને ચાલીસગાંવ (જલગાંવ)માં કલામડુ, વિસાપુર, દેવલી અને બ્રહ્મશેવગે તળાવોનો સમાવેશ થાય છે. આ તળાવોના સંરક્ષણ પ્રોજેક્ટ્સનો અંદાજિત કુલ ખર્ચ રૂ. ૨૪૪.૧૫ કરોડ નક્કી કરવામાં આવ્યો હતો. જેમાંથી રૂ. ૭૩.૩૧ કરોડ આ પ્રોજેક્ટ્સ માટે ફાળવવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના કાર્યકાળ દરમિયાન આદિત્ય ઠાકરે પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગના પ્રધાન હતા. આદિત્ય ઠાકરેના કાર્યકાળ દરમિયાન મંજૂર કરાયેલા ત્રણ તળાવ સંરક્ષણ પ્રોજેક્ટ્સની વહીવટી મંજૂરી વર્તમાન સરકારે રદ કરી છે. પ્રોજેક્ટ્સનો કુલ ખર્ચ રૂ. ૩૫.૯૯ કરોડ નક્કી કરવામાં આવ્યો હતો. આ તળાવોમાં લાંજા (રત્નાગિરી)માં ઓઝર તળાવ, મુંબઈમાં એનર્ગલ તળાવ અને ઇગતપુરી (નાસિક)માં ખંભાલે તળાવનો સમાવેશ થાય છે. આ માટે ૧૮ કરોડ રૂપિયાના ભંડોળનું વિતરણ કરવામાં આવ્યું હતું. 'કુલ ૧૪ તળાવ સંરક્ષણ પ્રોજેક્ટ્સને અગાઉ આપવામાં આવેલી સૈદ્ધાંતિક મંજૂરી રદ કરવામાં આવી રહી છે. નાણાકીય અનિયમિતતા ટાળવા માટે, રાજ્ય સરકાર દ્વારા આ પ્રોજેક્ટ્સ માટે વિતરિત કરાયેલા ભંડોળ વ્યાજ સાથે વસૂલવામાં આવે,' એમ પંકજા મુંડેના નેતૃત્વ હેઠળના વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું છે.

#### આ પહેલાં એકનાથ શિંદેના કયા નિર્ણયો બદલવામાં આવ્યા હતા?

એકનાથ શિંદેએ મુખ્ય પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન લીધેલા ઘણા નિર્ણયો વર્તમાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની સરકારે બદલી નાખ્યા છે. એપ્રિલ ૨૦૨૫માં, ફડણવીસની સરકારે શિંદેના 'એક રાજ્ય, એક ગણવેશ' પરના નિર્ણયમાં ફેરફાર કર્યો. આ નિર્ણયમાં ફેરફાર કરવામાં આવ્યો અને ગણવેશ નક્કી કરવાનો અધિકાર શાળા શિક્ષણ વિભાગને બદલે શાળા વ્યવસ્થાપન સમિતિઓને આપવામાં આવ્યો. જાન્યુઆરી ૨૦૨૫માં, જાહેર ભાગીદારી દ્વારા સરકારી શાળાઓમાં શાળા પોષણમાં ખાંડનો ખર્ચ વધારવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ઉપરાંત, એકનાથ શિંદેના મુખ્ય પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન, સરકારી હોસ્પિટલો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મશીન આધારિત સફાઈ માટે ૩,૨૦૦ કરોડ રૂપિયાના પાંચ વર્ષનું ટેન્ડર બહાર પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ફડણવીસ સરકારે આ નિર્ણય સ્થગિત કર્યો. સરકારે આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોને સફાઈની જૂની પદ્ધતિ ચાલુ રાખવા નિર્દેશ આપ્યો.

### આતંકવાદી સંગઠન

કહેવું છે. આરોપીએ અમુક ટેલિગ્રામ ચૅનલ્સ એક્સેસ કરી હતી. આ ચૅનલ્સ પર હિંસક જેહાદી વાતોને પ્રોત્સાહન આપવામાં આવતું હોવાનું કહેવાય છે. જોકે કોઈ સીધી ઑપરેશનલ લિંક્સની હજુ સુધી ખાતરી થઈ નથી.

મળતી માહિતી અનુસાર સાયન્સ ગ્રેજ્યુએટ અન્સારીને ભારત આવ્યા પછી કોઈ યોગ્ય નોકરી મળી નહોતી. પિતા અમેરિકામાં કૅબ ચલાવે છે અને સમયાંતરે તેને નાણાંકીય સહાય કરતા હોય છે. જોકે આજીવિકા માટે કૅમિસ્ટ્રીના ટ્યૂશન ક્લાસીસ ચલાવતો હોવાનો દાવો આરોપીએ કર્યો છે. એટીએસ આ દાવાની ખાતરી કરી રહી છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

જોરાવરનગર નિવાસી હાલ અંધેરી શકુંતલાબેન (ઉં. વ. ૮૦) તા. ૨૭-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દિવ્યકાંત રમણલાલ શાહના ધર્મપત્ની. સ્વ. છોટાલાલ ફૂલચંદ શાહના પુત્રી. પૂર્વી, જયરાજ, દેવરાજ, વિક્રમના મમ્મી. નીરવ પાયલ, હીના મનાલીના સાસુ. સ્વ. શશીબેન, સ્વ. ઉષાબેન, સ્વ. કિરણબેન, સ્વ. પુષ્પાબેન, અરુણાબેન, સ્વ. પૂર્ણિમાબેન, સ્વ. શૈલીબેન અને હેમેન્દ્રભાઇના ભાભી. સખી, નીતિ, યશ, પ્રીશા, કાવ્ય, તાશીના દાદી ને નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

માતુશ્રી નિર્મળાબેન રતિલાલ પરમાણંદદાસ શેઠ (પાલિતાણાવાળા-હાલ ઘાટકોપર)ના પુત્રવધૂ અ. સૌ. વર્ષાબેન (ઉં. વ. ૬૭) તા. ૨૭-૪-૨૬ સોમવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે હેમેન્દ્રભાઇના ધર્મપત્ની. જલ્પા-રાકેશકુમાર, વલય-સિદ્ધિ, ઉત્સવ-ધારાના માતુશ્રી. સૂર્યાબેન અરુણકુમાર શાહ, હર્ષદભાઇ, સુરેશભાઇ, બિપીનભાઇ, કિરણબેન રાજેન્દ્રકુમાર શાહ, કમલેશભાઇ તથા યોગેન્દ્રભાઇના ભાભી. પિયર પક્ષે બાબુલાલ રામજીભાઇ શાહ (કંકુવાળા-ભાવનગર)ના દીકરી. સમ્યક, પરમ, જીનાંગીના દાદી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**જામનગર હાલાર તથા મચ્છુકાઠાં વિશા શ્રીમાળી જૈન**

જોડીયા નિવાસી હાલ સાયન સ્વ. હીરાબેન અમૃતલાલ ધોલાણીના પુત્રવધૂ અ. સૌ. પ્રતિભા મનોજ ધોલાણી (ઉં. વ. ૭૧) તે કિશોરભાઇ, ભૂપતભાઇ, પ્રમોદભાઇ, જયેન્દ્રભાઇના ભાઇના પત્ની. જેનીશા નિકુંજ શાહ તથા નિકીતા નીલ શાહના માતુશ્રી. તથા સ્વ. જયાબેન જેઠાલાલ પારેખના દીકરી. તે હસમુખભાઇ, ડો. જયંતભાઇ, દિનેશભાઇ, ભૂપતભાઇ, તથા અનિલભાઇના બહેન. તા. ૨૮-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**જામનગર હાલાર તથા મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

જોડીયા નિવાસી હાલ સાયન સ્વ. હીરાબેન અમૃતલાલ ધોલાણીના સુપુત્ર ભૂપતભાઇ (ઉં. વ. ૮૩) તે નયનાબેનના પતિ. કિશોરભાઇ, પ્રમોદભાઇ, મનોજભાઇ તથા જયેન્દ્રભાઇ, સ્વ. પુષ્પાબેન, સ્વ. દમયંતીબેન, ઇન્દુબેન, હંસાબેનના ભાઇ. રિચીતા અંકુર દોશીના પિતાશ્રી. સ્વ. પ્રભાબેન અંબાવીદાસ સંઘવીના જમાઇ. સોમવાર, તા. ૨૭-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મૂળ અમરેલી નિવાસી હાલ પુના, કાંતિભાઈ શાહ (ગોડા) (ઉં.વ. ૯૦) સ્વ. જયાબેન તથા સ્વ. માણેકચંદભાઈના પુત્ર. વનિતાબેનના પતિ. જયેશભાઈ-સ્વ. હર્ષાબેન, સ્વ. રાજુભાઈ, ચેતનભાઈ-રશ્મીબેન, પ્રીતીબેનના પિતાશ્રી. સુર્યેંદુ-પુજા, રાહુલ-હિરલના નાનાજી. સ્વ. જયંતભાઈ, સ્વ. ચંપકભાઈ, સ્વ. પ્રવિણાબેન, સ્વ. મધુબેનના ભાઈ મંગળવાર, તા. ૨૮/૪/૨૬ના અરહિંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩૦/૪/૨૬ના સવારે ૧૧થી ૧૨, બોલ રૂમ, પુના ટર્ફ ક્લબ.

**કચ્છી દશાશ્રીમાળી વણિક જ્ઞાતિ જૈન**

મૂળ ગામ : કચ્છ (દરશડી) હાલ મુલુંડ, મનસુખલાલ છગનલાલ મહેતા (ઉં. વ. ૭૮) તા. ૨૭/૪/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પત્નીઃ ઉષાબેન મનસુખલાલ મહેતા, માતાપિતાઃ સ્વ. ગૌરીબેન છગનલાલ મહેતા, દિકરો વહુઃ કરિશ્માબેન અમિતભાઇ મહેતા, દીકરીઃ પ્રતિક્ષાબેન, પૌત્રી : શ્રીયા, વિધી, સાસરપક્ષ મનહરલાલ મોહનલાલ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૩૦-૪-૨૬ના સાંજના ૫ થી ૭. સ્થળઃ ગોપુરમ હોલ, ડૉ. આર. પી. રોડ, વર્ધમાન નગરની બાજુમાં, મુલુંડ વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જેતપુર નિવાસી, હાલ કાંદિવલી, સ્વ. યોગેશભાઈ રતિલાલ બાવીશીના ધર્મપત્ની નીતાબેન યોગેશભાઈ બાવીશી (ઉં. વ. ૬૦) તે અંકિત તથા દિશા ધવલ ઝાટકીયાના માતુશ્રી. સલોની તથા ધવલના સાસુ. બીનાબેન મનીષભાઈ બાવીશી, દક્ષાબેન પ્રવિણભાઈ બખાઈ, હર્ષાબેન મૂળરાજભાઈ મહેતા, સ્વ. ઇલાબેન મહેશકુમાર શાહના ભાભી, પિયરપક્ષે મધુબેન રમેશચંદ્ર સંઘાણીના દિકરી. તા. ૨૬મી એપ્રિલ, ૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૩૦-૦૪-૨૬ ગુરુવાર સમય સાંજે ૪ થી ૬. સરનામું : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન મોટા ઉપાશ્રય, શંકર મંદિર સામે, લોહાણા મહાજન વાડી સામે, એસ.વી.રોડ, કાંદિવલી પશ્ચિમ.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડા (રોહા) ના સુરેશ વિકમાણી (ઉં. વ. ૪૯) ૨૭-૪-૨૬નાં અવસાન પામેલ છે. ગુણવંતી ધારશીના પુત્ર. જશ્મીનાના પતિ. કીમ, શુભના પિતા. રસીલા, નીતીન, વર્ષા, રીટાના ભાઇ. જયવંતી જગશીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. કરસન લઘુ હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦ ચક્ષુદાન કરેલ છે. નિ. સુરેશ વિકમાણી, ૭૦૨, હીના ટાવર, આદર્શ નગર, મલાડ (વે.).

નાના રતડીયાના ગં.સ્વ. હેમલતા માવજી સાવલા (ઉં. વ. ૭૨) તા. ૨૬-૪-૨૬ ના અવસાન પામેલ છે. સ્વ. જેઠીબાઇ પાલણ સાવલાના પુત્રવધૂ. સ્વ.માવજી પાલણ ના પત્ની. શિલા, લતા, વાસંતી, કલ્પેશ ના માતુશ્રી. દેવપુરના સ્વ. જેઠીબાઇ માણેક લખમશી ગોસરની દિકરી. સ્વ. વિસનજીભાઈ, કલ્યાણજીભાઈ, સ્વ. કેસરબેન, સ્વ. પ્રવિણભાઇ, નવીનભાઈ ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કલ્પેશ સાવલા, ૨૪/૨૬, મિન્ટ રોડ, પટેલ મેનશન, રૂમ નં. ૪૯, ૫ મો માળ, ફોર્ટ, મું. ૦૧.

ચાંગડાઈના અ.સૌ. દમયંતી લખમશી નાગડા (ઉં. વ. ૭૫) તા. ૨૫-૦૪-૨૬ ના અવસાન પામેલ છે. હીરબાઈ શીવજીના પુત્રવધૂ. લખમશીના પત્ની. ડુમરાના સુંદરબાઈ/મુલબાઈ લાલજીના સુપુત્રી. ડુમરાના માવજી, લીલાધર, ઉમરશી, કુંવરજી, દેમીબાઈ મોરારજી, સાભરાઈના મકુબાઈ શામજી, કેસર કલ્યાણજી, ખેતબાઈ ભવાનજી, કોકલીયાના લક્ષ્મીબેન જીવરાજના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. લખમશી નાગડા, ૩૦૪/એ, નેહા એપાર્ટમેન્ટ, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વે) મુંબઈ-૭૮.

ભુજપુરના માતુશ્રી ભાનુમતી ગડા (ઉં. વ ૮૯) તા. ૨૫-૦૪-૨૬ના અવસાન પામેલ છે. ખીમઈબેન સોજપાર પુનશીના પુત્રવધુ. કાંડાગરાના જેતબાઈ પ્રેમજીના પુત્રી. ડુંગરશીના પત્ની. પ્રભા, લક્ષ્મી (નૈના), કાંતી, અરવિંદ, મણીલાલ, પરેશ, અશોકના માતુશ્રી. સુંદરબેન, કુંવરજીના બેન. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સ.કરસન લઘુ નીસર હોલ, દાદર (વે). તા.ઃ ૨૯/૦૪/૨૬ બુધવાર. સમયઃ બપોરે ૪ થી ૫.૩૦ કલાકે. ઠે. મણીલાલ ગડા ૫/એ પરેરા સદન, નટરાજ સ્ટુડિયોની સામે,એમ વી.રોડ.અંધેરી (ઈસ્ટ).

રાયણના માતુશ્રી મીનાબેન મુલચંદ ગડા (ઉં. વ. ૭૪) તા. ૨૭-૪-૨૬ ના અરિહંત શરણ પામેલ છે. નાનબાઈ નાનજી ના પુત્રવધૂ. સ્વ. મુલચંદના પત્ની. હિરેન, જ્યોતી ના માતુશ્રી. કેસરબેન લખમશી ગાલાના પુત્રી. શાંતિલાલ, લીલાવંતી, મણીબાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હિરેન ગડા, ૫૦૨, કલ્યાણ સ્મૃતિ, એમ. જી. ક્રોસ રોડ ૩, કાંદિવલી (વે.).

સાડાઉના લક્ષ્મીબેન પોપટલાલ સાવલા (ઉં. વ. ૮૧) તા. ૨૬-૪-૨૬ના અવસાન પામ્યા છે. મઠાબાઈ વેલજી જીવરાજના પુત્રવધુ. પોપટભાઈના ધર્મપત્ની. અશ્વિન (ચેતન), નિતીનના માતુશ્રી. વડાલાના ભચીબાઈ કુંવરજી ખીમજીના પુત્રી. લક્ષ્મીચંદ, સાડાઉ હીરબાઈ હરશી, પત્રી રતનબેન કાનજી, મોખા મણીબેન કેશવજી, સાડાઉ જવેરબેન કોરશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. અશ્વિન સાવલા : ૬૦૩-બી, કમલ પાર્ક, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે).

# પારસી મરણ

થ્રીતી દારબશાહ રાનદેરીયા તે મરહુમો મેહરબાઇ દારબશાહ રાનદેરીયાના દીકરી. તે મરહુમો દિના, રુસી દેબુ, મની પી. દોકતર, દોલત આર. દેબુ, ધનજીશા દી. રાનદેરીયાના બહેન. તે દોરાબ દી. રાનદેરીયા ને જમશેદ દી. રાનદેરીયાના ફૂઇ.તે મેહર એ. રાગીના તથા મરહુમો રોશની એસ. દારૂવાલા ને નેવીલ પી. દોકતરના માસી. (ઉં. વ. ૯૪) રે. ઠે. ૬૦૭-દી દોલત મંઝીલ નં-૨, ડો. આંબેડકર રોડ, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૦-૪-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે દાદર રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

# હિન્દુ મરણ

બ્રિજેશ દિનેશચંદ્ર પરીખના સુપુત્ર દેવ તા. ૨૭-૪-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. બેસણું તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. દાદી-દાદાઃ ગં. સ્વ. અરુણાબેન દિનેશચંદ્ર પરીખ, કાકી-કાકાઃ અ. સૌ. ઝંખના બિરજુભાઇ પરીખ, માતા-પિતા : અ. સૌ. નેહા બ્રિજેશભાઇ પરીખ, ફઇ-ફુવાઃ અ. સૌ. મનીષા રાજેશભાઇ મંડાણી, નાની-નાના : ગં. સ્વ. સરયુબેન જયેશભાઇ શાહ, બહેન-ભાઇ : ખુશ્બુ, ક્રિશ અને ધ્રુવ.

**દશા નિમા વણિક**

નિવાસી અમદાવાદ હાલ મુંબઇ કુસુમ જિ.બુટાલા (ઉં. વ. ૮૫) તા. ૨૫-૪-૨૬ શ્રીજીચરણ પામેલ છે. જિતેન્દ્ર બુટાલાની ધર્મપત્ની.કલ્લોલિની ગાંધી, લોપા, બુટાલાની માતા. કુંજન ગાંધીની સાસુ. રેવતી ગાંધી દોહિત્રી. પ્રાર્થનાસભા ઠે. હોલ ઓફ હારમની, નહેરુ સેન્ટર, ડો. એની બેસન્ટ રોડ, વરલી-૪૦૦૦૧૮. તા. ૨૯-૪-૨૬ના સાંજે ૫થી ૬.૩૦.

**ભાવનગરી મોચી**

ગામ પડવા હાલ બોરીવલી દુલાભાઇ માવજીભાઇ વાઘેલાના ધર્મપત્ની ભાનુબેન દુલાભાઇ વાઘેલા (ઉં. વ. ૫૭) તા. ૨૮-૪-૨૬ મંગળવારના રામચરણ પામ્યા છે. શૈલેષભાઇ, રક્ષાબેન, હર્ષાબેન, અલ્પાબેનના માતુશ્રી. સ્વ. બળવંતકુમાર, રાજેશકુમાર, ઉમેશકુમાર, હિનાબેનનાસાસુ. સ્વ. ભાનુબેન ચુનીભાઇ વાઘેલા, સ્વ. મંજુલાબેન કાંતિભાઇ વાઘેલા, નિર્મળાબેન જેન્તીભાઇ વાઘેલાના દેરાણી. લીલાબેન બાબુભાઇ સરવૈયાના ભાભી. સ્વ. કલ્યાણભાઇ ગગુભાઇ સોલંકીના નારીવાલાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૩૦-૪-૨૬ ગુરુવારના સાંજે ૪થી ૬, ઠે. દુલાભાઇ માવજીભાઇ વાઘેલા, સુખ શાંતિ બિલ્ડિંગ, રાય ડોંગરી, કાર્ટર રોડ નં.૫, બોરીવલી (ઇસ્ટ), લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

ગં.સ્વ. કલ્પનાબેન, તે સ્વ. સૂર્યકાન્તભાઈ રૂપારેલિયાના ધર્મપત્ની. સ્વ. પ્રભાબેન જમનાદાસ કાનાબારની સુપુત્રી. પ્રીતિબેન હરીશભાઈ ત્રિપાઠીના માતૃશ્રી. ચંદ્રકાંતભાઈ, રાજુભાઈ, જીતેન્દ્રભાઈ, હેમંતભાઈ રૂપારેલિયા, જ્યોતિબેન ખાખરીયા તથા જિજ્ઞાબેન તન્નાના ભાભી. શિખર તથા શૌર્યાના નાનીમા. સોમવાર તા. ૨૭/૪/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૩૦/૪/૨૬ના ચાર થી છ. સ્થળઃ કેવલ બાગ ટ્રસ્ટ, કિલાચંદ રોડ, કાંદીવલી ફ્લાય ઓવરની નીચે, શંકરગલીની સામે, કાંદીવલી પશ્ચિમ.

**કચ્છી ભાટિયા**

રૂપક કરસનદાસ ટોપરાણી (ઉં. વ.૭૮) તે સ્વ. ઇન્દુમતી કરસનદાસ ટોપરાણીના પુત્ર. સ્વ. અજીતસિંહ, સ્વ. ડૉ. દિનેશ, શ્રીમતી જ્યોતિ ગુલાબસિંહ ગાજરિયા, સ્વ. રેણુકા અરુણકુમાર આશરના ભાઈ. ભાનુમતિ તથા મીનાના દિયર, હેમંતિ પ્રશાંત સુતારીયા, વૈશાલી રાજેશ શાહ, તૃપ્તિ યશ કાપડિયા, રાજનીશ તથા નીરજના કાકા. ધૃતિ અને જૈનાના કાકા સસરા, હેમાલી હેમંત આશર, માનસી કૃષ્ણકુમાર મેનન, મિતેશ તથા શ્રીમતી કેતકી સંદીપ ગુજરાતીના મામા. તા. ૨૭/૦૪/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

કવર સ્ટોરી_નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# ભારત-ન્યૂ ઝીલૅન્ડ એફટીએ: કોને કેટલો લાભ?



**ભારતે તેના સૌથી સંવેદનશીલ ક્ષેત્રો આસપાસ મજબૂત રક્ષા કવચ રચ્યું છે. ડેરી, ખાદ્યતેલ, ખાંડ અને મુખ્ય કૃષિ ચીજવસ્તુઓને ટૅરિફ કન્સેશનમાંથી બાકાત રાખવામાં આવ્યા છે, જે ખેડૂતો અને ગ્રામીણ આજીવિકા માટે રક્ષણ સુનિશ્ચિત કરે છે. આ કરારમાં ભારતીય એપેરલથી ન્યૂ ઝીલૅન્ડના એપલ અને કિવીને આવરી લેવામાં આવ્યા છે. વાણિજ્ય પ્રધાને કહ્યું છે કે, ભારત કોઇ વેપાર સોદામાં ઉતાવળ નહીં કરશે અને લમણે બંદૂક તાકીને ભારત પાસે કોઇ સોદો કરાવી શકશે નહીં.**

આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકાએ શરૂ કરેલી ટૅરિફ વૉરની ઝાળથી બચવાના ઉપાય રૂપે ભારતે તાજેતરમાં જ યુરોપિયન સમુદાય સાથે, જેને મધર ઓફ ઓલ ડીલ, ગણાવવામાં આવ્યો એવા વેપાર કરાર કર્યા છે. આ ઉપરાંત હાલ યુકે અને ઓમાન સાથે પણ પ્રોસેસ ચાલુ છે. જોકે, આજે આપણે સૌથી તાજી ટ્રેડ ડીલ વિશે વાત કરવી છે.

અગાઉ તઘલખી ટ્રમ્પના વિવિધ ટેરિફના ફતવા અને ત્યાર બાદ તેના મસ્તિસ્કના ચક્રમ જેવા નિર્ણયોને કારણે અખાતી દેશના મુખ્ય જળમાર્ગ પર ઘેરાયેલા સંકટને કારણે ખાસ કરીને આંતરરાષ્ટ્રીય વેપાર પર ગંભીર નકારાત્મક અસર પડી છે. આમાંથી બહાર આવવાના પ્રયાસરૂપે ભારત વિવિધ દેશ સાથે એફટીએ એટલે કે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરી રહ્યું છે, જેથી દેશના હિતને સાચવવા સાથે આયાત-નિકાસના વેપારને સરળ બનાવી શકાય અને બિનજરૂરી ખર્ચને ઘટાડી શકાય.

આ જ દિશાના એક પ્રયાસમાં આ સોમવારે ૨૭ એપ્રિલે ન્યૂઝીલૅન્ડ સાથે ભારતે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરીને તેને અંતિમ સ્વરૂપ આપ્યું છે, જેમાં નવી દિલ્હીએ પોતાની ટૅરિફ કન્સેશનને કાળજીપૂર્વક આકાર આપતી વખતે, સંવેદનશીલ ક્ષેત્રોને સુરક્ષિત રાખવા સાથે ન્યૂઝીલૅન્ડમાં ભારતીય નિકાસ માટે ૧૦૦ ટકા ડ્યૂટી-મુક્ત ઍક્સેસ સુરક્ષિત કરવાનો પ્રયાસ કર્યો છે.

માર્ચ ૨૦૨૫માં જાહેર થયા પછી નવ મહિનાના વિક્રમી ઓછા સમયમાં વાટાઘાટોને સાકાર કરી તૈયાર કરવામાં આવેલો એફટીએ ભારત અને ન્યૂઝીલૅન્ડ વચ્ચે માલ અને સેવાઓના વેપારને વેગ આપશે એવી અપેક્ષા છે. આ દેશ સાથેનો દ્વિપક્ષીય વેપાર વર્ષ ૨૦૨૪માં ૨.૪ બિલિયન ડૉલર સુધી પહોંચ્યો હતો, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં વેપાર ૧.૩ બિલિયન હતો, જે પાછલા વર્ષ કરતાં ૪૯ ટકાનો વધારો દર્શાવે છે.

## ભારતને શું ફાયદો થાય છે?

આ કરારથી ભારતને શું લાભ મળશે એ જોઇએ. ન્યૂઝીલૅન્ડ દ્વારા ૮,૦૦૦થી વધુ ટૅરિફ લાઇનને આવરી લેતા ટેરિફને નાબૂદ કરવાથી ભારતીય ક્ષેત્રો, ખાસ કરીને શ્રમલક્ષી ઉદ્યોગોને તાત્કાલિક ફાયદો થશે.

આ પગલાથી ખાસ કરીને કાપડ (ટેક્સટાઇલ), વસ્ત્ર (એપેરલ), ચામડું, ફૂટવેર, રત્નો અને ઝવેરાત જેવા શ્રમલક્ષી ક્ષેત્રોમાં નિકાસ ક્ષેત્રે સ્પર્ધાત્મકતા વધશે. આ રીતે કરારના લાભોના કેન્દ્રમાં લઘુ, મધ્યમ અને સૂક્ષ્મ ઉદ્યોગો (એમએસએમઇ) તથા રોજગાર સર્જનને સ્થાન અપાયું હોવાનું પ્રતીત થાય છે.

અહીં ખાસ નોંધવા જેવી બાબત એ છે કે આ એફટીએમાં પરંપરાગત ક્ષેત્રોથી આગળ નિકાસ આધારને વિસ્તૃત કરીને, મધ, મસાલા, અનાજ, ફળો, કોફી અને કોકો સહિતનાં કૃષિ ઉત્પાદનોને પણ બજારની સુલભતામાં સુધારો થવાનો અંદાજ છે.

કાપડ અને વસ્ત્રો સૌથી મોટા લાભાર્થીઓમાં સામેલ થવાની અપેક્ષા છે, જેમાં ગાર્મેન્ટ્સ, હોમ ટેક્સટાઇલ અને હેન્ડલૂમ ઉત્પાદનોનો સમાવેશ થાય છે, જ્યારે અગાઉ દસ ટકા સુધીના ટૅરિફ ચૂકવી રહેલા ચામડા અને ફૂટવેર નિકાસકારોને ઉક્ત કરાર લાગુ થયા પછી ન્યૂઝીલૅન્ડ બજારમાં ડ્યૂટી-ફ્રી પ્રવેશ લાભ મળશે.

જેમ્સ અને જ્વેલરી નિકાસકારોને પણ ઊંચી અવક ધરાવતાં બજારમાં સ્પર્ધાત્મક ભાવ સાથે પ્રવેશનો લાભ મળશે, એન્જિનિયરિંગ માલ, પ્લાસ્ટિક અને અન્ય ઉત્પાદિત ઉત્પાદનો પણ ટૅરિફ નાબૂદીથી લાભ મેળવશે.

કૃષિ અને ખાદ્ય ઉત્પાદનોમાં, ભારતીય નિકાસકારો હવે મધ, મસાલા, અનાજ, ફળો, કોફી અને કોકો સહિતની ચીજોમાં વધુ સુલભ પ્રવેશનો આનંદ માણશે, આ એવા સેગમેન્ટ્સ છે જ્યાં ટૅરિફ દૂર થવાથી સ્પર્ધાત્મકતામાં સુધારો થવાની અને ખેડૂતો અને ફૂડ પ્રોસેસર્સ માટે નવી તકો ખુલવાની અપેક્ષા છે. નોંધવું રહ્યું કે, મધનો સમાવેશ ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે પરંપરાગત જથ્થાબંધ કોમોડિટીઝ ઉપરાંત વિશિષ્ટ કૃષિ-નિકાસ અને મૂલ્યવર્ધિત ઉત્પાદનો માટે બજાર ઍક્સેસનો સંકેત આપે છે.

## ન્યૂઝીલૅન્ડને શું ફાયદો થાય છે?

હવે આપણે આ જકાતમુક્ત વ્યાપાર વ્યવસ્થાથી ન્યૂઝીલૅન્ડને કેવા લાભ મળશે એ જોઇએ. અહીં મહત્ત્વની બાબત એ છે કે, ભારતે વિદેશ બજારમાં વ્યાપક ઍક્સેસ મેળવી છે, જ્યારે તેની પોતાની ટૅરિફ પ્રતિબદ્ધતાઓ ગણતરીપૂર્વક નક્કી કરવામાં આવી છે.

ભારતે દ્વિપક્ષીય વેપાર મૂલ્યના ૯૫ ટકાને આવરી લેતી ૭૦.૦૩ ટકા ટૅરિફ લાઇન પર ટૅરિફ ઉદારીકરણની ઓફર કરી છે, જ્યારે ભારતના સંવેદનશીલ ક્ષેત્રોને સુરક્ષિત રાખવા માટે ૨૯.૯૭ ટકા ટૅરિફ લાઇનને બાકાત રાખી છે.

દેશ લગભગ ૩૦ ટકા ટૅરિફ લાઇન પરની ડ્યૂટી તાત્કાલિક નાબૂદ કરશે, જેમાં ૩૫.૬ ટકાનો ઘટાડો થશે, જે મોટાભાગે સ્થાનિક ઉદ્યોગને ટેકો આપતાં ક્ષેત્રોમાં થશે. આમાં ઊન, વન ઉત્પાદનો, ઘેટાંનું માંસ અને કોલસા જેવા ઇનપુટનો સમાવેશ થાય છે.

ન્યૂઝીલૅન્ડના પસંદગીનાં કૃષિ ઉત્પાદનો જેમ કે સફરજન, કિવી, માનુકા મધ અને મિલ્ક આલ્બ્યુમિન સહિતના આલ્બ્યુમિન માટે બજાર પ્રવેશ ટૅરિફ રેટ ક્વોટા (ટીઆરક્યુ) દ્વારા નિયંત્રિત કરવામાં આવશે, જેમાં ન્યૂનતમ આયાત કિંમતો અને સલામતીના પગલાંનો સમાવેશ થાય છે. એકંદરે, ટૅરિફ લાઇનનો માત્ર ૦.૦૬ ટકા આ ટીઆરક્યુ હેઠળ આવે છે.

માનુકા મધ, જેના પર હાલમાં ૬૬ ટકા જેટલી જકાત લાગુ થાય છે, ન્યૂઝીલૅન્ડથી તેની આયાત ૧૪.૨ એમટી (મૂલ્યમાં માત્ર ત્રણ લાખ ડૉલર) જેટલી છે, જે વૈશ્વિક સ્તરે ૩૫૬.૮ એમટી છે. કરાર દર વર્ષે ૨૦૦ એમટીના ઇન-ક્વોટા ટીઆરક્યુની મંજૂરી આપે છે, જેમાં ન્યૂનતમ આયાત કિંમત ૨૦ ડૉલર પ્રતિ કિલો અને પાંચ વર્ષમાં ૭૫ ટકા ટૅરિફ ઘટાડાનો સમાવેશ થાય છે, જ્યારે ક્વોટા બહારની આયાત સમાન તબક્કાવાર ટૅરિફ ઘટાડા સાથે ૩૦ ડૉલર કિલોની ઊંચી લઘુતમ આયાત કિંમતને આધીન રહેશે.

ડ્યૂટી પ્રથમ વર્ષમાં ૫૬.૧ ટકાથી ઘટીને પાંચમા વર્ષથી ૧૬.૫ ટકા થશે. સફરજનના કિસ્સામાં, પર હાલમાં પચાસ ટકા જકાત લાગુ થાય છે. એપલની કુલ ૫૧૯,૦૦૦ મેટ્રિક ટનથી વધુની આયાતમાંથી, ન્યૂઝીલૅન્ડથી ૩૧,૩૯૨.૬ મેટ્રિક ટન (૩૨.૪ મિલિયન ડૉલર)ની આયાત છે.

કરારમાં પ્રથમ વર્ષમાં ૩૨,૫૦૦ મેટ્રિક ટનથી શરૂ કરીને છઠ્ઠા વર્ષ સુધીમાં ૪૫,૦૦૦ મેટ્રિક ટન સુધીનો ઇન-ક્વોટા ટીઆરક્યુ હેઠળ કરવામાં આવ્યો છે, જેમાં નિર્ધારિત મોસમી વિન્ડો દરમિયાન ૨૫ ટકાનો ઘટાડો ડ્યુટી અને ૧.૨૫ ડૉલર પ્રતિ કિલોગ્રામની લઘુત્તમ આયાત કિંમતનો સમાવેશ થાય છે.

કિવી ફ્રૂટ પર હાલમાં ૩૩ ટકાના દરે જકાત લાદવામાં આવે છે. ન્યૂઝીલૅન્ડથી આયાત ૫,૮૪૦ મેટ્રિક ટન (૧૬.૯ મિલિયન) છે. પ્રથમ વર્ષમાં ટીઆરક્યુ ૬,૨૫૦ મેટ્રિક ટનથી શરૂ થાય છે અને છઠ્ઠા વર્ષ સુધીમાં ૧૫,૦૦૦ મેટ્રિક ટન સુધી વિસ્તરે છે, જેમાં ક્વોટાની અંદર શૂન્ય ડ્યૂટી અને ૧.૮૦ ડૉલર પ્રતિ કિલોગ્રામની લઘુતમ આયાત કિંમતનો સમાવેશ થાય છે, જ્યારે ક્વોટાની બહારની આયાત ઉચ્ચ ડ્યૂટી અને કિંમત નિર્ધારણ સુરક્ષાને આધીન રહે છે.

સંક્ષિપ્તમાં, ભારતે તેના સૌથી સંવેદનશીલ ક્ષેત્રો આસપાસ મજબૂત રક્ષા કવચ રચ્યું છે. ડેરી, ખાદ્યતેલ, ખાંડ અને મુખ્ય કૃષિ ચીજવસ્તુઓને ટૅરિફ કન્સેશનમાંથી બાકાત રાખવામાં આવ્યા છે, જે ખેડૂતો અને ગ્રામીણ આજીવિકા માટે રક્ષણ સુનિશ્ચિત કરે છે. સરવાળે આપણે માટે આ કરાર લાભપ્રદ જણાય છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ઈરાન-અમેરિકાના યુદ્ધનું કારણ અણુમહેચ્છા



વર્ષ ૨૦૨૬માં જ્યારે આપણે ચેર્નોબિલની ૪૦મી વરસી પર ઊભા છીએ, ત્યારે પરમાણુ જોખમ માત્ર ઈતિહાસની યાદોમાં નથી, પણ વર્તમાનની વાસ્તવિકતામાં છે. ૨૬ એપ્રિલ ૧૯૮૬ના રોજ યુક્રેનમાં જે બન્યું હતું, તેણે સાબિત કર્યું હતું કે એક નાની માનવીય કે તકનીકી ભૂલ સમગ્ર ખંડને દાયકાઓ સુધી રહેવા લાયક રાખતી નથી. આજે જ્યારે રશિયા-યુક્રેન સંઘર્ષ ચાલુ છે અને યુરોપનો સૌથી મોટો ન્યુક્લિયર પ્લાન્ટ ઝાપોરિઝ્ઝિયા સતત ગોળીબારની ઝપેટમાં છે, ત્યારે બીજી ચેર્નોબિલ જેવી દુર્ઘટનાનો ડર વિશ્વને સતાવી રહ્યો છે.

આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (આઈએઈએ) એ વારંવાર ચેતવણી આપી છે કે આધુનિક યુદ્ધમાં પરમાણુ પ્લાન્ટ 'સોફ્ટ ટાર્ગેટ' બની ગયા છે. જો આ વર્ષગાંઠ પર કોઈ વ્યૂહાત્મક હુમલો કે આકસ્મિક ગોળીબાર પ્લાન્ટની કુલિંગ સિસ્ટમને નુકસાન પહોંચાડે, તો કિરણોત્સર્ગની અસર ૪૦ વર્ષ પહેલા કરતાં પણ વધુ ભયાનક હોઈ શકે છે, કારણ કે અત્યારે આ ક્ષેત્રોમાં સૈન્ય ગતિવિધિઓ ચરમસીમા પર છે.

ઈરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધમાં પણ આ વર્ષગાંઠ એક ગંભીર વળાંક સાબિત થઈ શકે છે. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના હુમલાઓ પછી ઈરાનના નતાંઝ અને ફોર્ડો જેવા પ્લાન્ટ પર હુમલાનું જોખમ તોળાઈ રહ્યું છે. પરમાણુ ઈતિહાસમાં વર્ષગાંઠોનું મનોવૈજ્ઞાનિક મહત્ત્વ ઘણું હોય છે. દુશ્મન દેશો આવી તારીખનો ઉપયોગ મનોવૈજ્ઞાનિક દબાણ લાવવા અથવા 'રેડ લાઈન' ક્રોસ કરવા માટે કરી શકે છે.

ઈરાન પરના આર્થિક પ્રતિબંધો અને અમેરિકાની સૈન્ય નાકાબંધી વચ્ચે, જો ઈરાનના પરમાણુ મથકો પર કોઈ મોટો હુમલો થાય તો તેની પર્યાવરણીય અને માનવીય અસર પશ્ચિમ એશિયાથી લઈને મધ્ય એશિયા અને ભારત સુધી પહોંચી શકે છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં ચાલી રહેલી તંગદિલી વચ્ચે જો કોઈ પરમાણુ અકસ્માત સર્જાય તો તે વૈશ્વિક વેપારને દાયકાઓ સુધી પછાડી દેશે.

પરમાણુ અપ્રસાર સંધિ (એનપીટી)ની ૨૦૨૬ની સમીક્ષા કોન્ફરન્સમાં પણ ચેર્નોબિલની આ વરસી પર ખાસ ચર્ચા થઈ રહી છે. નિષ્ણાતો માને છે કે પરમાણુ પ્લાન્ટ્સને 'નો-વોર ઝોન' જાહેર કરવા જોઈએ. ચેર્નોબિલની દુર્ઘટનાએ આપણને શીખવ્યું હતું કે કિરણોત્સર્ગ ને કોઈ સરહદ નડતી નથી. જો આજે કોઈ પરમાણુ હુમલો થાય, તો તેનાથી ઉદ્ભવતા ન્યુક્લિયર વાદળો પવનની દિશા મુજબ યુરોપ, એશિયા કે અમેરિકા સુધી જઈ શકે છે.

આ જ કારણે વૈશ્વિક સમુદાયે આ વર્ષગાંઠ પર અત્યંત સતર્ક રહેવાની જરૂર છે. કેનેડા જેવા દેશો જે નાના રિએક્ટર્સ (એસએમઆર) વિકસાવી રહ્યા છે, તે પણ આ વરસી પર સુરક્ષા પ્રોટોકોલની સમીક્ષા કરી રહ્યા છે. છેવટે, ચેર્નોબિલ એ માત્ર એક અકસ્માત નહોતો, પણ એક ચેતવણી હતી.

જો ૨૦૨૬માં ઈરાન-અમેરિકા યુદ્ધ કે યુક્રેન સંઘર્ષમાં આ ચેતવણીને નજરઅંદાજ કરવામાં આવશે, તો માનવજાત એવી ભૂલ કરશે જેનું કોઈ પ્રાયશ્ચિત શક્ય નહીં હોય. આ વરસી આપણને યાદ અપાવે છે કે પરમાણુ ટેકનોલોજી જેટલી શક્તિશાળી છે તેટલી જ તે જોખમી છે જો તેને રાજકીય અહંકાર અને યુદ્ધના મેદાનમાં શસ્ત્ર તરીકે વાપરવામાં આવે.

આજના દિવસે, વિશ્વના નેતાઓએ માત્ર શોક વ્યક્ત કરવાને બદલે એવા નક્કર પગલાં લેવા જોઈએ, જેથી ફરી ક્યારેય કોઈ ૨૬ એપ્રિલ લોહી અને કિરણોત્સર્ગથી ખરડાયેલી ન હોય.

ઈરાન અને અમેરિકાએ આ ગંભીરતા સમજીને પરમાણુ મથકોની સુરક્ષા અંગે એક વણલિખિત સમજૂતી સાધવી જોઈએ, જેથી યુદ્ધની વચ્ચે પણ એક વૈશ્વિક આપત્તિને ટાળી શકાય. જે રીતે પાકિસ્તાને મધ્યસ્થી શરૂ કરી છે, તેમાં પરમાણુ સુરક્ષાને અગ્રતા આપવી એ જ આ સમયની માગ છે.

જો આપણે ઈતિહાસમાંથી પાઠ નહીં શીખીએ, તો આપણે તેને ફરીથી જીવવા માટે મજબૂર થઈશું, અને આ વખતે તેની કિંમત કદાચ આખી પૃથ્વીએ ચૂકવવી પડશે માટે અત્યારથી શાણા બનીને સાબદા બની જવું જરૂરી છે. ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

feedback@bombaysamachar.com
પ્રફુલ શાહ

# ભ્રષ્ટાચારમાં બદનામી ને સજા છતાં સુખરામની રાજકીય વગ ન ઘટી

ખરેખર તો દેશમાં ટેલિફોન ક્રાંતિ લાવનારા પંડિત સુખરામ શર્માએ ૧૯૯૬ના ટેલિકોમ સ્કેમ માટે ઈતિહાસમાં નામ અંકિત કરાવી લીધું પણ પછી ગોટાળા માટે વધુ ચર્ચામાં રહ્યા ને છાપાની અણગમતી હેડલાઈન બનતા રહ્યા હતા. આથી જાણવું પડે કે શું હતું ૧૯૯૬નું ટેલિકોમ કૌભાંડ?

૧૯૯૩થી ૧૯૯૬ સુધી કેન્દ્રની કૉંગ્રેસી સરકારમાં દૂરસંચાર મંત્રી રહેલા સુખરામે એક ઇન્ટરવ્યૂમાં માહિતી આપી હતી કે ભારતમાં મોબાઇલ ટેક્નોલોજી કેવી રીતે લાવવામાં આવી. ૧૯૯૫ની ૩૧મી જુલાઇએ પહેલીવાર ભારતમાં મોબાઇલ કોલ કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય દૂરસંચાર મંત્રી સુખરામ અને પશ્ચિમ બંગાળના તત્કાલીન મુખ્ય પ્રધાન જ્યોતિ બસુ વચ્ચે આ પહેલી વાતચીત થઈ હતી અને ફોન નોકિયાનો હતો.

આમ મોબાઇલ ફોનના દેશમાં આગમનથી સુખરામનું રાજકીય વજન એકદમ વધી ગયું.

૧૯૬૩થી રાજકીય સફરની શરૂઆત કરનાર હિમાચલ પ્રદેશનો આ દિગ્ગજ રાજકીય ચહેરાના પતનની શરૂઆત ૧૯૯૬માં થઈ. એવી ભયંકર બદનામી થઈ કે જીવનભર એમાંથી છુટકારો ન જ મળ્યો.

થયું એવું કે નવાસવા ભૂતપૂર્વ દૂરસંચાર પ્રધાન બનેલા સુખરામના ઘરમાં ૧૯૯૬માં સીબીઆઈના દરોડા પડ્યા હતા. યાદ રહે કે ત્યારે દેશમાં પી.વી. નરસિંહ રાવની સરકાર હતી. સુખરામના દિલ્હી અને હિમાચલ પ્રદેશ સ્થિત મંડિના ઘરોમાંથી ચલણી નોટોથી ભરેલા સુટકેસ અને બેગ મળ્યા હતા. તે સમયે ૪ કરોડથી વધુ રૂપિયા તેમની પાસેથી મળ્યા હતા. આજના ભ્રષ્ટાચારના ધોરણે આ રકમ ચણા-મમરા લાગે પણ ત્યારે અધધ લાગતા ભ્રષ્ટાચારના મામલામાં કૉંગ્રેસનો એક દિગ્ગજ નેતા ઘેરાયો હતો. સ્વાભાવિક છે કે સુખરામ સમજાવી શક્યા નહોતા કે આ પૈસાનો કાયદેસર સ્રોત શું હતો.



પંડિત સુખરામ શર્મા

એવું બહાર આવ્યું કે તેમણે દૂરસંચાર મંત્રાલયમાં રહીને ગેરકાયદે રીતે અનેક ખાનગી કંપનીઓને ભારે ફાયદો પહોંચાડ્યો હતો. આને પરિણામે સરકારી તિજોરીને નુકસાન થયું હતું. જો આ તોતિંગ ભ્રષ્ટાચાર હોય તો ગમે તેવો ધુરંધર એકલો પૂરેપૂરી મલાઈ ખાઈ ન જ શકે.

પરંતુ સુખરામને પોતીકાઓએ જ કુઠરાઘાત આપ્યા હતા. તેમને સજા અપાવવામાં કૉંગ્રેસના નેતાઓની જ ભૂમિકા નિર્ણાયક રહી એમ કહી શકાય. સુખરામના સમયના વડા પ્રધાન પીવી નરસિંહ રાવ અને તત્કાલીન કૉંગ્રેસ અધ્યક્ષ સીતારામ કેસરીએ સીબીઆઇને નિવેદન આપ્યું હતું કે જપ્ત કરાયેલી રોકડ રકમ પૈસા સુખરામના જ છે.

સુખરામની બદનામી વધતાં કૉંગ્રેસે તેમને પક્ષમાંથી કાઢી મૂક્યા હતા. ૧૯૯૭માં હિમાચલ વિકાસ કૉંગ્રેસ બનાવી અને ૧૯૯૮ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સાથે ગઠબંધન કરીને સરકારમાં પણ સામેલ થયા હતા. એમના પ્રાદેશિક પક્ષના સુખરામ સહિત પાંચ વિધાનસભ્યો પ્રધાન બન્યા હતા. એમના પુત્ર અનિલ શર્મા ૧૯૯૮માં રાજ્યસભામાં ચૂંટાઈ આવ્યા એટલુ સુખરામનું રાજકીય સામર્થ્ય ખરું. ૨૦૦૩માં સુખરામ ફરી મંડિથી જીત્યા અને ફરી કૉંગ્રેસ સાથે હાથ મિલાવ્યો. અને ૨૦૧૭માં સુખરામ પુત્ર સાથે ભાજપમાં જોડાયા પરંતુ બે વર્ષમાં જ કૉંગ્રેસમાં 'ઘર વાપસી' કરી. સુખરામના પુત્ર અનિલ શર્મા મંડિથી ભાજપના વિધાનસભ્ય છે.

જોકે પછી તેઓ ફરી કૉંગ્રેસમાં આવ્યા અને પરિવાર ભાજપમાં પણ ગયો. નવી સદી શરૂ થતા જ સુખરામને સજા થવા લાગી. ૨૦૦૨માં તેમને ત્રણ વર્ષની સજા થઈ હતી. પ્રધાનપદનો દુરુપયોગ કરતા તેમણે એક ખાનગી કંપનીને સામાન સપ્લાય કરવાનો ઠેકો આપ્યો જેનાથી સરકારને ૧.૬૬ કરોડ રૂપિયાનું નુકસાન થયાનું સાબિત થયું હતું. અન્ય એક મામલામાં પદનો દુરુપયોગ કરતા તેમણે એક ખાનગી કંપનીને ઠેકો આપ્યો અને બદલામાં ત્રણ લાખ રૂપિયાની લાંચ લીધી. એક કંપનીને તેમણે દૂરસંચાર વિભાગને ૩૦ કરોડ રૂપિયાના કેબલ વેચવા માટે ઠેકો આપ્યો હતો અને તેના બદલામાં પૈસા લીધા હતા. ૨૦૧૧માં તેમને દોષી જાહેર કરવામાં આવ્યા અને પાંચ વર્ષની સજા આપવામાં આવી. આ પહેલાં સુખરામને આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં ૨૦૦૯માં દોષી ઠરાવવામાં આવ્યા હતા. તેમની સામે ૪.૨૫ કરોડ રૂપિયા ગેરકાયદે રીતે કમાવવાના આરોપ લાગ્યા હતા.

૨૦૧૧ના નવેમ્બરમાં સુખરામની રાહત માટેની અપીલને નકારી કાઢતાં, વિશેષ સીબીઆઇ જજ આરપી પાંડેએ આ ૮૬ વર્ષીય રાજકારણીને ચાર લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. પૂર્વ ટેલિકોમ મંત્રીના વકીલે તેમની વૃદ્ધાવસ્થાને ધ્યાનમાં રાખીને અદાલતને સહાનુભૂતિ બતાવવા વિનંતી કરી હતી. પરંતુ પ્રોસિક્યુટરે તેમને 'રીઢા ગુનેગાર' ગણાવ્યા હતા કે, જેણે જનતાના વિશ્વાસ સાથે 'દ્રોહ' કર્યો હતો અને તેઓ પહેલાથી જ બે અન્ય કેસોમાં સજા પામી ચૂક્યા હતા.

ચુકાદો જાહેર કરતાં જ સુખરામને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. તેમને લોકઅપ તરફ લઈ જવામાં આવી રહ્યા હતા ત્યારે હરવિંદર સિંહ નામના યુવાને તેમના પર હુમલો કર્યો હતો. સુખરામને તિહારની જેલ નંબર વનમાં રાખવામાં આવ્યા હતા, જ્યાં અન્ય પૂર્વ ટેલિકોમ મંત્રી એ. રાજા પહેલેથી બંધ હતા.

તેમના શર્મા પરિવારનો હિમાચલના બ્રાહ્મણોમાં નોંધપાત્ર પ્રભાવ છે. આ રાજ્યના મતદાતાઓમાં લગભગ ૨૦% બ્રાહ્મણો છે. તેમના એક પૌત્ર આયુષ શર્મા અભિનેતા છે અને સુપરસ્ટાર સલમાન ખાનની બહેન સાથે તેમના લગ્ન થયા છે. આયુષ શર્મા પહેલા હીરો ને પછી નિર્માતા બન્યા પણ હજી સુધી સફળતા હાથ લાગી નથી.

પંડિત સુખરામે ઉંમર અને વિવિધ માંદગીને પગલે ૨૦૨૨માં ૯૪ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. તેમને ભ્રષ્ટાચારના મામલામાં ભલે સજા થઈ હોય પરંતુ જનતાએ તેમને ક્યારેય દિલથી દૂર કર્યા નહોતા. જનતાના તો તેઓ હંમેશાં 'પંડિતજી' જ રહ્યા હતા. (સંપૂર્ણ)■

સિક્કાની ત્રીજી બાજુ
_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# ‘બા બા બ્લેક શિપ’ જેવાં અંગ્રેજી જોડકણાં પાછળ શું રહસ્ય છુપાયું છે?

## આપણે બાળકોના મોઢે ‘બા બા બ્લેક શિપ- હમ્પ્ટી ડમ્પ્ટી, જેક ઍન્ડ જિલ’ ઇત્યાદિ જોડકણાં સાંભળીને પોરસાઈએ છીએ, પરંતુ તેની પાછળનો ક્રૂર ઈતિહાસ ખબર છે?

વેકેશન પડી ગયું છે. બાળકો રમી રહ્યાં છે. અનેક પરિવારો બહાર ફરવા ઉપડી જશે તો બીજી તરફ, ઘરે બાળકો નવરાં ન પડે તે માટે સમર કેમ્પથી માંડીને નાચ, સ્કેટિંગ, રમતગમત શિક્ષણ, ચિત્ર, સંગીત, સ્વિમિંગ, ગણિત વગેરેના વર્ગોમાં સંતાનોને મૂકી દેવામાં આવશે... જો એમને નર્સરીમાં મૂકવાનું હશે તો માતા- પિતા તેમને અંગ્રેજી જોડકણાં (રાઇમ) શીખવાડવામાં પડ્યાં હશે. પરંતુ શું તમે જાણો છો કે જે અંગ્રેજી જોડકણાં ભણાવવામાં આવે છે અને બાળકો તેને કંઠસ્થ કરી ઍક્શન સાથે ગાય ત્યારે આપણે આનંદ અનુભવીએ છીએ તે જોડકણાં પાછળ એક કડવું સત્ય, એક વેદના, અત્યાચાર છુપાયેલાં છે?

‘બા બા બ્લેકશિપ’ જોડકણું બધાને સ્મરણમાં હશે. આ જોડકણું ઈ. સ. ૧૭૩૧માં લખાયું હતું અને ઈ. સ. ૧૭૪૪માં ટોમી થમ્બની ‘પ્રેટી સોંગ બુક’માં પહેલી વાર છપાયું હતું. આની પાછળ વાત એવી છે કે ૧૩મી સદીના ઉત્તરાર્ધમાં ખ્રિસ્તીઓ અને મુસ્લિમો વચ્ચે જે પંથયુદ્ધ (ક્રુસેડ/જિહાદ) થયું. યુદ્ધમાં નાણાં ખૂટી જતાં હોય છે.

ઇંગ્લૅંડમાં રાજા ઍડવર્ડ- પ્રથમને તિજોરી ભરવી હતી. આથી તેણે ઘેટાં (શિપ)ના પશુપાલકો પર ‘ઑલ્ડ કસ્ટમ ટેક્સ’ નાખ્યો. કપડાં બનાવવાં માટે ઊનની બહુ મોટા પાયે જરૂર હતી. રાજા દરેક પશુપાલક પાસેથી એક તૃત્તીયાંશ ઊન વસૂલતો હતો. જ્યારે બીજું એક તૃત્તીયાંશ ચર્ચ લઈ જતું હતું.




પશુપાલક પાસે વધતું હતું માત્ર એક તૃત્તીયાંશ ઊન. આ વેરાથી ઇંગ્લૅંડની તિજોરી બે સદી સુધી ભરાતી રહી.

આ જોડકણાના મૂળ ગીતમાં ભરવાડ છોકરા પાસે બહુ કંઈ ઊન બચતું નથી કારણ કે તે માસ્ટર (રાજા), ડેમ (આમ તો તેનો અર્થ માનવંતી મહિલા થાય, પરંતુ અહીં સંદર્ભ ચર્ચ માતા છે)ને આપી દે છે. પરંતુ અત્યારે એવું ભણાવાય છે કે ભરવાડ છોકરો ઉદાર છે જે તેના સ્વામી/માલિકને, ડેમ એટલે કે મહિલાને અને લેનમાં રહેતા નાનકડાં છોકરાને ઊન વહેંચે છે.

આજ રીતે બાળકોને શીખવાડાતાં અંગ્રેજી જોડકણાંમાં ‘પડવા’નું બહુ આવે, જેમકે ‘હમ્પ્ટી ડમ્પ્ટી સેટ ઑન ધ વોલ, હમ્પ્ટી ડમ્પ્ટી હેડ અ ગ્રેટ ફોલ.’ આ ‘હમ્પ્ટી ડમ્પ્ટી’ જોડકણાં પાછળ પણ એક અપ્રિય સત્ય છે.

આ ‘હમ્પ્ટી ડમ્પ્ટી’ એ ઇંગ્લૅંડના અત્યાચારી રાજા રિચાર્ડ -તૃત્તીય તરફ સંકેત કરે છે જેનો ઈ. સ. ૧૪૮૫માં બોસવર્થ યુદ્ધના મેદાનમાં અંત આવ્યો હતો. રાજા રિચાર્ડ તેના ઘોડા (વોલ) પરથી પડી જાય છે અને પછી તેના સૈનિકો તેને બચાવી શકતા નથી.

આ જ રીતે ‘જેક એન્ડ જિલ’માં જેક ફ્રાન્સના છેલ્લા રાજા લુઇસ-સોળમા અને જિલ તેની રાણી મેરી એન્ટોઇનેટ્ટેની વાત દર્શાવે છે. જેકનું ક્રાઉન એટલે કે માથું તૂટી જાય છે. ફ્રાન્સની ક્રાન્તિમાં લુઇસનું માથું ધડથી અલગ કરી દેવામાં આવ્યું હતું. લુઇસના વધના નવ મહિના પછી રાણી મેરીનો પણ વધ થયો હતો. ‘ઍન્ડ જિલ કેમ ટમ્બલિંગ આફ્ટર’ આ લાઇન રાણીના વધની વાત કરે છે.

જોકે, ‘જોની જોની યસ પાપા’ પાછળ આવો કોઈ ઇતિહાસ તો નથી પણ તેમાં જૂઠું બોલવાને પ્રોત્સાહન છે. છોકરો ખોટું બોલે છે કે તેણે ખાંડ નથી ખાધી અને




જ્યારે પિતા મોઢું ખોલવા કહે છે ત્યારે તે મોઢું ખોલી ખાંડ બતાવે છે અને હસે છે. આપણે અજાણતાં બાળકને શું શીખવાડીએ છીએ તે જુઓ. બીજું કે બાળકને ઇંગ્લૅંડ કે ફ્રાન્સના રાજા સાથે શું લેવાદેવા? અંગ્રેજી ભણાવવું જ હોય તો તેમાં ભારતીય સંદર્ભનાં જોડકણાં નવેસરથી ન લખી શકાય?

અંગ્રેજી જોડકણું ત્યાંની ભોગની વૃત્તિ પણ દર્શાવે છે, જેમકે રેઇન રેઇન ગો અવે, કમ અગેઇન અનધર ડે, લિટલ જોની/આર્થર વોન્ટ્સ ટૂ પ્લે. આની પાછળનો અર્થ એવો બતાવાય છે કે ઇંગ્લૅંડમાં જોની/આર્થરને રમવું છે તેથી તે વરસાદ નથી ઇચ્છતો. જ્યારે ભારતીય બાળકો વરસાદમાં રમતાં હોય છે. તે ઇંગ્લૅંડનાં બાળકો જેવા સુંવાળાં નથી હોતાં. આપણે તો ગાઈએ, ‘આવ રે વરસાદ, ઘેબરિયો વરસાદ, ઊની ઊની રોટલી ને કારેલાનું શાક’. ભારત કૃષિ પ્રધાન દેશ છે. તેથી વરસાદ એ અનિવાર્યતાય છે અને વરસાદનું આગમન આનંદ પણ આપે છે. જોકે હવે વધતા જતા શહેરીકરણ અને કાદવ-કીચડ-પાણીથી ચીડના કારણે વાહન અટકે, ચાલવામાં તકલીફ પડે તેથી કેટલાક શહેરીજનો, ઇંગ્લૅંડના આ જોનીની જેમ વરસાદથી ચીડ અનુભવે છે ખરા.

-તો આ હતું, આ અંગ્રેજી જોડકણાં પાછળનું સત્ય. હવે તમે મહેમાનો સમક્ષ તમારા બાળકને ‘બેબી, રાઇમ સિંગ કરો તો પ્લીઝ’ કહો ત્યારે તેની પાછળનું સત્ય વિચારજો.

આવાં જોડકણાંના સ્થાને ભલે અંગ્રેજી, પણ ભારતીય અર્થપૂર્ણ અને ગર્વ થાય તેવાં જોડકણાં શીખવવામાં આવે તેવા પ્રયત્નો શિક્ષણવિદ અને સરકાર દ્વારા થાય તે ઇચ્છનીય છે.

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# ડોક્ટર જ ડોક્ટર, ચારે કોર!

આપણા દેશમાં દવાઓનું ઉત્પાદન ભલે પૂરતી માત્રામાં ન થતું હોય, પણ ડોક્ટરોનું ઉત્પાદન બહુ ભારે માત્રામાં થાય છે. ઉત્પાદન વૃદ્ધિના સામાન્ય નિયમ અહીં પણ લાગુ પડે છે એટલે કે સમાજમાં ડોક્ટર પેદા થવા માંડ્યા તો પછી ખૂબ થવા માંડ્યા. રોગ અને દર્દીઓની આ ગરીબ દેશની જમીન ડોક્ટરો પેદા કરવા માટે ખૂબ ઉપજાઉ છે!

કયો માણસ ક્યારે ડોક્ટર બની જાય, તમે કંઇ ન કહી શકો... પોતાનાં બીમાર મા-બાપ, દર્દી, સગાંસંબંધી અને પાગલ દોસ્તને જોઈને માણસનું દિલ એક વાર અચાનક ડોક્ટર બની જાય પછી દર્દીઓની અહીં કમી નથી. એકપણ ન શોધો તોયે હજાર મળી આવે. બલકે મોટા ભાગના લોકો ડોક્ટરને જોતાં વેંત જ પેશંટ બની જાય છે! અંદર ને અંદર પેશંટત્વ ઊભું થવા લાગે છે! કેટલાય લોકો બીમાર નથી પણ એ આશામાં હાયકારા લેવા માંડે છે કે ડોક્ટર ત્યાંથી પસાર થાય તો એમનું ધ્યાન ખેંચાય. આ દેશ, ચીખતા-ખાંસતા-ફૂંકતા-ઓડકારતા-ટળવળતા લાખો, કરોડો લોકોનો ધ્વનિ-પ્રધાન દેશ છે. ડોક્ટરોના વિકાસ માટે જે સંગીત અને તાલ જોઈએ એ અહીંયાં પૂરતી માત્રામાં અવેલેબલ છે! ક્યારે ક્યાં કઈ દર્દના વિવિધ ધ્વનિ છોડવા માંડશે એનું કંઇ નક્કી ન કહેવાય. આવા રાષ્ટ્રીય ધ્વનિ જ તો લોકોને ડોક્ટર બનવા પ્રેરણા આપે છે.




આજે આપણે ડોક્ટરોની નિકાસ કરી શકીએ એવી સ્થિતિમાં છીએ. સરકાર ચાહે તો ડોક્ટરોનો બફર સ્ટોક અર્થાત્ વધારાનો સંગ્રહ કરી શકે એમ છે. ડોક્ટરોના સેલ પણ લગાડી શકે છે. વિદેશથી આવનારા મહેમાનોને પેકેટબંધ ડોક્ટરની ભેટ પણ આપી શકે એમ છે ‘આ લો, આમારા તરફથી બે આંખ-કાન સ્પેશિયાલિસ્ટ!’

જેમ રોમેંટિક વાર્તાઓના લેખકો લખતા હોય છે કે ‘તે રાત્રે એ હતી, પણ ચંદ્ર નહોતો. પછી એક રાતે ચંદ્ર હતો, હું હતો, પણ તે નહોતી. પછી ક્યારેક તે હતી, ચંદ્ર હતો ને હું નહોતો!’ એવી જ રીતે આપણા દેશમાં રોમેંટિક સ્થિતિઓ ઠેર ઠેર છે જેમ કે પેશંટ છે, દવા છે, પણ ડોક્ટર નથી! યા તો ડોક્ટર છે, પેશંટ છે, પણ દવા નથી! અથવા તો દવા છે, ડોક્ટર છે પણ પેશંટ નથી! અને ત્રણેય એક જ જગ્યાએ હોય તો શું કહેવું જી? તો તો નર્સિંગ હોમ થઈ જાયને?

આપણા દેશમાં ડોક્ટરો પેશંટો સાથે વોલીબોલની જેમ રમે છે. એક સ્પેશિયાલિસ્ટ ઉછાળીને બીજા સ્પેશિયાલિસ્ટને ત્યાં મોકલે છે. બીજો, ત્રીજાને ત્યાં ને ત્રીજો પાછો પહેલાને ત્યાં ફંગોળે છે. બીમારી હવામાં જ લટકી જાય છે અને એની સાથે પેશંટ પણ! ડોક્ટરોના હાથ એ બેઉની સાથે રમ્યા જ કરે છે!

આજકાલ સરકારને ફિકર સતાવે છે કે મેડિકલ કોલેજોમાં ડોક્ટરોનું વાર્ષિક ઉત્પાદન ઓછું કરવામાં આવે.

જુઓ ભાઈ, બજારભાવ નીચે જાય અને સરકારી મંડીમાં માલની પૂછપરછ ઓછી થવા લાગે તો થોડો સમય ઉત્પાદન રોકવું પડેને? ભાવ ઉપર ઊઠશે તો પાછું મશીન ચાલુ કરી દેશું! આ દેશમાં અસલીનકલી ડોક્ટરોને તૈયાર કરવામાં વાર ક્યાં લાગે છે?

તમે બોલો, કેટલા આલીએ તમને? તાજ્જો જેમ રોમેંટિક વાર્તાઓના લેખકો લખતા હોય માલ, ડોક્ટરોનો! હોવ્વ!

# ગુજરાતની અનમોલ કલા એટલે ભવાઈ...

તસવીરની આરપાર __ભાટી એન.
feedback@bombaysamachar.com

ભવાઈ કલા ગુર્જર વસુંધરાની અનમોલ કલા છે, તેમાં તમામ પાત્રો પુરુષ ભજવે છે. તેમાંય સ્ત્રી પાત્ર એટલું આબેહૂબ ભજવે કે સાચે જ દર્શકો તેના પર મનમોહિત થઈ જાય અને રૂપિયાનો વરસાદ કરી નાખે તો ભવાઈ કલામાં હાસ્ય કલાકાર ડાગલો પાત્ર જોતાંવેત પેટ પકડી હસવું આવે અને જેદી ફિલ્મી દુનિયા કે ટેલિવિઝનનું અસ્તિત્વ નોતું તેદી ભવાઈ કલા જ મનોરંજનનું બેસ્ટ સાધન હતું. રાત્રે ગામનાં ચોરે કે ચોકમાં ભવાઈ ભજવાય તે જોવા ભારે ભીડ રહેતી અને સમાજ ઉપયોગી નાટકો ભજવે તેમ જ કુરિવાજ દૂર કરવા કટાક્ષ કરે એટલે જન જાગૃતિનું બેસ્ટ કામ કરે. ભવાઈ કલાનો ઇતિહાસ ખૂબ પ્રાચીન છે, તેનાથી તમે અવગત હશો પણ એક બ્રાહ્મણ પરિવારે એક દીકરીને બચાવવા કરેલ કામગીરીથી તેમનાં પર સંકટનાં વાદળો વરસી ગયા અને ભવાઈ કલા તરફ જવાનું થયું આવું બલિદાન આપનાર ભવાઈ પરિવારને જાજેરી જુવાર સલામ છે.

ભવાઈ ગુજરાતનું આશરે ૭૦૦ વર્ષ જૂનું લોકનાટ્ય છે, જેના જનક ૧૪મી સદીમાં સિદ્ધપુરના ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ અસાઈત ઠાકર હતા. સામાજિક કુરિવાજો પર કટાક્ષ અને મનોરંજન માટે શરૂ થયેલી આ કલામાં ભૂંગળ વાદ્ય મુખ્ય છે. એમાં અસાઈતે પટેલની પુત્રીને બચાવી જ્ઞાતિબહાર થયા બાદ વિકસાવી હતી એવી લોક વાયકા છે. શહેરો અને ગામડાઓમાં જઈ સામાજિક અને ધાર્મિક મેસેજ આપવાનું માધ્યમ એ ભવાઈ છે. ભવાઈમાં જે વાદ્યો વપરાય છે. તેનું ખાસ મહત્ત્વ છે. ભવાઈમાં મુખ્યત્વે ભૂંગળ તબલા, ઝાંઝ, ઢોલક, મંજીરા અને



સારંગી વગેરે વાજિંત્રો વપરાય છે. ભવાઈ શબ્દ સંસ્કૃત શબ્દ ભવ પરથી ઊતરી આવ્યો હોઈ શકે છે, જેનો અર્થ અભિવ્યક્તિ અથવા લાગણી થાય છે. તે હિન્દુ દેવી અંબા સાથે પણ સંકળાયેલ છે. ભવનો અર્થ બ્રહ્માંડ અને આઈનો અર્થ માતા થાય છે, તેથી તેને બ્રહ્માંડની માતા અંબાને સમર્પિત કલા સ્વરૂપ પણ ગણી શકાય. ભવાઈને વેશા અથવા સ્વાંગ તરીકે પણ ઓળખવામાં આવે છે, જેનો શાબ્દિક અર્થ ‘ઊઠવું’ થાય છે.

એવું માનવામાં આવે છે કે અસાઇત ઠાકરે લગભગ ૩૬૦ નાટકો અથવા વેશા (શાબ્દિક પોશાક) લખ્યા હતા, પરંતુ ફક્ત ૬૦ નાટકો જ બચ્યાં છે, જેમાં કેટલાક તેમના પોતાના નામ સાથે છે. તેમના એક નાટકમાં, અસાઇત તેમની રચના ૧૩૬૦ ઈ.સ.માં લખી હતી. ભવાઈ નાટકનો વિકાસ લોક મનોરંજનના પહેલાના સ્વરૂપોમાંથી થયો હોય તેવું સ્પષ્ટપણે જણાય છે. તે મધ્યયુગીન સંસ્કૃત ઉપરૂપક (સ્વરૂપો) પરથી ઉદ્ભવ્યું હશે, આજે ભવાઈ કલા છેલ્લા શ્વાસ લે છે. સરકારે આગળ આવી તેમને પ્રોત્સાહન આપવું પડશે.

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RADIATOR | ચિકિત્સા વિજ્ઞાન |
| RADIOLOGY | ત્રિજ્યા |
| RADISH | કારનું યંત્ર |
| RADIUM | મૂળો |
| RADIUS | કિરણોત્સર્ગી ધાતુ |

## માતૃભાષાની મહેક

દિલના પર્યાયવાચી શબ્દો છે મન,ચિત્ત,અંતઃકરણ. દિલ આવવું એટલે પ્રેમમાં પડવું. દિલ આપવું એટલે અંતરની ઈચ્છા જણાવવી, મનના વિચાર જણાવવા. દિલમાં ઉચાટ થવો એટલે દુઃખી થવું... દિલ ઉતારી નાખવું એટલે પ્રીતિ ઓછી કરવી અથવા બંધ કરવી. દિલ ઊઠી જવું એટલે અણગમો થવો, નારાજ થવું, ભાવ ઘટવો, સ્નેહમાં ભંગાણ પડવું.

## ગુજરાત મોરી મોરી રે

‘અણધારી આફતનો વિચાર કરી બચત યોજના બનાવવી’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

બાંધવી પાણી પાળ જોઈએ પહેલાં

## ઈર્શાદ

*પદમણી, હળવેથી પગલું મેલ,*
*આજ તારું હૈયું છલકે કે હેલ?*
*--- નિરંજન ભગત*

## શબ્દલાલિત્ય
કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | | ૫ | ■ | ૬ | |
| ■ | | ■ | ૭ | | ■ | | ■ | | ■ |
| ૮ | | | ■ | ૯ | | ■ | ૧૦ | | ૧૧ |
| ■ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | ■ | ૧૪ | |
| ૧૫ | | | ■ | ■ | ૧૬ | | ■ | ■ | |
| | ■ | ■ | ૧૭ | | ■ | ■ | ૧૮ | ૧૯ | |
| ૨૦ | ૨૧ | ■ | | ■ | ૨૨ | | | | ■ |
| ૨૩ | | | ■ | ૨૪ | | ■ | ૨૫ | | |
| ■ | | ■ | ૨૬ | ■ | ૨૭ | ૨૮ | ■ | | ■ |
| ૨૯ | | ■ | ૩૦ | | | | ■ | ૩૧ | |

### આડી ચાવી

૧. --- આગળ ભાગવત (૨)
૩. ઈચ્છા, દોહદ (૪)
૬. પતિવ્રતા સ્ત્રી (૨)
૭. મારવો તો --- (૨)
૮. રાજ્યકર્તા (૩)
૯. નયન, લોચન (૨)
૧૦. અસ્પષ્ટ (૩)
૧૨. ઈમાનદાર (૨)
૧૪. વન (૨)
૧૫. કાંકરો (૩)
૧૬. દુઃખ, પીડા (૨)
૧૭. કવિતા (૨)
૧૮. શુભપ્રસંગે બનતી મીઠી વાનગી (૩)
૨૦. ઈંચ જેટલું માપ (૨)
૨૨. પાણી (૨)
૨૩. લોહી (૩)
૨૪. કબજો (૨)
૨૫. વૃદ્ધ (૩)
૨૭. અધિકાર (૨)
૨૯. માલમિલકત (૨)
૩૦. ઝરણું (૪)
૩૧. તેજ, જલદ (૨)

### ઊભી ચાવી

૨. સડેડાટ, સપાટાબંધ (૫)
૩. અમૃત (૨)
૪. પૂરેપૂરું ભરેલું (૪)
૫. ઘટ, નુકસાન (૨)
૬. આદર સત્કાર, સેવાચાકરી (૪)
૧૧. લશ્કરી જહાજ (૪)
૧૩. રીત, ધારો (૨)
૧૫. પાટવી પુત્ર, સૌથી મોટો દીકરો (૪)
૧૭. મુસલમાન ન્યાયાધીશ (૨)
૧૯. ગુજરાતની એક નદી (૫)
૨૧. સહેલાઈ, સરળતા (૪)
૨૨. હવાપાણી (૪)
૨૬. દુપટ્ટો, ખભે નાંખવાનું વસ્ત્ર (૨)
૨૮. જીણો કણ કે કસ્ય (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ મ | ૨ ક | રં | ૩ દ | ■ | ૪ મો | ૫ ફૂ | ૬ ફ | ■ |
| ૭ પ | સ્તા | ળ | ■ | ૮ ગ | ૯ ત | ■ | ૧૦ પ | ર | ૧૧ ત |
| ૧૨ રા | ન | ■ | ૧૩ વ | ડ | વા | ગ્નિ | ■ | ૧૪ જ | ર |
| ગ | ■ | ૧૫ કા | ■ | ■ | ઈ | ■ | ૧૬ અ | ■ | ણું |
| ■ | ૧૭ ત | ર | ૧૮ ફે | ણ | ■ | ૧૯ સૂ | ર | ૨૦ ત | ■ |
| ■ | ૨૧ મા | ગ | ણ | ■ | ૨૨ ફ | ર | મા | ન | ■ |
| ૨૩ ત | ■ | ત | ■ | ૨૪ નિ | ■ | ■ | ન | ■ | ૨૫ જ |
| ૨૬ લા | ૨૭ ત | ■ | ૨૮ આ | રા | ૨૯ સુ | ર | ■ | ૩૦ પ | લ |
| ૩૧ શ | રી | ૩૨ ર | ■ | ૩૩ શ | ર | ■ | ૩૪ સ | રો | દ |
| ■ | ૩૫ કો | વિ | દ | ■ | ૩૬ મો | ઢા | મો | ઢ | ■ |

## ઓળખાણ પડી?

આધુનિક ભૌતિકશાસ્ત્રના જનક તેમજ જગતને સાપેક્ષવાદના સિદ્ધાંતની ભેટ આપનારા વિખ્યાત જર્મન વૈજ્ઞાનિકની ઓળખાણ પડી?



અ) એડિસન બ) એરિસ્ટોટલ ક) આઈન્સ્ટાઈન ડ) એન્ડરસન

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘પ્રારબ્ધ લખ્યા મુજબ જ વર્તે’ વાક્યમાં પ્રારબ્ધ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) દાખલો બ) મહેનત ક) પરીક્ષા ડ) નસીબ

## માઈન્ડ ગેમ

સાઉથ આફ્રિકાની રંગભેદ નીતિ વિરુદ્ધ લડત આપનારા અને ગાંધીજીના સિદ્ધાંતોમાં શ્રદ્ધા રાખનારા અનન્ય રાજનેતાનું નામ જણાવો.

અ) બોરિસ યેલ્તસીન બ) નેલસન મંડેલા ક) માર્શલ ટીટો ડ) વિલિયમ મુગાબે

## સુડોકુ - ૯૨૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | | | | | | ૧ | ૪ |
| ૯ | | | ૨ | | ૫ | | | ૬ |
| | ૩ | | | ૭ | | | ૨ | |
| ૮ | ૪ | | | | | | ૫ | ૧ |
**જોઈએ છે**
એડવોકેટ, મહારેરાના કામ માટે વિલેપાર્લેમાં:- 9819445558. (૧૦૨૨-એ)

# ઈડીએ અનિલ અંબાણીનો મુંબઈનો ફ્લેટ ટાંચમાં લીધો

નવી દિલ્હી: બૅન્ક સાથે ૩,૦૩૪ કરોડ રૂપિયાની છેતરપિંડી સાથે સંકળાયેલા મની લૉન્ડરિંગ કેસને મામલે રિલાયન્સ કમ્યુનિકેશન્સ વિરુદ્ધ ચાલી રહેલી તપાસના ભાગરૂપે ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ ઉદ્યોગપતિ અનિલ અંબાણીના મુંબઈસ્થિત ફ્લેટ અને પુત્ર જય અંશુલ અંબાણી સાથે સંયુક્ત માલિકી ધરાવતા ખંડાલાસ્થિત ફાર્મહાઉસને ટાંચમાં લેવામાં આવ્યા હોવાનું ઈડીએ મંગળવારે કહ્યું હતું.

જનતા તેમ જ બૅન્કોના હિતનું રક્ષણ કરવા અને સંપત્તિનો વ્યય થતો અટકાવવા પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ અંતર્ગત સંપત્તિનું પ્રોવિઝનલ અટેચમેન્ટ કરવામાં આવ્યું હોવાનું ઈડી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. રિલાયન્સ કમ્યુનિકેશન્સ (આરકોમ) રિલાયન્સ અનિલ અંબાણી ગ્રૂપ (આરએએજી)ની કંપની છે. આરએએજીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર ટાંચમાં લેવામાં આવેલી અમુક સંપત્તિ અનિલ અંબાણીની માતા કોકીલાબેન ધીરુભાઈ અંબાણીની માલિકીની છે. (એજન્સી) ■

## ૩૩. ધંધાદારી

**એકાઉન્ટ્સ**
એકાઉન્ટ્સ ફાઇનલાઇઝેશન - ઇન્કમટેક્ષ રિટર્ન - જીએસટી રિટર્ન - ટિડિએસ રિટર્ન વ્યાજબી દરે તમારે ત્યાં કરી આપીશું 7977866201 / 7507797315. (બી-૧૭૪૦૫)

**અધીક માસ**
તથા શુભ પ્રસંગો નિમિત્તે આપવા ગીફ્ટ આઈટમો ફેકટરી ભાવે- 9930310057 (બી-૧૭૪૫૯)

**સર્ચ રીપોર્ટ**
**ઓલ્ડ એગ્રીમેન્ટ**
**ઓલ્ડ OC પ્લાન્સ**
**એરીયા સર્ટીફિકેટ**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૭૪૫૮)

**લીકેજ સોલ્યુશન**
**બિલ્ડિંગ, ટેરેસ, પેરાપેટ વોલ, વોટર ટેંક, પેઇન્ટિંગ, Dr. Fixit, Asian Paint Authorised Applicator. 9987651755, 7021765031. (૯૯૫/એ)**

■ કર્નાટકના લીલા નાળિયેર તથા નાસિકની ડુંગળીના હોલસેલ વ્યવસાયમાં પાર્ટ ટાઈમ, ફુલ ટાઈમ પાર્ટનર અથવા ઈન્વેસ્ટર તરીકે વ્યવસાય શરૂ કરો - 9011362616. (બી-૧૭૪૭૬)

**VILEPARLE**
Required Persons for Shares, Dividend & Physical etc. Contact:- 9819445558. (1022-C)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રી ગણેશાય નમઃ**
**જય ખોડિયારમાં**
**જપ માટે મળો. કોઈપણ પ્રકારનાં જપ ઘરે બેઠા કરી આપીશું. ગૃહનાં જાપ, મહામૃત્યુંજયનાં જપ વગેરે મો. 9819668885. (બી-૧૭૪૭૦)**

**સચોટ જ્યોતિષ**
**જન્મ તારીખ સમય વાટ્સઅપ કરો. લગ્ન યોગ ક્યારે કયા વર્ષમાં કઈ તારીખ માર્ગદર્શન આપશું. ફી - આપના આશીર્વાદ - 7304586200. (બી-૧૭૫૦૩)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ PREMIUM ૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઉધઈ, ઉંદરનો ઉપાય. PESTIGUARD - 8169473531 / 9898637635. (બી-૧૭૪૫૬)

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી), ઉધઈ, વાંદા, માંકડ, કાંદિવલી 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૯૫૯/ડી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૯૫૯/બી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફિંગ વર્ક**
PU ફોમ ઈન્જેકશન ગ્રાઉન્ટિંગ તોડ્યા વગર વોટરપ્રૂફિંગ વર્ક બાથરૂમ, ટોયલેટ, સ્વિમિંગ પૂલ, વોટર ટેન્ક, પોડિયમ સાથે ટેરેસ. 9136328369. (૫૩૮-બી)

**લીકેજ સ્પેશ્યાલીસ્ટ**
સોસાયટી, બિલ્ડિંગ, રીપેરીંગ, પેઈન્ટીંગ, ટેરેસ, સાઈડવોલ. 9892901140, 9987694771. (૧૦૪૦-એ)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૪૪૫)

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

# મુંબઈ-અયોધ્યા, પુણે-વારાણસી અમૃત ભારત એક્સપ્રેસને લીલી ઝંડી

વારાણસી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે બે નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપી હતી. આ ટ્રેનો બનારસથી પુણેના હડપસર અને અયોધ્યાથી મુંબઈના લોકમાન્ય ટિળક ટર્મિનસ વચ્ચે દોડશે. ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર વચ્ચે રેલ કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીથી પુણે (હડપસર) અને અયોધ્યાથી મુંબઈ (લોકમાન્ય ટિળક ટર્મિનસ) સુધી બે નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપી હતી.

એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે ઉત્તર પ્રદેશ માટે આ ટ્રેનો મહત્ત્વપૂર્ણ છે કારણ કે વારાણસી અને અયોધ્યા મુખ્ય આધ્યાત્મિક સ્થળો હોવાને કારણે વાર્ષિક લાખો ભક્તો અહીં આવે છે અને મુંબઈ અને પુણે જેવાં મહાનગરો સાથે રેલ કનેક્ટિવિટી વધારવાથી પ્રવાસનને વેગ મળવાની અપેક્ષા છે.

રેલવે મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે બનારસ-હડપસર (પુણે) ટ્રેનથી કાશી વિશ્વનાથ ધામ સુધી પહોંચવામાં સરળતા થશે જ્યારે અયોધ્યા-મુંબઈ વચ્ચે ટ્રેનથી શ્રી રામ મંદિર તીર્થ ક્ષેત્ર સાથે કનેક્ટિવિટીમાં સુધારો કરશે.

આ ટ્રેનો ખાસ કરીને દરરોજ અવરજવર કરતા મુસાફરો, પ્રવાસી કામદારો અને બંને રાજ્યો વચ્ચે મુસાફરી કરતા યાત્રાળુઓને લાભ પહોંચાડશે તેવી અપેક્ષા છે. આ ટ્રેનો સીધી કનેક્ટિવિટી આપશે અને ટ્રેન બદલવાની જરૂરિયાતને દૂર કરશે. મંત્રાલય અનુસાર, અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો સામાન્ય માણસ માટે ડિઝાઇન કરવામાં આવી છે, જે આરામ, સુવિધાનું મિશ્રણ છે.

બનારસથી ઉપડતી આ ટ્રેન ઉત્તર પ્રદેશમાં પ્રયાગરાજ અને ઝાંસી, મધ્ય પ્રદેશમાં ભોપાલ અને મહારાષ્ટ્રમાં મનમાડ અને કોપરગાંવ જેવા મહત્ત્વપૂર્ણ સ્ટેશનો પર ઉભી રહેશે. ■

# હાફિઝ સઈદના નજીકના સાગરીતની ગોળી મારી હત્યા

લાહોર: મુંબઈ આતંકી હુમલાના માસ્ટરમાઈન્ડ આતંકવાદી હાફિઝ સઈદના નજીકના સાથી અને લશ્કર-એ-તૈયબા (એલઈટી)ના સભ્ય શેખ યુસુફ આફ્રિદીની પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વામાં અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી હતી. પોલીસે આ જાણકારી આપી હતી.

આ ઘટના રવિવારે પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદથી લગભગ ૨૫૦ કિ.મી. દૂર ખૈબર ક્ષેત્રમાં બની હતી. પોલીસે એક સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે અજાણ્યા સશસ્ત્ર હુમલાખોરોએ આફ્રિદી પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો જેનાથી તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. કોઈ જૂથે આ હુમલાની જવાબદારી લીધી નથી.

આફ્રિદી પ્રતિબંધિત લશકર-એ-તૈયબાના પ્રાદેશિક માળખામાં એક મહત્ત્વનો વ્યક્તિ હતો. તેની કથિત રીતે ખૈબર પખ્તૂનખ્વામાં આતંકવાદી જૂથની ગતિવિધિઓ માટે ભરતી અને સંકલનમાં પણ ભૂમિકા હતી. સૂત્રએ જણાવ્યું હતું કે, ''આ ઘટનાથી વિસ્તારમાં વ્યાપક આક્રોશ ફેલાયો છે, અને સ્થાનિક અધિકારીઓએ તેની હત્યા માટે જવાબદાર લોકોને પકડવા માટે તપાસ શરૂ કરી છે.'' સઈદના પ્રતિબંધિત સંગઠન જમાત-ઉદ-દાવાના એક પદાધિકારીએ જણાવ્યું હતું કે આફ્રિદી એક જાણીતો ધાર્મિક વિદ્વાન હતો અને તેનો ખૈબરના જાખખેલ જનજાતિ સાથે સંબંધ હતો. તેને અહલે હદીસ (સલાફી) વિચારધારાનો એક પ્રમુખ જાણકાર માનવામાં આવતો હતો. ■

# સેન્સેક્સ ૪૧૭ પોઈન્ટ ગબડ્યો, નિફ્ટી ફરી ૨૪,૦૦૦ની સપાટીની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઇરાન અને યુએસ વચ્ચેના યુદ્ધના ઝડપી ઉકેલની આશા ધૂંધળી થઈ ગઈ હોવાથી ક્રૂડ ઓઇલના ભાવમાં ફરી તીવ્ર ઉછાળો આવતા રોકાણકારોમાં ફરી ફફડાટ ફેલાતાં મંગળવારે સેન્સેક્સ અને નિફ્ટીમાં ૦.૫% સુધીનો ઘટાડો થયો હતો. સેન્સેક્સ ૪૧૭ પોઈન્ટ જેવો ઘટીને ૭૬,૮૮૭ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૯૭ પોઈન્ટ ઘટીને ૨૩,૯૯૬ પર બંધ થયો હતો. વ્યાપક બજારો વધુ સારી કામગીરી બજાવી રહ્યા છે, જેમાં નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ અને નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૪ ટકાના સુધારા સાથે ગ્રીન ઝોનમાં બંધ થયા છે.

એક્સિસ બેન્ક, એચસીએલ ટેક, ઇન્ટરગ્લોબ એવિએશન, મારુતી સુઝુકી, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા અને આઇસીઆઇસીઆઇ બેન્ક સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. જ્યારે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ, ટેક મહિન્દ્રા અને સન ફાર્માનો સૌથી વધુ વધનારા મુખ્ય શેરોમાં સમાવેશ હતો. નિફ્ટીમાં મારુતિ સુઝુકી, એક્સિસ બેંક, એચસીએલ ટેક્નોલોજીસ, શ્રીરામ ફાઇનાન્સ અને ઇન્ટરગ્લોબ એવિએશન ટોચના ઘટનારા શેર હતા. તેનાથી વિપરીત, ઓએનજીસી, કોલ ઇન્ડિયા, નેસ્લે, અદાણી એન્ટરપ્રાઇઝ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરોમાં વધારો જોવા મળ્યો હતો.

એક્સચેન્જના ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ પાછલા સત્રમાં રૂ. ૧૧૫૧.૪૮કરોડના શેર વેચ્યા હતા. ફોરેક્સ માર્કેટમાં અમેરિકન ગ્રીન બેક સામે ભારતીય ચલણ ૪૧ પૈસાના ઘટાડા સાથે રૂ. ૯૪.૫૬ બોલાયું હતું. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૨.૯૭ ટકા ઊછળીને બેરલદીઠ ૧૧૧.૪૦ ડોલર સુધી ઊંચે ગયું હતું. આ રીતે એફઆઇઆઇની એકધારી વેચવાલી, રૂપિયાના મૂલ્યમાં ઘટાડો, ક્રૂડના ભાવમાં ઉછાળો અને વૈશ્વિક નબળા સંકેતને પગલે બજારનું સેન્ટિમેન્ટ ડહોળાયું હતું.

કોલ ઇન્ડિયાએ ચોથા ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યા બાદ તેના શેરમાં પાંચ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. મારુતિ સુઝુકીનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૬.૪૫ ટકા ઘટીને રૂ. ૩,૬૫૯ કરોડ નોંધાયું છે. ધૂત ટ્રાન્સમિશને બેંગ્લુરુની મલ્ટિલિન્ક હસ્તગત કરી છે. બેગમેન ઓફિસ રૂ. ૩૪૦૫ કરોડનો રેઇટ ઇશ્યૂ લાવી રહી છે.

ઇટર્નલના ચોથા ક્વાર્ટરના નફામાં વાર્ષિક ધોરણે ૩૪૬ ટકાનો ઉછાળો નોંધાયો છે. મેકમાય ટ્રીપ અને અદાણી એરપોર્ટ હોલ્ડિંગે ઓનલાઇન ડ્યૂટી ફ્રી પ્રિ-બુકિંગ સર્વિસ માટે ભાગીદારી કરી છે. નિયમનકારી ધોરણોના પાલન માટે એનએસઇએ લગભગ એક ટકા જેટલો હિસ્સો ઇન્ડિયન ગેસ એક્સચેન્જને વેચ્યો છે. એમોઝોન ૧૦૦ શહેરમાં વિસ્તરણ કરશે.

પોલિમર-આધારિત મોલ્ડેડ ઉત્પાદનોના અગ્રણી પ્રમાણિત ઉત્પાદક, મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડ ઇન્ટરમીડિયેટ બલ્ક કન્ટેનર (આઇબીસી) વર્ટિકલમાં પ્રવેશ કરી રહી છે. કંપની નાણાકીય વર્ષ ૨૭ના બીજા ક્વાર્ટરમાં અપેક્ષિત આઇબીસી માટે એક અત્યાધુનિક, સંપૂર્ણ સ્વચાલિત સુવિધા સ્થાપિત કરી રહી છે. આબીસીનો ઉપયોગ જથ્થાબંધ પ્રવાહી, અર્ધ-ઘન પદાર્થો, પેસ્ટ અને ઘન પદાર્થોના સંગ્રહ, પરિવહન અને હેન્ડલિંગ માટે થાય છે.

વ્યાપક બજારોએ બેન્ચમાર્ક કરતાં વધુ સારો દેખાવ કર્યો હતો, જેમાં નિફ્ટી મિડકેપ ઇન્ડેક્સ ૦.૩ ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૪ ટકા વધ્યો હતો. સેક્ટરલ ધોરણે, પીએસયુ બેંક ઇન્ડેક્સ બે ટકા ઘટ્યો, જ્યારે ખાનગી બેંક અને ઓટો ઇન્ડેક્સ પ્રત્યેકમાં એક ટકાનો ઘટાડો હતો. આઇટી ઇન્ડેક્સ ૦.૭ ટકા ઘટ્યો અને રિયલ્ટી ઇન્ડેક્સ ૦.૪ ટકા ઘટ્યો હતો. બીજી તરફ એનર્જી ઇન્ડેક્સ ૧.૨ ટકા, ઓઇલ અને ગેસ ઇન્ડેક્સ ૧.૫ ટકા વધ્યો અને મેટલ ઇન્ડેક્સ ૦.૫ ટકા વધ્યો હતો.

બીએસઇ પર લિસ્ટેડ લગભગ ૧૫૦ શેર તેમવની બાવન સપ્તાહની ટોચે પહોંચ્યા હતા, જેમાં એનએલસી ઇન્ડિયા, વર્ધમાન ટેક્સટાઇલ, કિર્લોસ્કર ઓઇલ, અદાણી પાવર, વેલસ્પન કોર્પ, ગ્લેનમાર્ક ફાર્મા, આરતી ઇન્ડસ્ટ્રીઝ, ટાટા પાવર, પાવર ફાઇનાન્સ, સેઇલ, એનએમડીસી, હોનાસા કન્ઝ્યુમર, એથર એનર્જી, જેએસડબલ્યુ એનર્જી, અદાણી એનર્જી, એચએફસીએલ, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, લોયડ્સ મેટલ્સ, સ્નેડર ઇન્ફ્રા. વગેરેનો સમાવેશ થાય છે.

વ્યક્તિગત શેરોમાં, અદાણી ટોટલ ગેસના શેર મજબૂત ચોથા ક્વાર્ટરના પરિણામો પછી ૨.૭ ટકા વધ્યા હતા. બ્લોક ટ્રેડમાં ૭.૬૫ ટકા ઇક્વિટી હેન્ડ્સ પછી વન મોબિક્વિક સિસ્ટમ્સના શેર લગભગ બે ટકા વધ્યા હતા, જ્યારે કોલ ઇન્ડિયાના શેર, ચોથા ક્વાર્ટરની સારી કમાણીની જાહેરાત બાદ ત્રણ ટકા વધ્યા હતા.

# ક્રૂડતેલના ભાવ ઊછળતા ડૉલર સામે રૂપિયામાં ૫૩ પૈસાનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયાની ભૂરાજકીય અનિશ્ચિતતા વચ્ચે આજે વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં આવેલો ઉછાળો, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતાઈ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી અને માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલીનું દબાણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૫૩ પૈસાના કડાકા સાથે ૯૪.૬૮ની સપાટીએ બંધ રહ્યો હતો. વધુમાં તાજેતરમાં મૂડીગત્ પ્રવાહમાં જોવા મળેલી ભારે ચંચળતા અને આ વર્ષમાં અત્યાર સુધીમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અંદાજે ૧૬ અબજ ડૉલર કરતાં વધુ માત્રામાં વેચવાલી જોવા મળી હોવાથી ચાલુ ખાતાની ખાધમાં તીવ્ર વધારો થવાની ભીતિ સપાટી પર આવી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૧૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૪.૩૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન એક તબક્કે ગબડીને ૯૪.૬૮ના તળિયા સુધી પહોંચ્યા બાદ ઉપરમાં ૯૪.૩૫ની ખૂલતી સપાટી દાખવીને અંતે ૫૩ પૈસા ગબડીને ૯૪.૬૮ના મથાળે સત્રની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં એક પૈસાનો સાધારણ સુધારો આવ્યો હતો. એકંદરે ચોખ્ખા વિદેશી રોકાણનો પ્રવાહ દબાણ હેઠળ રહેવાની સાથે વૈશ્વિક ભૂરાજકીય અનિશ્ચિતતાને કારણે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી, ઈક્વિટીના ઊંચા વેલ્યુએશન્સ અને એઆઈ ક્ષેત્રમાં મજબૂત રોકાણનો અભાવ જેવા કારણોસર રૂપિયો વધુ દબાણ હેઠળ આવી રહ્યો હોવાનું કેરએજનાં ચીફ ઈકોનોમિસ્ટ રજની સિંહાએ જણાવ્યું હતું.

# ખાંડમાં ₹ ચારથી ૨૦ની આગેકૂચ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૦થી ૩૭૫૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ ઉપરાંત રિટેલ સ્તરની માગ પ્રબળ હોવાથી હાજરમાં ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારથી રૂ. ૨૦ની આગેકૂચ જોવા મળી હતી. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો સુધારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ના સુધારા સાથે રૂ. ૩૮૭૨થી ૩૯૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સુધારા સાથે રૂ. ૩૯૮૬થી ૪૦૫૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો સુધારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૫થી ૩૮૫૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૫થી ૩૯૬૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ક્રૂડતેલના ભાવ ઊછળતા વૈશ્વિક સોનું ત્રણ સપ્તાહના તળિયે, ચાંદી ૭૩ ડૉલરની અંદર

# સ્થાનિકમાં ચાંદી ₹ ૭૧૭૯ ગબડી, સોનામાં ₹ ૨૪૦૪ તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ યુદ્ધવિરામ માટેના ઈરાનના પ્રસ્તાવોથી અમેરિકા નાખુશ હોવાના અહેવાલ સાથે શાંતિ મંત્રણાની વાટાઘાટો અટકવાની ભીતિ હેઠળ આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઊછળીને બેરલદીઠ ૧૧૦-૧૧૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહેતાં લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ ઘટીને ત્રણ સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા અને ચાંદીના ભાવ પણ ૩.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૭૩ ડૉલરની અંદર ઉતરી ગયાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૭૧૭૯ ગબડી ગયા હતા અને સોનાના ભાવમાં પણ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૯૫થી ૨૪૦૪નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ચાંદીમાં પીછેહઠ જળવાઈ રહી હતી. તેમ જ ભાવઘટાડાના માહોલમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૧૭૯ના ઘટાડા સાથે રૂ. ૨,૩૬,૫૪૧ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં પીછેહઠ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૯૫ ઘટીને રૂ. ૧,૪૮,૧૮૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૪૦૪ ઘટીને રૂ. ૧,૪૮,૭૮૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારો નવી લેવાલીથી દૂર રહ્યા હતા. તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદ હેઠળ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી પણ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬ ટકા ઘટીને ગત છઠ્ઠી એપ્રિલ પછીની નીચી ઔંસદીઠ ૪૬૦૫.૧૮ ડૉલરની સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૧.૬ ટકા ઘટીને ૪૬૧૯.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૩.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૭૨.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિમંત્રણાની વાટાઘાટોની દિશામાં કોઈ પ્રગતિના સંકેત ન હોવાથી આજે ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું કાર્સ્ટન મેન્કેના વિશ્લેષક જુલિયસ બૅરે જણાવતાં ઉમેર્યું હતું કે બે મહિનાના યુદ્ધનો અંત આણવા માટેના ઈરાનના તાજેતરના પ્રસ્તાવથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ નાખુશ હોવાના અહેવાલથી ક્રૂડતેલના ભાવમાં વધારાની સાથે ફુગાવો વધવાની અને ફુગાવો વધવાને કારણે કેન્દ્રવર્તી બૅન્કો કડક નાણાનીતિ રાખે તેવી ભીતિ સપાટી પર આવતા સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે બૅન્ક ઑફ જાપાને તેની તાજેતરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદર યથાવત્ રાખ્યા હતા, પરંતુ મધ્યપૂર્વના દેશોના વિવાદને કારણે ફુગાવાલક્ષી દબાણની ચિંતા પણ વ્યક્ત કરી હતી. જોકે, આવતીકાલે અમેરિકી ફેડરલ રિઝર્વ બે દિવસીય બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. જોકે, રોકાણકારોની નજર યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક તથા બૅન્ક ઑફ ઈંગ્લેન્ડની નીતિવિષયક બેઠકનાં નિર્ણય પર પણ મંડાયેલી રહેશે.

# ચોક્કસ ધાતુમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીએ પીછેહઠ

મુંબઈઃ પશ્ચિમ એશિયાની ભૂરાજકીય કટોકટીના ઉકેલની અનિશ્ચિતતા વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીનની આગેવાની હેઠળ કોપરની અમુક વેરાઈટીઓ, ઝિન્ક સ્લેબ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૨૭નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર નિકલ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ અને રૂ. બે વધી આવ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. જેમાં મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૭ ઘટીને રૂ. ૪૮૬૩, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૧૩૨૬, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૩૪૫, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૧૮૯, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૮૦ અને કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૧૨૧૧ અને રૂ. ૧૧૧૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર નિકલ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૮૨૮ અને રૂ. બે વધીને રૂ. ૩૦૨ના મથાળે રહ્યા હતા.

# ઇન્ફોસિસના માર્કેટ કેપિટલાઇઝેશનમાં અંદાજે ₹ બે લાખ કરોડનું ધોવાણ

મુંબઇઃ એક સમયે માર્કેટ લીડર ગણાતી ઇન્ફોસિસનું મૂલ્ય નોંધપાત્ર રીતે ઘટી ગયું છે અને તે ભારતની ટોચની ૧૦ કંપનીઓમાંથી બહાર નીકળી ગઈ હોવાનું બજારના અભ્યાસુ જણાવે છે. બજારના સાધનો અનુસાર રોકાણકારો ભવિષ્યના વિકાસ અને ક્લાયન્ટ ખર્ચ અંગે ચિંતિત છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ તકો અને પડકારો બંને રજૂ કરે છે.

આઇટી ક્ષેત્ર એક એવા પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે, જે સ્થાપિત ખેલાડીઓ પર અસર કરી રહ્યું છે. ઇન્ફોસિસ આ વિકસતા બજાર ગતિશીલતા સાથે અનુકૂલન સાધી રહી છે. કંપનીએ આ વર્ષે બજાર મૂલ્યમાં બે લાખ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન નોંધાયું છે અને તે ભારતની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓની યાદીમાંથી બહાર નીકળી ગઈ છે.કંપનીના બજારમૂલ્યનો આ ઘટાડો આગામી સમયમાં વૃદ્ધિ સંભાવના, ક્લાયન્ટ ખર્ચ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની લાંબા ગાળાની અસર અંગે વધતી ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે. કંપનીના તાજેતરના ત્રિમાસિક પરિણામો પછી તેના શેરમાં વેચવાલી વધુ તીવ્ર બની છે.

નાણાકીય પરિણામની જાહેરાત પછી શુક્રવારે એક જ સત્રમાં શેર લગભગ સાત ટકાનો કડાકો બોલાયો હતો, જેના કારણે વર્ષનો ઘટાડો લગભગ ૩૦ ટકા સુધી પહોંચ્યો હતો અને તેનું માર્કેટ કેપિટલાઇઝેશન આશરે રૂ. ૪.૯ લાખ કરોડ જેવું રહ્યું હતું. અલબત્ત આ પછી સોમવારે તેના શેરમાં થોડો સુધારો થયો હતો પરંતુ આજે બુધવારે શેરમાં ફરી ૧.૪૮ ટકાનો ઘટાડો નોંધાયો છે.

ઇન્ફોસીસ લાંબા સમયથી ભારતના આઇટી સેક્ટર અને બ્લુચિપ નિફ્ટી ઇન્ડેક્સ માટે અગ્રણી કંપનીનું સ્થાન ધરાવતી હતી. જોકે, ઉપરોક્ત ઘટાડાએ ચિત્ર પગલી નાંખ્યું છે. હવે ઇન્શ્યોરન્સ ક્ષેત્રની ટોચની કંપની લાઇફ ઇન્શ્યોરન્સ કોર્પ (એલઆઇસી) રૂ. ૫.૧ લાખ કરોડના મૂલ્ય સાથે ટોચની દસ કંપનીની યાદીમાં પ્રવેશી છે. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) પણ ટોચના પાંચ કંપનીઓની યાદીમાંથી બહાર નીકળી ગઈ છે, જે આઇટી શેરોના વ્યાપક ડી-રેટિંગનો સંકેત આપે છે. આઇટી શેરોમાં તાજેતરની વેચવાલી માટે તાત્કાલિક ટ્રિગર નબળી કમાણી નહીં, પરંતુ ભવિષ્ય માટેની નબળી સંભાવનાઓ હતી.

ઇન્ફોસિસે માર્ચ ક્વાર્ટરમાં રૂ. ૪૬,૪૦૨ કરોડની આવક નોંધાવી હતી, જે વાર્ષિક ધોરણે ૧૩ ટકા વધી હતી, જ્યારે ચોખ્ખો નફો વધીને રૂ. ૮,૫૦૧ કરોડ થયો હતો, જે અંદાજ કરતાં વધુ હતો. જોકે, નાણાકીય વર્ષ ૨૭ માટે કંપનીનું ગાઇડન્સ, સ્થિર ચલણમાં ૧.૫૦ ટકાથી ૩.૫૦ ટકા આવક વૃદ્ધિ જાહેર કરવામાં આવ્યું હતું, જે બજારની અપેક્ષાઓ કરતાં ઓછું રહ્યું અને ધીમી વૃદ્ધિનો તબક્કો થોડા સમય માટે રહેવાનો છે તે દૃષ્ટિકોણને મજબૂત બનાવ્યો.

# મથકો પાછળ સિંગતેલમાં વધુ ₹ ૧૫નો ઘટાડો, આયાતી તેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ ત્રણ રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૩૫ સેન્ટ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે માગ નિરસ રહેતાં દેશી-આયાતી તેલના ભાવમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહ્યું હતું. જેમાં ૧૦ કિલોદીઠ આયાતી તેલમાં સોયા રિફાઈન્ડ અને આરબીડી પામોલિનમાં અનુક્રમે રૂ. ૧૦ અને રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ દેશી તેલમાં સિંગતેલ અને સરસવમાં અનુક્રમે રૂ. ૧૫ અને રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૩૦, પતંજલિ ફૂડ્સના કંડલાથી મે મહિનામાં ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૧, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૧૧ અને રૂ. ૧૪૮૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૩૫૦૦ ગૂણીની અને ગઈકાલની શેષ ૧૫૦૦ ગૂણી મળી કુલ ૫૦૦૦ ગૂણીની આવક સામે મણદીઠ ભાવ રૂ. ૧૪૦૦થી ૧૪૮૦ અને રાજકોટ મથકે ૧૨૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૪૭૫માં થયા હતા. તેમ જ આજે ગોંડલ મથકે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦થી ૧૫૭૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૦૦થી ૧૪૦૫માં અને કૉટન રિફાઈન્ડના વેપાર રૂ. ૧૪૫૦માં થયા હતા. આ સિવાય આજે રાજકોટ મથકે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ નિરસ રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૨૫૧૦માં અને લૂઝમાં ૨૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૫૬૫માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશના મથકો પર આજે સોયાસીડની અંદાજે ૫૫,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૮૦૦થી ૬૦૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શતે રૂ. ૫૯૫૦થી ૬૦૭૫માં થયા હતા.

આજે હાજરમાં પાંખાં કામકાજો વચ્ચે દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, સિંગતેલના રૂ. ૧૬૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સરસવના રૂ. ૧૪૭૦ના મથાળે રહ્યા હતા.

## પશ્ચિમ રેલવે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનોની બે જોડીના ફેરા વધારશે

| ટ્રેન નંબર | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | દોડવાના દિવસ | નીચેની તારીખ સુધી વધારાયેલ છે |
|---|---|---|---|
| ૦૯૦૭૫ | મુંબઈ સેન્ટ્રલ – કાઠગોદામ | બુધવાર | ૧૩.૦૫.૨૦૨૬ |
| ૦૯૦૭૬ | કાઠગોદામ – મુંબઈ સેન્ટ્રલ | ગુરુવાર | ૧૪.૦૫.૨૦૨૬ |
| ૦૯૪૪૭ | અમદાવાદ – પટના | બુધવાર | ૧૩.૦૫.૨૦૨૬ |
| ૦૯૪૪૮ | પટના – અમદાવાદ | શુક્રવાર | ૧૫.૦૫.૨૦૨૬ |

સમય, થોભવાના સ્થળો અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપયા મુલાકાત લો. www.enquiry.indianrail.gov.in

ટ્રેન નં. ૦૯૦૭૫ & ૦૯૪૪૭ની વિસ્તૃત ટ્રિપ માટે બુકિંગ ૨૯.૦૪.૨૦૨૬થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરોઃ
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપયા તમામ આરક્ષિત ટિકિટો સાથે અસલ આઈડી પ્રૂફ સાથે રાખશોજી

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ

નં. E.E. (M.)M.W./૪૦૦/મેઈન્ટ. તા. ૨૭/૪/૨૬

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ અંતિમ તારીખ & સમય ટેન્ડર સેક્શન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર.નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧. | ૨૦૨૬_MCGM_ ૧૨૯૮૧૯૬_૧<br>પ્રારંભ તારીખઃ<br>૨૯.૦૪.૨૦૨૬<br>૧૧.૦૦ ક.થી<br>અંતિમ તારીખઃ<br>૦૫-૦૫-૨૦૨૬ ૧૨.૦૦ ક | A.E.(M) W.W. (મેઈન્ટ.), W.S. સાઉથ-II હેઠળ વેરાવલી હિલ જળાશય નં. I & II સ્ટાફ ક્વાર્ટર્સ માટે C.T.S. પ્લાન પર કુલ સ્ટેશન સર્વે (TSS) અને સુપર ઈમ્પોઝિશન હાથ ધરવું. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટની મુલાકાત લો.

સહી/-
E.E. (M.)M.W.

PRO/186/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## પબ્લિક નોટીસ

આથી ખબર આપવામાં આવે છે કે અમારા અસીલના માટે અને વતી, અમો નીચેનામાં શ્રીમતી શિરીન દારિયસ શ્રોફ [''માલિક'']ના ટાઈટલની તપાસ કરી રહ્યા છેઃ (a) ઓવલ કો-ઓપરેટિવ હા. સો. લિ. [''સોસાયટી''] દ્વારા ઈશ્યૂ કરાયેલ તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૬ના શેર સર્ટિફિકેટ નં. ૧૪માં સમાવિષ્ટ વિશિષ્ટ નં. ૬૧ થી ૬૫ (બંને સહિત) ધરાવતા દરેક રૂ. ૫૦/-ના મૂળ કિંમતના પાંચ ફૂલ્લી પેઈડ-અપ શેર્સ [''શેર્સ'']; (b) ૧૦૯, ચર્ચગેટ રિક્લેમેશન, મુંબઈ-૨૦ ખાતે આવેલ જમીન [''જમીન'']ના તે તમામ ટુકડા અને કકડા પર બંધાયેલ ''રાજેશ મેન્શન'' તરીકે જાણીતી બિલ્ડિંગ [''બિલ્ડિંગ'']ના ૩જા માળ પર ફ્લેટ નં. ૭A; અને (c) બિલ્ડિંગના કમ્પાઉન્ડમાં પશ્ચિમ બાજુમાં એક ગેરેજ [''ગેરેજ'']. શેર્સ, ફ્લેટ અને ગેરેજ અહીં પાછળથી સંયુક્ત રીતે ''મિલકત'' તરીકે ઉલ્લેખેલ છે.

કોઈપણ શખ્સ/સો જે મિલકત કે તેના કોઈપણ ભાગની બાબતમાં કે તે પર કે તેમાં વેચાણ, ટ્રાન્સફર, એસાઈમેન્ટ, અદલાબદલી, ફાળવણી, ચાર્જ, બોજા, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લિઝ, સબ-લિઝ, લાયસન્સ, ગીરો, વારસો, વ્યવસાય, કબજો, હિસ્સો, ભેટ, ડિમાઈઝ, લિઅન, જાળવણી, બિક્વેસ્ટ, ઈઝમેન્ટ, ટ્રસ્ટ, મુનીમેન્ટ, કોવેનન્ટ, ઈઝમેન્ટ, રિલિઝ, રીલીન્ક્વીશમેન્ટ અથવા કોઈપણ કરાર દ્વારા અન્ય કોઈપણ પદ્ધતિ, ડિડ, દસ્તાવેજ, લખાણ, કન્વેયન્સ ડિડ, ડિવાઈઝ, બિક્વેસ્ટ, સક્સેશન, કુટુંબ વ્યવસ્થા/પતાવટ, લિટિગેશન, કાયદાની કોઈપણ કોર્ટની ડિક્રી કે ઓર્ડર, કોન્ટ્રાક્ટ્સ/ એગ્રીમેન્ટ્સ કે બીજી કોઈપણ રીતે કોઈપણ હિસ્સો, હક્ક, ટાઈટલ, એસ્ટેટ, હિત, દાવો, વાંધો અને/અથવા માંગણી ધરાવતા હોય તો અથવા માલિક સામે અન્ય કોઈપણ દાવો ધરાવતા હોય તો, આથી સદરની જાણ લેખિતમાં તેના સંબંધમાં સંબંધિત દસ્તાવેજી પુરાવા સાથે, નીચે સહી કરનારને અમારી ઓફિસ ખાતે ૨જો માળ, N.M. વાડિયા બિલ્ડિંગ, ૧૨૩ M.G. રોડ, ફોર્ટ, મુંબઈ ૪૦૦૦૦૧ ખાતે આ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા શખ્સ/સોના આવા કોઈપણ કથિત હિસ્સો, હક્ક, ટાઈટલ, બેનિફિટ, હિત, દાવો, વાંધો અને/ અથવા માંગણી, જો કોઈ હોય તો સદરને કોઈપણ સૂચના અથવા સંદર્ભ વિના ત્યજી દીધેલ અને/ અથવા છોડી દીધેલ તરીકે ગણવામાં આવશે અને કોઈપણ સંજોગોમાં, અમારા અસીલ પર કોઈપણ રીતે બંધનકર્તા રહેશે નહીં.

**આજ તારીખ ૨૯મી એપ્રિલ ૨૦૨૬**

**વાડિયા ગાંધી એન્ડ કું.**
સહી/-
Ms. બિંદી દવે
પાર્ટનર

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પબ્લિક નોટીસ

આથી ખબર આપવામાં આવે છે કે અમોને માલિકોની માલીકીની અહીં દર્શાવેલ મિલકત (''મિલકત'')ની બાબતમાં ટાઈટલ તપાસ કરવા માટે કંપનીઝ એક્ટ ૧૯૫૬ (CIN: U82990MH1972PTC016002) હેઠળ નોંધાયેલ એક કંપની M/s. પેફુર્સ ઈન્વેસ્ટમેન્ટ હોલ્ડિંગ્સ પ્રા. લિ. દ્વારા સૂચના આપવામાં આવી છે.

બધી વ્યક્તિઓ/સંસ્થાઓ ઈન્ટરએલીઆ કોઈ પણ બેંક અને/અથવા નાણાંકીય સંસ્થા અને/અથવા કોઈ પણ ઓથોરીટી સહિત જે સદર મિલકત કે તેના કોઈપણ ભાગની બાબતમાં વેચાણ, ટ્રાન્સફર, અદલાબદલી, લીઝ, સબ-લીઝ, સોંપણી, મોર્ગેજ, ચાર્જ, લીઅન, વારસો, વસિયત, ઉત્તરાધિકાર, જાળવણી, ભેટ, ઈઝમેન્ટ, ટ્રસ્ટ, ભાડૂઆત, પેટા-ભાડૂઆત, લીવ એન્ડ લાયસન્સ, કેરટેકર આધારે, કબજો, ભોગવટો, કૌટુંબિક વ્યવસ્થા/સમાધાન, કાયદાની કોઈપણ કોર્ટના ડીક્રી કે ઓર્ડર, કોન્ટ્રાક્ટસ/કરારો, ભાગીદારી, કોઈ લખાણ અને/અથવા વ્યવસ્થા કે અન્યથા કોઈપણ રીતે કોઈપણ દાવો, વાંધો, હક્ક, ટાઈટલ, બેનીફીટ, હિત, હિસ્સો અને કે કોઈપણ પ્રકારની માગણી ધરાવતા હોય તો સદરની જાણ લેખિતમાં સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે, નીચે સહી કરનારને તેમની ઓફિસ રાજા બહાદુર મેન્શન, બીજો માળ, ૨૦, અંબાલાલ દોશી માર્ગ, ફોર્ટ, મુંબઈઃ ૪૦૦૦૨૩ ખાતે આ તારીખથી ૧૪ દિવસની અંદર જાહેર કરવું જરૂરી છે, જેના નિષ્ફળ જવાથી સદર મિલકતમાં આવા કોઈપણ હક્ક, ટાઈટલ, લાભ, હિત, દાવા અને/અથવા માગણી હશે તો તેને ત્યજી દેવાયેલ, રીલીઝ કરેલ, ત્યાગ કરેલ અને/અથવા છોડી દીધેલ તરીકે માનવામાં આવશે અને સદર મિલકતની બાબતમાં આવા કોઈ હક્ક, ટાઈટલ, લાભ, હિત, દાવા અને/અથવા માગણી અસ્તિત્વ ધરાવતાં નથી એમ માનવામાં આવશે.

**પરિશિષ્ટ**
**(મિલકતનું વર્ણન)**

મ્યુનિસિપલ રેટ્સ અને ટેક્સ, H વોર્ડ નં. ૧૧૪૯, ૧૧૫૦ અને ૧૧૫૧, સ્ટ્રીટ નં. ૩૯, ૩૯A અને ૩૯B, માઉન્ટ મેરી રોડના એસેસર અને કલેક્ટર દ્વારા આકારણી કરાયેલ અને સિટી સર્વે નં. B/૭૮૪ થી B/૭૯૦ અને કલેક્ટર્સ નં. NA. ૨૧૭-B હેઠળ મુંબઈના કલેક્ટરના ચોપડામાં બાંદ્રા ખાતે H.K. ભાભા રોડના પૂર્વમાં અને ખાતે આવેલ ''સિસ્ટર બંગ્લોઝ'' તરીકે જાણીતા અને તેની પર ઉભેલ અમલા, ઘરો, ટેનામેન્ટસ/ ડવેલીંગ હાઉસીઝ સાથે ભરતમાં ૧૮૭૯.૬ ચો.મી. (૨૨૪૮ ચો. વાર) કે તે સૂમારે જમીનનો તે તમામ પ્લોટ અને જે નીચે પ્રમાણે ઘેરાયેલ છેઃ-

(i) પૂર્વ તરફઃ CTS નં. ૮૧૬થી,
(ii) પશ્ચિમ તરફઃ હોર્મુસજી ખુર્સેદજી ભાભા રોડ દ્વારા;
(iii) દક્ષિણ તરફઃ CTS નં. ૭૮૧થી,
(iv) ઉત્તર તરફઃ CTS નં. ૭૯૫ અને ૭૯૬ દ્વારા

આજ તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૨૬

વિનોદ મિસ્ત્રી એન્ડ કું. વતી
સહી/-
(વિનોદ બી. મિસ્ત્રી)
એડવોકેટ્સ એન્ડ સોલિસીટર્સ




## મીરા રોડનો પહલગામ સ્ટાઈલ હુમલો

# આતંકવાદી સંગઠન માટેની એન્ટ્રન્સ ટેસ્ટ હતી?

*યોગેશ સી પટેલ*

મુંબઈઃ મીરા રોડમાં ધર્મ પૂછીને અને કલમા પઢવાનું કહીને બન્ને વૉચમેન પર હુમલો કરવા પાછળની આરોપી અન્સારીની મકસદ આતંકવાદી સંગઠનમાં જોડાવાની હતી, એવું તેના ઘરમાંથી મળેલા દસ્તાવેજો પરથી ફલિત થાય છે. હિંસક જેહાદ આવા સંગઠનમાં જોડાવાની પરીક્ષા હોવાનું તે માનતો હતો. જોકે અન્સારી આતંકી સંગઠન સાથે કનેક્શન ધરાવતો હોવાના કોઈ પુરાવા હાલ એટીએસને મળ્યા નથી, પણ તેના ઇરાદાની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

નિર્માણાધીન ઈમારતના બન્ને સિક્યોરિટી ગાર્ડ્સ પર હુમલાના કેસમાં નયા નગર પોલીસે આરોપી ઝૈબ ઝુબેર અન્સારી (૩૧)ની ધરપકડ કરી ત્યારે તેના ફ્લૅટમાંથી વાંધાજનક દસ્તાવેજો મળ્યા હતા, જેને પગલે તપાસ એટીએસને સોંપાઈ હતી. એટીએસે ફ્લૅટમાં સર્ચ કરીને કુરાનની ત્રણ નકલ, લૅપટોપ, અમુક કાગળિયા અને આરોપીનો મોબાઈલ ફોન હસ્તગત કર્યો હતો.

એટીએસના સૂત્રોએ જણાવ્યું હતું કે આરોપીએ તેના મોબાઈલને ફોરમેટ કરી નાખ્યો હતો. ડિલિટ કરેલા ડેટા પાછા મેળવવા માટે ફોરેન્સિકની મદદ લેવામાં આવશે. આરોપી પાસેથી જપ્ત કરાયેલા લૅપટોપની પણ તપાસ કરવામાં આવી રહી છે. અન્સારી કોઈ આતંકી સંગઠન સાથે સંબંધ ધરાવે છે કે કેમ અથવા તેનો કોઈ સાથી હોય તો તેની માહિતી લૅપટોપની મદદથી શોધવામાં આવી રહી છે.

અન્સારી પાસેથી મળી આવેલા દસ્તાવેજોમાંના અમુક કાગળિયા તે કટ્ટરપંથી બનવા તરફ આગળ વધ્યો હોવાનું પુરવાર કરે છે. આ કાગળિયામાં આઈએસઆઈએસ, જેહાદ અને ગાઝા સંબંધી લખાણ હોવાનું કહેવાય છે. કાગળ પરનું લખાણ અન્સારીનું હોવાનું પ્રથમદર્શી જણાય છે. એક કાગળમાંના લખાણમાં હિંસક જેહાદને આતંકવાદી સંગઠનમાં જોડાવા માટેનું પહેલું પગથિયું ગણાવ્યું છે. આ માટે અન્ય ધર્મની વ્યક્તિ પર હુમલો કરવાનો ઉલ્લેખ કાગળમાં છે અને એટલે જ તેણે હિન્દુ વૉચમેન પર હુમલો કર્યો હોવાનું માનવામાં આવે છે, એવું પોલીસ સૂત્રોનું

(જુઓ પાનું ૪) ▸▸

# ન કોઈની મદદ, ન કોઈની ઉશ્કેરણી એકલા હાથે જ આતંકવાદી અટૅકને અંજામ

## ‘લૉન વૂલ્ફ’ આતંકવાદી અન્સારી પરિવાર સાથે અમેરિકા રહી આવ્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાની જેમ મીરા રોડમાં ધર્મ પૂછીને અને કલમા પઢવાનું કહીને હિન્દુ સિક્યોરિટી ગાર્ડ્સ પર કરવામાં આવેલો હુમલો ‘લૉન વૂલ્ફ અટૅક’ હોવાનું મહારાષ્ટ્ર ઍન્ટિ ટેરરિઝમ સ્ક્વૉડ (એટીએસ)નું કહેવું છે. ઉચ્ચ શિક્ષિત આરોપી અન્સારી તેના પરિવાર સાથે અમેરિકા રહી આવ્યો હતો અને કોઈની મદદ કે ઉશ્કેરણી વિના માત્ર ઑનલાઈન કટ્ટરપંથી બનીને તેણે આ અટૅકને અંજામ આપ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં

(જુઓ પાનું ૪) ▸▸

## જેહાદના નામે હુમલાખોર અન્ય ધર્મોના લોકો પર હુમલો કરવા માગતો હતોઃ ફડણવીસ

મુંબઈઃ મુંબઈના મીરા રોડ વિસ્તારમાં એક વ્યક્તિ દ્વારા સુરક્ષા ગાર્ડ પર હુમલો કરવાની ઘટના પ્રકાશમાં આવી છે. રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ મામલે સોલાપુરમાં મીડિયા સાથે વાતચીત કરતી વખતે છરીથી હુમલો કરનાર વ્યક્તિ કટ્ટરપંથી હોવાની શંકા વ્યક્ત કરી હતી. ફડણવીસે

(જુઓ પાનું ૪) ▸▸

# પાંચ કરોડ રૂપિયા ન મળે તો રેલવે સ્ટેશનો પર શ્રેણીબદ્ધ બૉમ્બધડાકાની ધમકી

મુંબઈઃ પાંચ કરોડ રૂપિયા આપવામાં ન આવે તો અમુક રેલવે સ્ટેશનો અને આર્મી ઑફિસમાં શ્રેણીબદ્ધ બૉમ્બધડાકા કરવાની ધમકી આપતો કૉલ મુંબઈ રેલવે પોલીસના મુખ્ય કન્ટ્રોલ રૂમને આવ્યો હતો. જોકે મહત્ત્વનાં રેલવે સ્ટેશનો પર સઘન તપાસ કરવા છતાં કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતાં ધમકી અફવા સાબિત થઈ હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ શખસે કયાં રેલવે સ્ટેશનો અને લશ્કરની ઑફિસને ટાર્ગેટ કરીને ધમકી આપી હતી તે સ્પષ્ટ થયું નહોતું. ધમકીભર્યો કૉલ કરનારા શખસે

(જુઓ પાનું ૪) ▸▸















# ભાજપે વિધાન પરિષદની ચૂંટણી માટે ૬ ઉમેદવારોની જાહેરાત કરી

## પાંચ નિયમિત બેઠકો અને એક પેટા-ચૂંટણી બેઠક માટે ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપે મહારાષ્ટ્ર વિધાન પરિષદની નવ ખાલી નિયમિત બેઠકો અને એક પેટા-ચૂંટણી માટે કુલ છ ઉમેદવારોની જાહેરાત કરી છે. પક્ષની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ આ નામોને મંજૂરી આપી છે.

ભાજપે ૨૦૨૬ની દ્વિવાર્ષિક વિધાન પરિષદની ચૂંટણી માટે ઉમેદવારો તરીકે સુનિલ કરજતકર, માધવી નાઈક, સંજય ભેંડે, વિવેક કોલ્હે અને પ્રમોદ જઠારના નામની જાહેરાત કરી છે. વધુમાં, ભાજપે વિધાન પરિષદની પેટા-ચૂંટણી માટે ડૉ. પ્રજ્ઞા સાતવને નામાંકિત કર્યા છે.

પાર્ટી દ્વારા જણાવાયું છે કે કેન્દ્રીય નેતૃત્વની મંજૂરી બાદ તમામ નામોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ જાહેરાત સાથે, આગામી વિધાન પરિષદની ચૂંટણી માટે રાજ્યમાં રાજકીય ગતિવિધિઓ તેજ થવાની ધારણા છે.

**મહાગઠબંધન (મહાગઠબંધન) સમીકરણો સ્પષ્ટ**

ભાજપે પાંચ ઉમેદવારોની જાહેરાત કર્યા પછી, એ લગભગ નિશ્ચિત છે કે શિંદે જૂથના શિવસેના બે બેઠકો પર અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (અજીત પવાર જૂથ) એક બેઠક પર ઉમેદવારો ઊભા રાખશે. જોકે, મહા વિકાસ આઘાડી (એમવીએ)એ હજુ સુધી કોઈ સ્પષ્ટ ઉમેદવાર જાહેર કર્યો નથી. ■

## ખોરાકી ઝેરની અસરથી પરિવારના ચાર સભ્યનાં મોત

# ભોજનના નમૂના, વિસેરા કેમિકલ એનેલિસિસ માટે લેબોરેટરીમાં મોકલાયા

મુંબઈઃ દક્ષિણ મુંબઈના જે.જે. માર્ગ વિસ્તારમાં ખોરાકી ઝેરની અસરથી મૃત્યુ પામેલા પરિવારના ચાર સભ્યએ ખાધેલી બિરયાની, કલિંગર તથા અન્ય ખાદ્યપદાર્થના નમૂના કેમિકલ એનાલિસિસ માટે મોકલી આપવામાં આવ્યા હતા.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ઇસ્માઇલ કુર્તે રોડ પર ઘારી મોહલ્લામાં રહેનારા ડોકાડિયા પરિવારે શનિવારે રાતે પારિવારિક સમારંભ યોજ્યો હોવાથી મહેમાનો પણ હાજર રહ્યા હતા. તમામ લોકોએ બિરયાની ખાધી હતી અને મહેમાનો જતા રહ્યા બાદ મોડી રાતે એક વાગ્યાની આસપાસ ડોકાડિયા પરિવારે કલિંગર ખાધું હતું.

રવિવારે વહેલી સવારે અબ્દુલ્લા ડોકાડિયા (૪૦), તેની પત્ની નસરીન (૩૫) અને બંને દીકરી આયેશા (૧૬) તથા ઝૈનબ (૧૩)ને ઊલટી અને ઝાડા થવા લાગ્યા હતા. આથી તેમને ત્વરિત નજીકની હૉસ્પિટલમાં લઇ જવાયાં હતાં અને બાદમાં તેમને જે. જે.

(જુઓ પાનું ૪) ▸▸

## ગ્રાહકો હવે તરબૂચ ખરીદતા ગભરાય છે, માગ ઘટી

થાણેઃ મુંબઈના પાયધુની વિસ્તારમાં બિરિયાની ખાધા પછી તરબૂચ ખાવાથી એક જ પરિવારના ચાર સભ્યોના મૃત્યુ થયા હોવાની એક ચોંકાવનારી ઘટના બહાર આવી છે. પ્રારંભિક અંદાજ મુજબ ફૂડ પોઇઝનિંગ થયું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અલબત્ત મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ નથી. જો કે, આ ઘટના પછી, તરબૂચની માંગમાં ઘટાડો થતા એની અસર વેપારીઓ અને ખેડૂતો પર પડી રહી છે.

દોકડિયા પરિવાર મુંબઈના પાયધુની વિસ્તારમાં રહેતો હતો. શનિવારે રાત્રે બધાએ બિરિયાની ખાધા પછી તરબૂચ ખાધું. રવિવારે સવારે તબિયત બગડતા તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું. ત્યારબાદ સોશિયલ મીડિયા અને મીડિયામાં એવી વાત ફરતી થઈ કે તરબૂચ ખાધા પછી ચારેયના મોત થયા છે. આ સમાચારે બધે ગભરાટ ફેલાવી દીધો છે. તરબૂચ ખાવું કે નહીં તે પ્રશ્ન સૌની સામે ઉભો થયો છે. આ ઘટના પછી તરબૂચની માગમાં ભારે ઘટાડો થયો છે.

વાશી કૃષિ ઉત્પાદન બજાર સમિતિમાં ૮૦ થી ૧૦૦ ગાડીઓ તરબૂચ આવે છે. થાણે, નવી મુંબઈ અને નજીકના શહેરોના છૂટક વેપારીઓ આ બજારમાંથી તરબૂચ ખરીદવા આવે છે. બધા તરબૂચ દિવસ દરમિયાન વેચાઈ જાય છે. જોકે, મુંબઈના પાયધુની વિસ્તારમાં બનેલી ઘટના બાદ તરબૂચની માગમાં ભારે ઘટાડો થયો છે. છૂટક તરબૂચ વેચનારાઓ અને બજાર સમિતિમાંથી સીધા ખરીદવા આવતા ગ્રાહકો તરબૂચ નથી ખરીદી રહ્યા. ■

## મહાયુતિમાં અણબનાવ?

# ફડણવીસ સરકારે શિંદે દ્વારા મંજૂર ૧૧ તળાવ સંરક્ષણ પ્રોજેક્ટ રદ કર્યા

## પૈસા વસૂલવાનો આદેશ પણ આપ્યો હોવાથી રાજકીય વર્તુળોમાં અનેક તર્કવિતર્ક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપના પ્રધાન પંકજા મુંડેના નેતૃત્વ હેઠળના પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગે ૧૪ તળાવ સંરક્ષણ પ્રોજેક્ટ્સની વહીવટી મંજૂરી રદ કરી હોવાથી સનસનાટી ફેલાઈ ગઈ છે. આ પ્રોજેક્ટ્સ અગાઉની સરકારના કાર્યકાળ દરમિયાન મંજૂર કરવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ્સમાં એકનાથ શિંદે મુખ્ય પ્રધાન હતા ત્યારે મંજૂર કરાયેલા ૧૧ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે અને તેમની પાસે સંબંધિત ખાતું પણ હતું. આ પ્રોજેક્ટ્સ માટે વિતરિત કરવામાં આવેલું ભંડોળ વ્યાજ સાથે વસૂલવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. ૧૪માંથી ૧૧ પ્રોજેક્ટ્સ એકનાથ શિંદેના મુખ્ય પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન મંજૂર કરવામાં આવ્યા હતા, જ્યારે ૩ પ્રોજેક્ટ્સ મહા વિકાસ આઘાડી સરકારના કાર્યકાળ દરમિયાન મંજૂર કરવામાં આવ્યા હતા જ્યારે આ ખાતું આદિત્ય ઠાકરે પાસે હતું. આ કારણે, રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે ભાજપે તેના સાથી એકનાથ શિંદે દ્વારા લેવામાં આવેલા નિર્ણયને ઉલટાવીને સંદેશો આપવાનો પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત વસૂલાતનો પણ આદેશ

(જુઓ પાનું ૪) ▸▸

## પ્રોજેક્ટ્સ રદ કરવાનું કારણ શું છે?

૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સ્ટીયરિંગ કમિટીની બેઠક મળી હતી. આ બેઠકમાં તળાવ સંરક્ષણ અંગે લેવામાં આવેલા નિર્ણયોની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં જાણવા મળ્યું હતું કે ‘રાજ્ય તળાવ સંરક્ષણ યોજના’ની માર્ગદર્શિકા મુજબ પાંચ તળાવ સંરક્ષણ દરખાસ્તો તૈયાર કરવામાં આવી ન હતી. ઉપરાંત, નવ અન્ય પ્રોજેક્ટ્સના કિસ્સામાં, એવું જાણવા મળ્યું હતું કે પ્રથમ અરજી સબમિટ થયાને બે વર્ષથી વધુ સમય વીતી ગયો હતો, પરંતુ સંબંધિત સુધારેલા પ્રોજેક્ટ રિપોર્ટ્સ સબમિટ કરવામાં આવ્યા ન હતા. આ ભૂલોને કારણે, ભાજપ સરકારે અગાઉની સરકાર દરમિયાન મંજૂર કરાયેલા ૧૪ પ્રોજેક્ટ્સ રદ કર્યા છે. આ બાબતે પંકજા મુંડેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ જવાબ મળ્યો નહોતો.

# ફરજિયાત મરાઠીનું મીટર ડાઉન, પણ નિયમોનું ઉલ્લંઘન કરનારા રિક્ષા-ટેક્સીચાલકોનાં લાઇસન્સ રદ કરાશે

મુંબઇ : સરકારે પહેલી મે, મહારાષ્ટ્ર દિવસથી મુંબઈમાં ટેક્સી અને ઓટો રિક્ષા ચાલકો માટે મરાઠી ફરજિયાત કરવાના નિર્ણયથી અચાનક પીછેહઠ કરી છે. શિંદે સેના પણ આ ફરજનો વિરોધ કરી રહી હતી. જો મરાઠીને ફરજિયાત બનાવવી જ હતી, તો સરકારે છ મહિનાની સમયમર્યાદા અગાઉથી કેમ ન આપી, એવો વિપક્ષનો આરોપ છે. મરાઠી ફરજિયાત કરવાની બાબતમાં કોણે કાચું બાફ્યું? આ અંગે હવે રાજકારણ ગરમાયું છે.

મુંબઈમાં ઓટો અને ટેક્સી ડ્રાઇવરો માટે મરાઠી ભાષાનું જ્ઞાન ફરજિયાત બનાવવાની સમયમર્યાદા લંબાવવામાં આવી છે. સમયમર્યાદા લંબાવવા અંગે સકારાત્મક ચર્ચા થઈ છે. પરિવહન વિભાગની મંગળવારની બેઠકમાં વાહન પરમિટની મુદત લંબાવવા અંગે સકારાત્મક ચર્ચા થઈ હોવાની પ્રાથમિક માહિતી બહાર આવી રહી છે. પહેલી મેથી પરમિટ રદ કરવામાં આવશે નહીં. સૂત્રોના જણાવ્યા

(જુઓ પાનું ૪) ▸▸

# મંત્રાલયમાં પાણીની ટાંકીમાં બિલાડી પડી?: પીડબ્લ્યુડીએ દાવો નકાર્યો

મુંબઈઃ મહારાષ્ટ્ર પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (પીડબ્લ્યુડી)એ મંગળવારે એવી સ્પષ્ટતા કરી હતી કે રાજ્ય સચિવાલય, મંત્રાલયમાં પીવાના પાણીની ટાંકીમાં એક બિલાડી પડી ગઈ અને તેનું મૃત્યુ થયું હોવાનો સંદેશ ‘સંપૂર્ણપણે ખોટો’ છે.

વિભાગે એક સંદેશમાં જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને મંત્રાલયના કર્મચારીઓના વોટ્સએપ ગ્રુપ પર એક સંદેશ ફરતો થઈ રહ્યો હતો કે એક બિલાડી પાણીની ટાંકીમાં પડી ગઈ અને તેનું મૃત્યુ થયું. ‘છેલ્લા કેટલાક દિવસોમાં મુખ્ય અને વિસ્તૃત ઇમારતોના ટેરેસ પરની બધી પાણીની ટાંકીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ૧૦ થી ૧૨ ફૂટ ઊંચા ટાંકીઓને ભારે લોખંડના

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**